بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૨૦**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૭, અંક : ૦૨, સળંગ અંક : ૧૯૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | સબ્ર અને ખૌફે ખુદા અપનાવો | 04 |
| 02 | દરગુઝરવાળા બનો દુનિયા તમારી થઈ જશે ! | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 05 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 06 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 19 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઈબ્રાહીમ અદહમ | 22 |
| 08 | જાદૂની હક઼ીક઼ત તથા તેનો ઈલાજ | 24 |
| 09 | જન્નત નિશાન જમ્મુ કાશ્મીર | 28 |
| 10 | અલ્લાહ પાકની નેઅમત 'આંખ' | 32 |
| 11 | CAA એટલે સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૯ | 41 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


## કરમ મુઝ પર ભી બસ ઈતના મેરે સરકાર હો જાએ

કરમ મુઝ પર ભી બસ ઈતના મેરે સરકાર હો જાએ
ભંવર મેં હૈ ફસાં મેરા સફીના પાર હો જાએ

તમન્ના હૈ મેરી ઈતની કે મરતે વક઼્ત બાલીં પર
રસૂલુલ્લાહ કા યા રબ મુઝે દીદાર હો જાએ

તુમ્હી તો શાફએ મેહશર દુઆ સુન લો ગરીબોં કી
કે ઉમ્મત કે ગુનહગારોં કા બેળા પાર હો જાએ

રહે મેહશર હમારે વાસ્તે આસાન હો આક઼ા
વહાબી કે લિયે યે રાહ ભી દુશ્વાર હો જાએ

મિલેં સુન્ની કો ઈશ્કે઼ અહમદ કી લઝ્ઝતેં યા રબ
વહાબી ઈશ્કે઼ શૈતાં મેં મગર બીમાર હો જાએ

હમેં દોનોં જહાંમેં ઐ ખુદા તૂ ઈઝ્ઝતેં દેના મગર વો
દેવ કા બંદા ઝલીલો ખ્વાર હો જાએ

યહી હૈ આરઝૂ આક઼ા બુલાલો અબ મદીને મેં
મઝારે પાક કા **'નઝ્મી'** કો ભી દીદાર હો જાએ

નઝ્મ **સૈયદ હસ્નૈનમિયાં નઝ્મી મારહરવી** رحمۃ اللہ علیہ

# સબ્ર અને ખૌફે ખુદા અપનાવો

*અત્યારે મુસલમાન બેચેન છે, ગમોમાં સપડાયેલો છે અને તેમનામાં મૂંઝવણ સાફ જણાય રહી છે. પરંતુ આપણે આપણી તકલીફોના નિવારણ માટે અલ્લાહ ﷻની તરફ પલટીએ તો અલ્લાહ કરમની નઝર ફર્માવશે.*

કુર્આને મુકદ્દસ અલ્લાહ ﷻની એ મુકદ્દસ કિતાબ છે જેમાં દરેક સમય માટે માર્ગદર્શન આપેલ છે. જમાનો કેવો પણ હોય, હાલાત કેટલાય કઠિન કેમ ન હોય, જો ઈન્સાન કુર્આને મુકદ્દસની તિલાવત કરે અને તેમાં વિચારણા કરે તો તેને અલ્લાહ ﷻ તરફથી માર્ગદર્શન મળી જાય છે. અત્યારના સમયે મુસલમાન એ વિચારી રહ્યો છે કે આપણે શું કરવું જોઈએ જેથી ગૈરોના હુમલાઓ અને દુશ્મનોની ચાલોથી બચી શકીએ કુર્આને મુકદ્દસમાં આપણા બધાનો ખાલિક અને માલિક રબ ઈર્શાદ ફર્માવે છે :

وَ اِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا لَا یَضُرُّكُمْ كَیْدُهُمْ شَیْــٴًـا ؕ اِنَّ اللّٰهَ بِمَا یَعْمَلُوْنَ مُحِیْطٌ

"અને જો તમે સબ્ર અને પરહેઝગારી કરતા રહો તો તેમનો દાવ તમારું કાંઈ પણ બગાડી શકશે નહીં બેશક ! તેમના બધાં કામો ખુદાના ઘેરામાં છે."

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૨૦, કન્ઝુલ ઈમાન)*

સબર અને પરહેઝગારીમાં અલ્લાહ તઆલાએ એટલી તાકાત રાખી છે કે સબરના બદલામાં અલ્લાહ ﷻની રહમતનો સાથ મળી જાય છે. જેમ કે તેણે ફર્માવ્યું, اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِیْنَ "સબ્રવાળાઓ સાથે અલ્લાહ છે." *(સૂ. બકરહ, ૨/૧૫૩, કન્ઝુલ ઈમાન)* અને તકવો કરવાવાળાઓ સાથે પણ અલ્લાહ ﷻની મદદનો સાથ છે. જેમ કે તેણે ફર્માવ્યું : اِنَّ اللّٰهَ مَعَ الَّذِیْنَ اتَّقَوْا وَّ الَّذِیْنَ هُمْ مُّحْسِنُوْنَ

"બેશક ! અલ્લાહ તેમની સાથે છે જેઓ ડરે છે અને જેઓ નેકીઓ કરે છે." *(સૂ. નહલ, ૧૬/૧૨૮, કન્ઝુલ ઈમાન)*

આપણે જોઈ રહ્યા છીએ કે વર્તમાનકાળમાં મુસલમાન અવાજ બુલંદ કરી રહ્યા છે, મુસલમાન ગમગીન છે, ગમોમાં ડૂબેલા છે. ઈસ્લામના માનવાવાળાઓમાં મૂંઝવણ ફેલાયેલી છે. અને મુસલમાનોમાં દુ:ખ તથા ચિંતા સાફ જોવાઈ રહી છે પરંતુ જો આપણે આપણી પરેશાનીઓના નિકાલ માટે અલ્લાહ ﷻની તરફ પલટીએ અને કુર્આને બતાવેલ નુસ્ખા પર અમલ કરીએ તો જેવી રીતે આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) પર અલ્લાહ તઆલાએ કરમની નજર ફર્માવી હતી તેવી જ આપણી ઉપર પણ કરમની નજર ફર્માવશે. **આ મૌકા પર તમામ મુસલમાનોથી મારો સવાલ છે કે શું આપણે આજના ખરાબ માહોલમાં ગુનાહોને છોડયા ? અને શું તેને છોડવાનો પાકો ઈરાદો કર્યો ? તેનો જવાબ સામાન્યતઃ નકારમાં હશે !** ઘણા મુસલમાનો દુરૂદ શરીફ અને આયતે કરીમાનો વિર્દ કરી રહ્યા છે જે ખરેખર બરકતવાળુ છે, પરંતુ **વર્તમાન સમયે આપણે ગુનાહને છોડવા પર વધારે ધ્યાન આપવાની જરૂરત છે.** આપણે અલ્લાહની બારગાહમાં સબર અને પરહેઝગારીની ભીખ માગીએ. અલ્લાહ તઆલા સબ્રને કારણે બેહિસાબ બદલો આપે છે. અલ્લાહ તઆલાએ સબ્રની તલ્કીન મુસીબતના સમયમાં આપણા મહાન નબી ﷺને પણ ફર્માવી :

فَاصْبِرْ كَمَا صَبَرَ اُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ وَ لَا تَسْتَعْجِلْ لَّهُمْ ؕ

"તો તમે સબ્ર કરો જેવી રીતે હિમ્મતવાળા નબીઓએ સબ્ર કર્યો અને તેના માટે ઉતાવળ ન કરો."

*(સૂ. અહકાફ, ૪૬/૩૫, કન્ઝુલ ઈમાન)*

જયારે ઈસ્લામના દુશ્મનોએ નબીએ કરીમ ﷺના દિલ મુબારક પર શબ્દોનાં તીર ચલાવ્યાં તો ત્યારે પણ રબ તઆલાએ وَاصْبِرْ عَلٰى مَا یَقُوْلُوْنَ "અને કાફિરોની વાતો પર સબ્ર કરો." *(સૂ. મુઝઝમ્મિલ, ૭૩/૧૦)* ફર્માવ્યું, **આજે આપણે જો સબ્રના વિશે કુર્આને પાકની આયતોને પઢીએ તો બધી જ મુસીબતોનો ઈલાજ સબરમાં દેખાશે. જો આજે પણ આપણે સબ્ર અને પરહેઝગારી અપનાવીએ તો ઈન્શા અલ્લાહ ! કોઈ ધોકાબાઝનો ધોકો આપણને નુકસાન પહોંચાડી શકશે નહીં.** વર્તમાન સમયે જે હાલાત જણાય રહ્યા છે આપણે તેમાં સબ્ર તથા તકવો (પરહેઝગારી) અપનાવીએ. અલ્લાહ પાક પોતાના મહબૂબે પાક ﷺના સદકામાં આપણને બધાને પોતાના હિફ્ઝો અમાનમાં રાખે, બધી ઝમીની આસ્માની આફત બલાઓથી બચાવે... આમીન.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–ફેબ્રુઆરી–૨૦૨૦)*

**❑ અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી ❑ અનુવાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ**

Web.: www.barkatekhwaja.net

# દરગુઝરવાળા બનો

## દુનિયા તમારી થઈ જશે !

*તંત્રી લેખ.......*

પ્યારા દીની ભાઈઓ બહેનો ! આજે આપણે આપણા સમાજનું નિરીક્ષણ કરીએ તો મોટાભાગે ભાઈ ભાઈ વચ્ચે, ભાઈ બહેન વચ્ચે, નણંદ ભોજાઈ, દેરાણી જેઠાણી વચ્ચે, સાસુ વહુ વચ્ચે, કાકા મોટા વચ્ચે, બલ્કે બાપ બેટા વચ્ચે, માં બેટા વચ્ચે, પાડોશી પાડોશી વચ્ચે કુસંપ, કલેશ તથા અનબન અને ઝઘડાઓનો માહોલ જોવા મળે છે. ક્યાંક માલ મિલ્કતનો ઝઘડો હોય છે તો ક્યાંક મામૂલી બોલવા ચાલવામાં એક બીજાને કટુવાણીથી સંબોધવાને લીધે ઝઘડો થતો હોય છે. એણે આમ કહ્યું ને તેમ કહ્યું, વાત ખાસ હોતી નથી. હે નબી પાક ﷺના ગુલામો ! જ્યારે તમે મુસલમાન છો તો શું ઈસ્લામ તમારાથી આ જ અપેક્ષા કરે છે કે તમે આપસમાં એકબીજાથી ધૃણા કરો, તિરસ્કાર કરો અને અદાવતમાં જીવો ?! નહીં ! નહીં ! ઈસ્લામનું આગમન તો કુટુંબો જ નહીં પણ પૂરા વિશ્વમાં અમ્નો અમાનની સ્થાપના માટે થયેલ છે. ઈસ્લામનો જરા અભ્યાસ તો કરો અને પછી તેના પર અમલ કરી દરગુઝરવાળા બનો તો તમારું ઘર કુટુંબ જન્નતનો નમૂનો બની જશે. અલ્લાહના રસૂલ ﷺએ ગુલામને પણ ૭૦ વખત દિવસમાં માફ કરવા કહ્યું છે ! આપણે મુસલમાન છીએ તો કેવળ કલમો પઢવા પૂરતા જ મુસલમાન ન રહીએ બલ્કે અલ્લાહ વ રસૂલનાં ફર્માનોને ગળે લગાડી ઈસ્લામી જીવન જીવીએ તો દુનિયા તથા આખેરતમાં કામયાબી તથા અમ્નો સુકૂન આપણા કદમો ચૂમશે.

## શું તમે ચાહો છો કે અલ્લાહ તમારાથી મહોબ્બત ફર્માવે ?

રબ તઆલા ફર્માવે છે : وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ۗ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ''અને ગુસ્સો પીવાવાળા અને લોકોથી દરગુઝર કરવાવાળા અને નેક લોકો ''અલ્લાહના મહબૂબ'' છે.'' *(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૪)* લોકો આજે પોતાનો અહમ છોડવા તૈયાર નથી. પોતાનું ''હું પદ'' અને પોતાની મોટાઈનો ઘમંડ તેમને માફી તથા દરગુઝર કરવાથી રોકે છે, માફ કરવાથી રોકે છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''માફ કરવાથી ઈજ્જત વધે છે જેથી તમે દરગુઝરની આદત અપનાવો તો અલ્લાહ તઆલા તમને ઈજ્જત અતા કરશે.'' તેમજ ફર્માવ્યું, **''કયામતના દિવસે અલ્લાહ તઆલા માફ કરનારાઓને વિના હિસાબે જન્નતમાં જવાનો હુકમ આપશે.''** *(નુઝહતુલ મજાલિસ)*

જ્યારે આપણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના ચાહક છીએ તો પછી તેમના એક એક હુકમ પ્રતિ આપણુ લક્ષ હોવું જોઈએ અને શૈતાની ખયાલોને ત્યજીને એકબીજા સાથે પ્રેમભાવ પેદા કરીને, ત્યાગભાવના અપનાવીને ઘરના, મહોલ્લા તથા સમાજના માહોલને ખુશનુમા બનાવવો જોઈએ. આવો ! આપણા મહાન બુઝુર્ગોનો તરીકો શું હતો તેને જોઈને તેના પરથી બોધ ગ્રહણ કરીએ.

## આપસના સંબંધો વિશે મહત્વનું ફર્માને રસૂલ ﷺ

આજે વાત વાતમાં ઘરોમાં કુટુંબ કબીલાઓમાં કલેશ ઉભા થઈ જતા આપણે જોઈએ છીએ. કોઈ નમવા કે દરગુઝર કરવા તૈયાર જ નથી ! જ્યારે તેમને સમાધાન માટે સમજાવવામાં આવે તો સામી વ્યક્તિ કે પક્ષની શિકાયતો શરૂ કરી આપે છે. પ્યારા દીની ભાઈઓ બહેનો ! શું તમે કોઈની વાત ન માનો પણ આપણા પ્યારા

Web.:www.barkatekhwaja.net

રસૂલ ﷺ કે જે આપણી કયામતમાં શફાઅત કરશે અને જન્નતમાં દાખલ ફર્માવશે તેમની વાત પણ નહીં માનો ?! સાંભળો આપણા પ્યારા નબી પાક ﷺ ફર્માવે છે : "સૌથી ફઝીલતવાળુ કામ એ છે કે **જે તમારાથી સંબંધ તોડે તેની સાથે તમે સંબંધ જોડો, જે તમને આપવાથી મના કરે તેને આપો, અને તમને ભલુ બુરુ કહ્યું તેનાથી દરગુઝર કરો.** *(મુસ્નદે અહમદ, ૨૪/૩૮૩, પયગંબરે રહમત તથા તેમની તા'લીમાત)*

હજી પણ જો કોઈને માફી આપવામાં કે કોઈનાથી સમાધાન કરવામાં ખચકાટ અનુભવો તો બીજુ કોણ તમને સમજાવવા આવશે ?! તમે અલ્લાહના રસૂલનું નહીં માનો તો કોનુ માનશો ?! **જો દરેક મુસલમાન રસૂલુલ્લાહ ﷺની આ એક જ વાત પર અમલ કરી લે તો ઘરો તથા કુટુંબો જન્નતના નમૂના બની જાય.** પણ લોકો સામાન્યતઃ રસૂલે પાક ﷺની વાત ન માનીને શૈતાની વસવસાઓમાં રહી ઘરની જ વ્યક્તિઓ કુટુંબની જ વ્યક્તિઓથી ગુસ્સો તથા વેર રાખીને પોતે પણ દુઃખી તથા બેઈજ્જત થાય છે અને સામેવાળાને પણ દુઃખી, બેઈજ્જત તથા બેચેનીનો શિકાર બનાવે છે. માબાપનું વર્તન જોઈને બાળકો પણ એ જ રવિશ પર ચાલવા લાગે છે.

વળી કેટલાક લોકોની વૃત્તિ એવી હોય છે કે ચાડી ચુગલી કરીને પતિ પત્ની કે સાસુ વહુ વચ્ચે કે મા દીકરા વચ્ચે કે નણંદ ભાભી વચ્ચે કે ભાઈ ભાઈ, કાકા મોટા વચ્ચે ઝઘડો ઉભો કરાવી તેમની વચ્ચે જુદાઈ કરાવે છે, તેઓ આ ફર્માને રસૂલ વાંચીને તૌબા કરી લે, અને તોડવાનું નહીં પણ જોડવાનું કામ કરે. નફરતો ન ફેલાવે બલ્કે મહોબ્બતની ખુશ્બુ ફેલાવે અને માહોલને ખુશનુમા બનાવે. સાંભળો ! રસૂલે પાક ﷺએ ફર્માવ્યું : "જે શખ્સ મા તથા દીકરાની વચ્ચે અથવા ભાઈ ભાઈની વચ્ચે જુદાઈ પેદા કરે, રસૂલુલ્લાહ ﷺએ તેના પર **લઅનત** કરી છે. *(સુનને ઈબ્ને માજહ, ૨/૭૫૬)* લા'નત એટલે અલ્લાહની રહમતથી દૂર થવું.

સારાંશ, ભાઈએ કોઈ ભૂલ કરી તો માફ કરી દો. નાનો એવું સમજીને માફ કરી દે કે મોટાભાઈ છે, અને મોટો એવું સમજીને માફ કરે કે નાનો ભાઈ છે. ભાઈ બહેન સૌ એ રીતે જ માફ કરે. મારો ભાઈ છે, મારી બહેન છે, મારુ ખૂન છે, અમારુ કુટુંબ છે, અને બસ ! એ જ રીતે સાસુ વહુ તથા નણંદ ભોજાઈ તથા કાકા મોટા દરેક સંબંધોમાં દરગુઝરની વૃત્તિ રાખે. **કોઈએ કોઈ કટુવાણી કહી તો તેનું રિએક્શન જો આપવામાં ન આવે તો ઝઘડો કે કલેશ આગળ વધશે જ નહીં, થોડીક પળોની તમારી સબ્ર હમેશાંની શાંતિ તથા ખુશીને બરકરાર રાખશે.** અને જો સબ્રથી કામ નહીં લો તો ઘર યુધ્ધનું મેદાન બની જશે અને મહોલ્લા રણક્ષેત્રો બની જશે. ન કોઈની ઈજ્જત રહેશે ન કોઈની માન મર્યાદા રહેશે અને એમાં દરેકની જિંદગી બેચેનીવાળી બની જશે. જેથી સબ્રવાળા બની સમાજને ખુશીઓથી ભરવા કોશિશ કરવી જોઈએ, અને એ જ ઈસ્લામનો હેતુ છે, નહીં તો શૈતાનનો હેતુ તો સૌને આપસમાં લડાવવાનો જ છે.

Web.:www.barkatekhwaja.net

## ભાઈ ભાઈથી મહોબ્બતની બરકતો

હઝરત અબૂ રઝીન رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે કોઈ શખ્સ પોતાના ભાઈથી મુલાકાત કરવાના માટે પોતાના ઘરેથી નીકળે છે તો **સિત્તેર હજાર ફરિશ્તા** તેને ઘેરી લે છે. તમામે તમામ તેના માટે **રહમતની દુઆ કરે** છે અને કહે છે, "હે અલ્લાહ તેણે તારી રઝાને માટે સંબંધ જોડયો છે તો તું એની સાથે સારો મામલો કર." જો તમે તમારા શરીરને આ કામમાં મશગૂલ કરી શકતા હોવ તો કરી

લો. *(શોઅબુલ ઈમાન લિલ્બયહકી, ૧૧/૩૨૯)* જ્યારે ભાઈ સાથે મુલાકાતના આટલા ફાયદા છે તો પછી ભાઈની સાથે એહસાન તથા ભલાઈ કરવાના કેટલા પ્રમાણમાં ફાયદા હશે ?! એક અન્ય હદીષમાં છે :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે સૈયદે કૌનેન ﷺએ આદેશ આપ્યો, **"જે કોઈ શખ્સ પોતાના ભાઈની મદદ કરે છે અલ્લાહ તેની મદદ કરે છે."** *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૭૪)*

બીજી હદીષમાં છે : અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રિવાયત કરે છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું : **"જે કોઈ મુસલમાન બંદો પોતાના ભાઈનુ કરજ અદા કરે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેની ગરદન આઝાદ કરશે."** *(શરહુસ્સુન્નહ લિલ્બગવી, ૮/૨૧૪)*

આ હદીષો તો મો'મિન ભાઈઓ સાથેના સંબંધની વાત છે કે આટલી બરકતો આપસમાં સહકારની છે તો પછી સગાં ભાઈ બહેનો, કુટુંબીજનો સાથે સહકાર તથા મદદની ફઝીલત કેટલી હશે.

## ત્રણ દિવસથી વધુ અબોલા દુરુસ્ત નથી

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણવે છે કે આકાએ નેઅમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "આપસમાં એક બીજાથી અદાવત, હસદ તથા સંબંધ કટ ન કરો, બલ્કે હે ખુદાના બંદાઓ ! આપસમાં ભાઈચારગીની સાથે રહો. કોઈ મુસલમાને પોતાના ભાઈને ત્રણ દિવસોથી વધુ છોડેલો રાખવું જાઈઝ નથી." *(સહીહ બુખારી, ૮/૧૯)*

જેથી જો કોઈ વાતે અનબન થઈ જાય કે ખોટુ લાગી આવે, તો નફસને કચડીને વહેલી તકે પોતાની જાત પર કાબૂ મેળવવો જોઈએ અને અબોલા દૂર કરવા જોઈએ. જે કોઈ મતભેદને ખત્મ કરવામાં પ્રથમ શરૂઆત કરશે તેને પયગંબરે રહમત ﷺએ સૌથી બેહતર ઠરાવેલ છે. હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, "કોઈ શખ્સના માટે **પોતાના ભાઈને ત્રણ દિવસોથી વધુ છોડેલ રાખવું જાઈઝ નથી,** કે બંનેવ મળે તો આમતેમ મોં ફેરવી લે. **એ બંનેવમાં બેહતર તે છે જે પ્રથમ સલામ કરે.** *(સહીહ બુખારી, પેજ-૨૧)*

જેથી આપણે જોઈએ કે કોઈના પરની રીસને લાંબી ન ખેંચતા રહીએ બલ્કે વહેલી તકે ખુદા વ રસૂલને ખાતર દરગુઝર કરીને તેની સાથે મહોબ્બતભર્યો માહોલ પેદા કરીએ.

## આપણા બુઝુર્ગોથી બોધપાઠ લઈએ

ઝઘડાનુ મૂળ કોઈ વાતે ગુસ્સે થઈ જવું છે અને જ્યારે માણસ ગુસ્સે થઈ જાય છે તો "શૈતાન તેની સાથે દડાની જેમ ખેલે છે" જેથી તે ન બોલવાનુ અને ન કરવાનુ કરી બેસે છે, જે તેને ગુસ્સો ઠંડો થયા બાદ અફસોસમાં ફેંકી દે છે, પણ ત્યારે ઘણુ મોડુ થયું હોય છે કે, *અબ પછતાયે કયા હોવત હૈ...!* જેથી ગુસ્સાને કાબૂમાં રાખવો જોઈએ. આવો ! બુઝુર્ગોનો તરીકો એવા પ્રસંગે કેવો હતો તે જુઓ :–

એકવાર હઝરત અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ પોતાના ગુલામને બોલાવ્યો, તો તેણે જવાબ ન આપ્યો. આપે ફરી બૂમ પાડી છતાં તે ન આવ્યો. જેથી જલ્દીથી આપ તેની પાસે પહોંચ્યા તો તે હસી રહ્યો હતો ! આપે પૂછયું કે મારા અવાજને તેં સાંભળ્યો ન હતો ? તે કહેવા લાગ્યો કે સાંભળ્યો હતો ! આપે પૂછયું, તો જવાબ કેમ

Web : www.barkatekhwaja.net

ન આપ્યો ? તેણે કહ્યું, મને ખબર છે કે મારી આવી હરકત પર પણ આપ સંયમ જાળવશો, આપના તરફથી સજા મળવા બાબતે હું નચિંત હતો જેથી ખામોશ રહ્યો. આપે એ જ વાત પર તેને આઝાદ કરી આપ્યો. (સુબ્હાનલ્લાહ !)

બીજો પ્રસંગ હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہનો છે. આપને કોઈએ ભલુબુરુ કહ્યું. તો આપે ફર્માવ્યું, **"જો તું સાચો છે તો અલ્લાહ મને માફ કરે અને જો તું જૂઠો છે તો ખુદા તને માફ કરે."** સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા દુઆ છે ! એ જ પ્રમાણે આપ એકવાર મસ્જિદે તશરીફ લઈ જઈ રહ્યા હતા એવામાં કોઈએ આપને અયોગ્ય શબ્દો કહ્યા. આપે ફર્માવ્યું, મારો હાલ તને ખબર નથી ! શું તારે કોઈ જરૂરત છે ? તો તે શખ્સ શર્મિંદો થયો. પછી આપે તેને એક હજાર દિરહમ તથા કપડાં અતા કરી આપ્યાં, અને તે એવું કહેતાં જઈ રહ્યો હતો કે હું ગવાહી આપુ છું કે આપ નબી صلی اللہ علیہ وسلمના નવાસા છે ! *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૪૨)* આ પ્રસંગોમાં આપણે ઘણુ શીખવાનું છે.

પ્યારા દીની ભાઈઓ બહેનો ! આપણે જો આપણા રસૂલ صلی اللہ علیہ وسلم તથા અહલે બયત તથા બુઝુર્ગોને દીનનાં ફર્માનો તથા તેમની અમલી જિંદગીને જોઈશું તો તેમની દરિયાદિલી તથા દરગુઝર વૃત્તિ પર ફિદા થઈ જઈશું, તો આપણે પણ એ જ નમૂના પર અમલ કરવો જોઈએ જેથી સર્વ સાથે પ્યાર મહોબ્બત અને મેળ મેળાપવાળુ ખુશનુમા વાતાવરણ બાકી રહે. ત્યાગવૃત્તિ, કુર્બાનીની વૃત્તિ તથા માફી આપવાવાળા બનીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللهُ عَلَيْهِ وَسَلَّمَને રાજી કરવાવાળા બનવું જોઈએ.

## હઝરત ઉમર رضی اللہ عنہ કરતાં તો વધારે જલાલી નથી ને તમો ?!

હઝરત ઉમર رضی اللہ عنہ જલાલી હતા પણ દીનના મામલામાં હતા. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللهُ عَلَيْهِ وَسَلَّمَની વિરૂધ્ધ વર્તન જોઈને શિક્ષા કરતા હતા. નફસના માટે કાંઈ કરતા જ ન હતા. એકવાર એક નશાખોર પાસેથી આપ પસાર થયા. આપે તેને શિક્ષા કરવાનો ઈરાદો કર્યો તો તે આપની શાનમાં બેહૂદા શબ્દો બોલવા લાગ્યો, તો આપે તેને છોડી મૂક્યો. કોઈએ છોડી મૂકવાનો સબબ પૂછયો તો આપે ફર્માવ્યું કે **શિક્ષા તો શરઈ કાનૂન હેઠળ હતી પણ હવે એમાં મારો ગુસ્સો નફસની તરફથી ભળી ગયો જેથી છોડી મૂક્યો !** સારાંશ **ત્યાં નફસ માટે કાંઈ હતું જ નહીં !** રિવાયત છે કે એકવાર એક જણે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہથી તેમનાં પત્નીને ઊંચા અવાજે વાત કરતાં સાંભળ્યાં તો આશ્ચર્ય થયું. પૂછતાં હઝરત ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો કે, એનાં મારા પર ઘણા એહસાનો છે કે એ મારી રસોયણ છે, ધોબણ છે, મારાં છોકરાંની રખેવાળ છે, મારાં સર્વ કામો કરે છે અને સૌથી મોટી વાત કે **તેણી મારા તથા જહન્નમના વચ્ચે આડ છે,** (એના સબબે હું ગુનાહોથી બચી જઉં છું) તો એનો મારા પર હક્ક઼ છે, એ મને બોલી શકે છે ! અને મારે સંયમ કરવો જ જોઈએ.

આજે વાત વાતમાં પત્નીને ધમકાવનારા તથા મારઝુડ કરનારાઓએ આ પ્રસંગથી સબક લેવો જોઈએ. અને પત્નીઓ સાથે દરગુઝર કરીને મહોબ્બતનું વાતાવરણ ખડુ કરવું જોઈએ. એ જ પ્રમાણે પત્નીએ પણ દરગુઝરથી રહેવું જોઈએ તો જિંદગીમાં ખુશનુમા વસંત ખીલેલી રહેશે.

Web.:www.barkatekhwaja.net

## સૌથી ઉમદા અમલ કયો ?

હુઝૂર ﷺનું ફર્માન છે : "તમારામાંથી મારી નજીક સૌથી પ્યારો અને કયામતના દિવસે સૌથી નજીક તે હશે જેના અખ્લાક સૌથી સારા હશે. અને મારી નજીક સૌથી નાપસંદીદા અને કયામતમાં મારાથી દૂર તે હશે જે બદઅખ્લાક (કટુવાણી–વર્તન)વાળો હશે" *(તિર્મિઝી બહવાલા જેહાદ નંબર, પેજ–૫૯૫)*

રિવાયત છે કે એક શખ્સ બારગાહે રિસાલત મઆબ ﷺમાં હાજર થઈને પૂછવા લાગ્યો કે સૌથી ઉમદા અમલ કયો છે ? આપે ફર્માવ્યું, સારા અખ્લાક ! તેણે બીજી બાજુથી એ જ સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, સારા અખ્લાક ! તે સામેથી તથા પાછળથી આવ્યો તો આપે દરેક વખતે ફર્માવ્યું, "સારા અખ્લાક ! સારી આદત ! સારો વર્તાવ !" રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "જન્નતમાં ખરાબ વર્તણૂંક કરનાર દાખલ નહીં થાય." *(તિર્મિઝી)*

નબી કરીમ ﷺની ખિદમતમાં કોઈ સહાબીએ અર્ઝ કરી, મને એવો અમલ બતાવો જે જન્નતમાં જવાનો સબબ બને. આપ ﷺએ ફર્માવ્યું, **"કદી ગુસ્સો ન કરો, આ એક અમલ જ જન્નતના માટે પૂરતો છે."** *(તિબ્રાની બહવાલા નુઝહતુલ મજાલિસ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જેની અંદર ત્રણ ગુણો હોય તે વિલાયતનો હક્કદાર છે :

(૧) સંયમ સહનશીલતા જે કમીનાના કમીનાપણા પર અપનાવવામાં આવે. (૨) તકવો, જે ગુનાહોથી દૂર રાખે અને (૩) સદ્ વ્યવહાર જે લોકોની ખુશીનો સબબ બને. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૪૪)*

## આપણે ઈસ્લામી હુકમોથી વિપરિત ચાલીયે છીએ !

આપણે કેવા મુસલમાન છીએ કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَએ જેમનાથી દૂર રહેવાની તાકીદ કરી તેમને ગળે લગાડીએ છીએ અને જેમનાથી માફી તથા દરગુઝર કરી મહોબ્બતથી રહેવું જોઈએ તેમનાથી નફરત કરીએ છીએ. **ખુદા વ રસૂલના ગુસ્તાખોથી, બદમઝહબો, વહાબી, દેવબંદી વગેરેથી દૂર રહેવું જોઈએ તેને બદલે શાદી વિવાહ, મૌત મૈયતમાં તેમને જરૂર નિમંત્રીએ છીએ બલ્કે તેમનાથી દીકરા દીકરી વહેવાર જે હરામ છે તે રોજ જ કરતા જઈએ છીએ અને આપણા પોતાના જ ભાઈઓથી બગડેલા રહીને પોતાના પ્રસંગમાં તેમની હાજરી પણ પસંદ નથી કરતા !** (ઈલ્લા માશા અલ્લાહ !) સાંભળો ! રસૂલુલ્લાહ ﷺનું ફર્માન શું છે ? :–

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ કહ્યું કે સરકારે અકદસ ﷺએ ફર્માવ્યું કે બદમઝહબ જો બીમાર પડે તો તેની ખબરગીરી (અયાદત) ન કરો, જો મરી જાય તો તેમના જનાઝામાં શરીક ન થાવ, તેમની સાથે ભેટો થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ન ખાવ, **તેમની સાથે શાદી વિવાહ ન કરો,** તેમના જનાઝાની નમાઝ ન પઢો અને ન તેમની સાથે નમાઝ પઢો. (મુસ્લિમ શરીફ બહવાલા અન્વારુલ હદીષ) આ હદીષને અબૂ દાઊદે હઝરત ઈબ્ને ઉમરથી અને ઈબ્ને માજહએ હઝરત જાબિરથી અને અકીલ ઈબ્ને હબ્બાને હઝરત અનસથી રિવાયત કરી. رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપણને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો પર ચાલવાની તૌફીક બખ્શે. (આમીન)

Web. www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન



:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ اِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَ
حَكَمًا مِّنْ اَهْلِهَا ۚ اِنْ يُّرِيْدَاۤ اِصْلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيْنَهُمَا ؕ
اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا خَبِيْرًا ﴿۳۵﴾ وَ اعْبُدُوا اللّٰهَ وَ لَا تُشْرِكُوْا
بِهٖ شَيْـًٔا وَّ بِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّ بِذِی الْقُرْبٰى وَ الْيَتٰمٰى
وَ الْمَسٰكِيْنِ وَ الْجَارِ ذِی الْقُرْبٰى وَ الْجَارِ الْجُنُبِ وَ
الصَّاحِبِ بِالْجَنْۢبِ وَ ابْنِ السَّبِيْلِ ۙ وَ مَا مَلَكَتْ
اَيْمَانُكُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرَا ﴿۳۶﴾
اۨلَّذِيْنَ يَبْخَلُوْنَ وَ يَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ وَ يَكْتُمُوْنَ
مَاۤ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا
مُّهِيْنًا ﴿۳۷﴾ وَ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ رِئَآءَ النَّاسِ وَ لَا
يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ لَا بِالْيَوْمِ الْاٰخِرِ ؕ وَ مَنْ يَّكُنِ الشَّيْطٰنُ
لَهٗ قَرِيْنًا فَسَآءَ قَرِيْنًا ﴿۳۸﴾ وَ مَا ذَا عَلَيْهِمْ لَوْ اٰمَنُوْا بِاللّٰهِ وَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને જો તમને પતિ પત્નીની લડાઈની બ્હીક હોય[૩૪], તો એક પંચ પુરૂષવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી[૩૫] **આ બંને જો સુલેહ કરાવવા ઈચ્છશે તો** અલ્લાહ તેમનામાં મેળ કરી આપશે, બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે[૩૬] (૩૫) અને અલ્લાહની બંદગી કરો, અને તેનો ભાગીદાર કોઈને ન ઠરાવો[૩૭] અને મા, બાપ સાથે ભલાઈ કરો[૩૮], અને સગાઓ[૩૯], અને યતીમો, અને મોહતાજો[૪૦], અને નજીકના પાડોશીઓ, અને દૂરના પાડોશીઓ[૪૧] અને પાસેના સાથી[૪૨] અને વટેમાર્ગુ[૪૩], અને પોતાના બાંદી ગુલામ સાથે[૪૪], બેશક ! અલ્લાહને નથી ગમતો કોઈ ઈતરાનાર બડાઈ મારનાર[૪૫] (૩૬) જેઓ પોતે બખીલાઈ કરે, અને બીજાઓને બખીલાઈ કરવાનું કહે[૪૬], અને અલ્લાહે એમને જે આપ્યું પોતાના ફઝલથી તેને છુપાવે[૪૭] અને કાફિરો માટે અમે બેઈજ્જતીનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૩૭) અને તેઓ જે પોતાના માલ લોકોને દેખાડવા ખર્ચે છે[૪૮], અને અલ્લાહ પર ઈમાન નથી લાવતા, અને ન કયામત પર, અને જેનો સાથીદાર શૈતાન થયો[૪૯], તો કેટલો ખરાબ સાથીદાર છે (૩૮)

الْيَوْمِ الْاٰخِرِ وَ اَنْفَقُوْا مِمَّا رَزَقَهُمُ اللّٰهُ ؕ وَ كَانَ اللّٰهُ بِهِمْ
عَلِيْمًا ﴿۳۹﴾ اِنَّ اللّٰهَ لَا يَظْلِمُ مِثْقَالَ ذَرَّةٍ ۚ وَ اِنْ تَكُ حَسَنَةً
يُّضٰعِفْهَا وَ يُؤْتِ مِنْ لَّدُنْهُ اَجْرًا عَظِيْمًا ﴿۴۰﴾ فَكَيْفَ اِذَا
جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍۭ بِشَهِيْدٍ وَّ جِئْنَا بِكَ عَلٰى هٰۤؤُلَآءِ
شَهِيْدًا ﴿۴۱﴾ يَوْمَئِذٍ يَّوَدُّ الَّذِيْنَ كَفَرُوْا وَ عَصَوُا الرَّسُوْلَ
لَوْ تُسَوّٰى بِهِمُ الْاَرْضُ ؕ وَ لَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا ﴿۴۲﴾

*અને તેમનું શું નુકસાન હતું, જો ઈમાન લાવત અલ્લાહ અને કયામત પર ? અને અલ્લાહના આપેલામાંથી તેના માર્ગમાં ખર્ચ કરત[૫૦] ? અને અલ્લાહ તેમને જાણે છે (૩૯) અલ્લાહ એક રજ માત્ર અત્યાચાર નથી કરતો, અને જો કોઈ નેકી હોય તો તેને ડબલ કરે છે, અને પોતાની પાસેથી મહાન સવાબ આપે છે (૪૦) અને કેવી થશે જ્યારે અમે દરેક ઉમ્મત (માં)થી એક સાક્ષી લાવીએ[૫૧], અને હે મહબૂબ ! તમને એ તમામ પર સાક્ષી અને રખેવાળ બનાવીને લાવીએ[૫૨] (૪૧) તે દિવસે તમન્ના કરશે તેઓ જેમણે કુફ્ર કર્યું, અને રસૂલની નાફર્માની કરી, કેવું સારું થાય જો તેમને મટોડામાં દબાવીને જમીન સરખી કરી દેવામાં આવે, અને કોઈ વાત અલ્લાહથી છુપાવી શકશે નહી[૫૩] (૪૨)*

### :: સમજૂતી ::

**૩૪** : અને તમે જુઓ કે સમજાવવું, અલગ સૂવું, મારવું કશું જ કામ લાગતું નથી, અને બંનેનો કુસંપ મટતો નથી.

**૩૫** : કારણ કે સંબંધીઓ પોતાના સગાંઓની ખાનગી હાલતથી માહિતગાર હોય છે, અને પતિ પત્ની વચ્ચે મેળ બંધાવવાનાં આરઝૂમંદ પણ હોય છે, અને ઉભયને તેમના પર વિશ્વાસ પણ હોય છે. અને તેમને પોતાના દિલની વાત કહેવામાં સંકોચ પણ નથી હોતો.

**૩૬** : જાણે છે કે પતિ પત્નીમાં જુલ્મી કોણ છે.

**મસ્અલો** : પંચોને પતિ પત્નીને અલગ કરી દેવાનો અધિકાર નથી.

**૩૭** : ન તો સજીવને, ન નિર્જીવને, ન તેના પાલનહાર હોવામાં, ન તેની ઈબાદતમાં.

**૩૮** : અદબ અને તા'ઝીમ સાથે, અને તેમની સેવા માટે તત્પર રહો, અને તેમના માટે ખર્ચ કરવામાં કમી ન કરો, મુસ્લિમ શરીફની હદીષમાં છે કે સૈયદે આલમ ﷺએ ત્રણ વાર ફર્માવ્યું, "તેનું નાક ધૂળમાં રગદોળાય !" હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ પૂછયું, "યા રસૂલલ્લાહ ! ﷺ કોનું ?" ફર્માવ્યું, "જે ઘરડાં મા બાપને પામ્યો, અથવા તેમનામાંથી એકને પામ્યો, અને જન્નતી ન બની ગયો."

**૩૯** : હદીષ શરીફમાં છે કે સગાંઓ સાથે સદ્વર્તન રાખનારાને લાંબુ જીવન અને વધારે રોજી મળે છે. *(બુખારી, મુસ્લિમ)*

**૪૦** : **હદીષ** : સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, હું અને યતીમની દેખરેખ રાખનાર એવા નજીક હોઈશું, જેવી રીતે કે કલમાની આંગળી અને વચલી આંગળી. *(બુખારી શરીફ)*

**હદીષ** : સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, વિધવા

web.barkat

અને મિસ્કીનની મદદ કરનાર અને દેખરેખ રાખનાર અલ્લાહના માર્ગમાં જિહાદ કરનારની જેમ છે.

**૪૧** : સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે જિબ્રઈલ મને હમેશાં પડોશીઓ સાથે એહસાન કરવાની તાકીદ કરતા રહ્યા, એટલે સુધી કે વિચાર થતો, ક્યાંક તેમને વારસદાર બનાવી દેશે. *(બુખારી, મુસ્લિમ)*

**૪૨** : અર્થાત પત્ની, અથવા જે સંગાથમાં રહે તે, અથવા સફરનો સાથી અથવા સાથે પઢનાર અથવા મસ્જિદમાં કે મહેફિલમાં સાથે બેસનાર ઉઠનાર.

**૪૩** : મુસાફિર અથવા મહેમાન.

**હદીષ** : જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય, તેણે મહેમાનની ઈજ્જત કરવી જોઈએ. *(બુખારી, મુસ્લિમ)*

**૪૪** : કે તેમને તેમની શક્તિથી વધુ કષ્ટ ન આપો અને આકરી વાત ન કહો, અને જમણ તથા કપડાં લત્તાં જરૂર જેટલાં આપો.

**હદીષ** : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જન્નતમાં ખરાબ વર્તણૂંક કરનાર દાખલ નહીં થાય. *(તિર્મિઝી)*

**૪૫** : ઘમંડી, આપખૂદ, જે સગાંઓને તુચ્છ સમજે.

**૪૬** : બખીલાઈ એ છે કે પોતે ખાય પણ બીજાને ન આપે, અને "શુહહ" એ છે કે ન ખાય ન ખાવા દે. "સખા" એ છે કે પોતે ખાય અને બીજાને ખવડાવે. "જૂદ" એ છે કે પોતે ન ખાય અને બીજાને ખવડાવે."

**શાને નુઝૂલ** : આ આયત યહૂદીઓ વિશે ઉતરી, જેઓ સૈયદે આલમ ﷺના ગુણો બયાન કરવામાં બખીલાઈ કરતા હતા અને છુપાવતા હતા.

**મસ્અલો** : એનાથી જણાયું કે ઈલ્મને છુપાવવું સારું નથી.

**૪૭** : હદીષ શરીફમાં છે કે બંદા પર અલ્લાહની નેઅમત જાહેર થાય એ અલ્લાહને પસંદ છે.

**મસ્અલો** : અલ્લાહની નેઅમત જાહેર કરવામાં નિખાલસતા હોય તો એ પણ શુક્ર છે. માટે જ માણસે પોતાની શક્તિ અનુસાર જાઈઝ બેહતર લિબાસ પહેરવો મુસ્તહબ છે.

**૪૮** : બખીલાઈ પછી અયોગ્ય ખર્ચની બુરાઈ બયાન કરી, કે જે લોકો માત્ર દેખાવ માટે અને નામ કાઢવા ખર્ચ કરે છે, અને અલ્લાહની રઝામંદી તેમનો હેતુ નથી હોતો. જેવી રીતે કે મુશ્રિકો અને મુનાફિક઼ો, એ લોકો પણ તેમના જ હુકમમાં છે જેમનો હુકમ ઉપર ગુજર્યો.

**૪૯** : દુનિયા અને આખેરતમાં, તે એવી રીતે કે તે શૈતાની કામો કરીને તેને ખુશ કરતો રહ્યો અને આખેરતમાં એવી રીતે કે દરેક કાફિર એક શૈતાન સાથે આગની સાંકળમાં બંધાએલો હશે. *(ખાઝિન)*

**૫૦** : એમાં ખરેખર એમનો જ ફાયદો હતો.

**૫૧** : તેમના નબીને અને તે પોતે ઉમ્મતના ઈમાન અને કુફ્ર તેમજ નિફાક઼ તથા તમામ કામોની સાક્ષી આપે, કારણ કે નબીઓ પોતાની ઉમ્મતનાં કાર્યોથી માહિતગાર હોય છે.

**૫૨** : કારણ કે તમે નબીઓના નબી છો, અને સમગ્ર જગત તમારી ઉમ્મત છે.

**૫૩** : કારણ કે જ્યારે તેઓ પોતાના ગુનાહથી ફરી જશે, અને ક઼સમ ખાઈને કહેશે કે અમે મુશ્રિક ન હતા, અને અમે ગુનાહ નથી કર્યા, ત્યારે તેમના મોઢાંઓ પર મોહર મારી દેવાશે, અને તેમના શરીરના ભાગોને અને અવયવોને વાણી આપવામાં આવશે, એ તેમના વિરુદ્ધ સાક્ષી આપશે. *(ક્રમશઃ)*

Web : www.barkatekhwaja.net

## દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

*હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ત્રણ મસ્જિદોના સિવાય કોઈ બાજુ કાઠલા ન બાંધવામાં આવે : એક મસ્જિદે હરામ, એક મસ્જિદે અક્સા, અને એક મારી આ મસ્જિદ[1]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે આ મસ્જિદો સિવાય કોઈ અન્ય મસ્જિદની તરફ એટલા માટે સફર કરીને જવું કે ત્યાં નમાઝનો સવાબ વધારે છે એ મના છે. જેમ કે અમુક લોકો જુમ્આ પઢવા બદાયૂથી દિલ્હી જાય છે કે જેથી ત્યાંની જામા મસ્જિદમાં વધારે સવાબ મળે, એ ગલત છે. દરેક જગાની મસ્જિદો સવાબમાં સમાન છે. આ સ્પષ્ટતા પર હદીષ તદ્દન સ્પષ્ટ છે. વહાબીઓએ એનો અર્થ એ સમજ્યો કે આ ત્રણ મસ્જિદો સિવાય કોઈ અન્ય મસ્જિદની તરફ સફર કરવી જ હરામ છે. જેથી ઉર્સ, ઝિયારતે કુબૂર વગેરેના માટે સફર હરામ છે ! જો આ મતલબ છે તો પછી વેપાર, ઈલાજ, દોસ્તોની મુલાક઼ાત, ઈલ્મે દીન શીખવા વગેરે તમામ કામો માટે સફરો હરામ થશે અને રેલ્વે તંત્ર અધ્ધર થઈ જશે ! અને આ હદીષ કુર્આનની વિરૂધ્ધ પણ થશે તેમજ અન્ય હદીષોની વિરૂધ્ધ પણ થશે.

રબ ફર્માવે છે : قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ ثُمَّ انْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ "તમે ફર્માવો, જમીનમાં સૈર કરો પછી જુઓ કે જૂઠલાવનારાઓનો કેવો અંજામ થયો." *(સૂ. અન્આમ, આ. ૬/૧૧)* મિર્ક઼ાતે આ જગ્યાએ અને શામીએ ઝિયારતે કુબૂરમાં ફર્માવ્યું કે આ ત્રણેવ મસ્જિદો સિવાય સર્વ મસ્જિદો બરાબર છે, એટલા માટે અન્ય મસ્જિદોની તરફ સફર મના છે અને અવલિયા અલ્લાહની કબરો ફયઝો તથા બરકતોમાં અલગ અલગ છે, જેથી ક઼બરોની ઝિયારત માટે સફર જાઈઝ. શું આ જાહિલો અંબિયાએ કિરામની ક઼બરોની તરફ સફર પણ મના કરશે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારા ઘર તથા મારા મિમ્બરની વચ્ચે[1] જન્નતના બાગોમાંથી એક બાગ છે[2] અને મારો મિમ્બર મારા હોજ પર છે.[3] (મુસ્લિમ, બુખારી)*

**૧.** અમુક રિવાયતોમાં છે કે મારી ક઼બર અને મારા મિમ્બરની દરમિયાન, અમુક રિવાયતોમાં છે કે મારા હુજરા (ઓરડા) તથા મુસલ્લાની દરમિયાન, પણ દરેકનો અર્થ એક જ છે. કેમ કે હુઝૂર અન્વર ﷺનું ઘર, હુજરા શરીફ તથા ક઼બ્રે અન્વર એક જ જગા છે અને મુસલ્લો એટલે કે મેહરાબુન્નબી અને મિમ્બર શરીફ તદ્દન જોડાયેલ છે, જેવું કે ઝિયારત કરનારાઓને ખબર છે.

**૨.** એટલે કે આ જગા પહેલાં જન્નતનો બાગ હતી ત્યાંથી લાવવામાં આવી. અલ્લાહે ખલીલને જન્નતનો સંગે અસ્વદ અતા કર્યો અને પોતાના હબીબના માટે જન્નતનો બાગ મોકલ્યો. અથવા આ જ જગા કાલે જન્નતનો બાગ બનશે, અથવા જે અહીં આવી ગયો તે જાણે જન્નતના બાગમાં આવી ગયો કે ભવિષ્યમાં એની બરકતથી જન્નતમાં જરૂર જશે અથવા આ જગા જન્નતના બાગની જેમ છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ ઝિકુલ્લાહના હલકાઓને અને

Web.: www.barkatekhwaja.net

મો'મિનની કબ્રને જન્નતનો બાગ કહ્યો છે. ત્યાં પણ ઘણા બધા ખુલાસા છે.

**૩.** અહીં પણ તે જ ખુલાસાઓ છે કે આ જગાએ પહેલાં મારી હોજ હતી ત્યાંથી અહીં લાવવામાં આવી, અથવા ભવિષ્યમાં હોજના કિનારા પર હશે અથવા હવે હોજના કિનારા બરાબર છે, અથવા જેને એનો બોસો નસીબ થઈ જાય તે જાણે મારા હોજ પર પહોંચી ગયો. યાદ રાખશો કે મિમ્બરથી મુરાદ મિમ્બરની જગા છે, ત્યાં મિમ્બર ગમે તે પ્રકારનો હોય. તેમજ કા'બાનો સંગે અસ્વદ અને રુકને યમાની અને મદીનાપાકની આ જગા જો કે જન્નતથી આવી છે પરંતું ત્યાંની તે ખૂબસૂરતી તથા રોનકને ખત્મ કરી દેવામાં આવે છે.

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ દરેક શનિવારે મસ્જિદે કૂબા શરીફમાં[૧] પગપાળા તથા સવાર થઈને તશરીફ લઈ જતા અને તેમાં બે રકાતો પઢતા હતા.[૨] (મુસ્લિમ, બુખારી)*

**૧.** કુબા મદીના મુનવ્વરાથી ત્રણ માઈલ દૂર એક વસ્તી છે. ત્યાંની મસ્જિદનું નામ કુબા છે. એ જ જગાએ હુઝૂર ﷺ એ હિજરતના દિવસે મદીના મુનવ્વરામાં આગમન કરતા પહેલાં રોકાણ કર્યું અને આ જ મસ્જિદ પ્રથમ બનાવવામાં આવી. કુર્આને કરીમે આ મસ્જિદના મહાન ફઝાઈલ વર્ણવેલા છે. ફકીરે (લેખકે) ઘણીવાર ત્યાંની ઝિયારત કરી છે.

**૨.** અમુક રિવાયતોમાં છે કે **જે મદીના પાકથી વુઝૂ કરીને મસ્જિદે કુબા જાય, ત્યાં બે નફલ પઢે તો ઉમરાનો સવાબ પામશે.** આજે પણ હાજીઓ વગેરે શનિવારના દિવસે આ અમલ કરે છે. આ પરથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની મસ્જિદો અને તેમની કયામતગાહો મોતબર્રક છે અને તેની ઝિયારત સવાબનું કામ છે. કેમ કે મસ્જિદ કુબા અન્સારની મસ્જિદ છે અને તે હઝરાત અલ્લાહની બારગાહમાં મકબૂલ હતા. ત્યાં પેશાનીઓ રગળવી તથા સજદા કરવા કબૂલિયતનો ઝરીયો છે. હુઝૂર ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہ એ લાહોર આવીને હઝરત દાતા સાહબની પગોની બાજુ ચિલ્લો કર્યો, તે આ હદીષથી માખૂઝ છે. ડો. ઈકબાલે શું સરસ કહ્યું :

*સૈયદ હિજવેર મખ્દૂમે અતમ–મર્કદે ઊ પર સંજર રા કદમ*

યાદ રાખશો કે જ્યાં બુઝુર્ગોના કદમ પડી જાય તે જગા કયામત સુધી મોતબર્રક થઈ જાય છે. અત્યારે કુબામાં અન્સાર નથી પરંતું તેની શરાફત તેવી જ છે.

*બ ગુફતા મન ગુલે નાચીઝ બુદમ–વ લેકિન મુદ્દતે બા ગુલ નસિશ્તમ*

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **આબાદીઓમાં રબને પ્યારી જગા મસ્જિદો છે અને બદતરીન જગા ત્યાંના બજારો છે** [૧] (મુસ્લિમ)*

**૧.** કેમ કે મસ્જિદમાં મોટાભાગે ઝિકુલ્લાહ માટે હાજરી થતી હોય છે અને બજારોમાં મોટાભાગે જૂઠ, ધોકો, ગીબત વગેરે. જો કે ક્યારેક મસ્જિદો પર જૂતી ચોર અને બજારોમાં પણ અવલિયા અલ્લાહ ચાલ્યા જાય છે. એટલા માટે ફર્માવવામાં આવ્યું કે તમે એ લોકોમાંથી બનજો કે જેમનું શરીર બજારમાં અને દિલ મસ્જિદમાં છે, તેમનામાંથી ન થશો જેમનું શરીર મસ્જિદમાં અને દિલ બજારમાં હોય છે. યાદ રાખશો કે અહીં શહેરોથી મુરાદ આમ શહેરો છે. મદીના મુનવ્વરા તથા મક્કા મુકર્રમા તેમનાથી અલગ છે, ત્યાંનાં તો ગલી, કૂચા, બજારો સૌ ખુદાને પ્યારાં છે. રબ તઆલા ફર્માવે છે : وَ ھٰذَا الْبَلَدِ الْاَمِیْنِ અને ફર્માવે છે : لَاۤ اُقْسِمُ بِھٰذَا الْبَلَدِ કેમ ન હોય કે આ મહબૂબની નગરીઓ છે.

*ખાઈ કુર્આને ખાકે ગુઝર કી કસમ–ઉસ કફે પા કી હુર્મત પે લાખોં સલામ*



Web.: www.barkatekhwaja.net

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૦

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

Web.: www.barkatekhwaja.net

### ★ ઝબાન તથા દિલની એકરૂપતા ★

ફર્માવ્યું, હે દુરવેશ ! સર્વ નેકીઓની સરદાર એ જ વાત છે કે ઈન્સાન પોતાના નફસ પર કાબૂ રાખતો હોય, એ રીતે કે કદી નફસ પોતાની તબીઅતની ડિમાન્ડોના પ્રમાણેની ઈચ્છાઓનો ગુલામ ન બની જાય. અલ્લાહ તઆલાથી એના બારામાં મદદ માગે. દુરવેશના અમલ આ જ છે. જ્યારે એવો હાલ થઈ જાય છે તો દુરવેશીનું જૌહર ઈન્સાનમાં જન્મ લે છે. આલમે અન્વાર તથા અસ્રારની જલ્વારેઝી (જાહેર થવું) દિલ પર થાય છે. જ્યારે જીભ તથા દિલનો સમન્વય થઈ જાય છે તો આ ઈશ્કના અન્વાર સાલિક (રાહે સુલૂકના મુસાફિર)ના દિલમાં ઠહરી જાય છે. અને દિલ તથા જીભ એકબીજાથી વિમુખ હોય તો અન્વારે ઈશ્કો મહબ્બત પરત થઈ જાય છે. અને એવા માણસના દિલમાં ચાલ્યાં જાય છે જેનુ દિલ તથા જીભ આપસમાં એકમત હોય છે. એકવાર કોઈ વાસિલે હક્કને પૂછવામાં આવ્યું કે ઈશ્કે હકીકીમાં અડગ કોણ છે ? ફર્માવ્યું, તે શખ્સ જેનાં દિલ તથા જીભ એકરૂપ હોય, કેમ કે ઈશ્કે હકીકીના આફતાબનો ઉદય પ્રથમ દિલ પર જ થાય છે પછી જીભ પર. જ્યારે દિલ તથા જીભે ઈશ્કે હક્કથી ઈમ્તિયાઝ હાંસલ કર્યો તો મહોબ્બત મજબૂત થઈ ગઈ.

હે દુરવેશ ! જીભ અંગોની બાદશાહ છે, જ્યારે એ સલામત રહેશે તો સર્વ અંગો મેહફૂઝ રહેશે. કેમ કે કહેવત મશહૂર છે કે જ્યારે બાદશાહના મિઝાજમાં દીનના મામલામાં ખલેલ પડે છે તો તેના દેશના સર્વ શહેરોમાં ખલેલ ઉપસ્થિત થઈ જાય છે. જ્યાં સુધી બાદશાહ સલામતીમાં છે ત્યાં સુધી સર્વ દેશ સલામત રહેશે. તો હે દુરવેશ ! કાન, આંખ વગેરે સૌ જીભની પયરવી કરનારાં છે. જ્યારે જીભ સલામત રહેશે તો તમામ અંગો પણ સલામત રહેશે.

### ★ નજરની તૌબા ★

નજરની તૌબાની શર્ત એ છે કે માણસ ગુસ્લ કરે, બે રકાત નમાઝ અદા કરે અને કિબ્લા તરફ મોં કરીને દુઆ કરે, યા અલ્લાહ ! હું સર્વ જોવી અયોગ્ય હોય એવી ચીજોથી તૌબા કરું છું, હવે કોઈ એવી ચીજને જોઈશ નહીં જેને જોવું મના છે. એ મુદ્દત સુધી સર્વ મના કરેલ ચીજો તથા મનેચ્છાઓથી દૂર રહે જેથી તેની નજરની તૌબા કબૂલ થઈ જાય. કેમ કે આ જ નજર છે જે લોકોને હક્ક તઆલાની હુઝૂરીની નેઅમતથી નસીબવંત કરે છે અને આ નજર જ છે જે માણસને મુસીબતમાં સપડાવે છે. તો હે દુરવેશ ! ઈશ્કની પ્રથમ મંઝિલ નજર જ છે. લોકોએ જોઈએ કે એ હાલમાં જ્યારે કે તે જોવાની નેઅમતથી લિજ્જત પામી રહ્યા હોય ત્યારે એ વાતની કોશિશ કરે કે તે હક્ક સિવાય અન્ય કાંઈ ન જુએ જેથી એ જોવાની નેઅમત જતી ન રહે.

હે દુરવેશ ! એકવાર રસૂલુલ્લાહ ﷺ હઝરત ઝયનબ رضی اللہ عنہا ના ઘરની સામેથી પસાર થઈ રહ્યા હતા એવામાં હઝરત જિબ્રઈલ علیہ السلام આવ્યા અને અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ અલ્લાહ તઆલાએ હઝરત ઝયનબ رضی اللہ عنہا ના નિકાહ આપનાથી કરી આપ્યા, તેમને તમારા ઘરે લઈ આવો. હઝરત રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું હે કાશ ! હું આ તરફ પસાર ન થતો.

### ★ અયોગ્ય ચીજ જોવાના સબબે ૩૦૦ વર્ષ રડયા ! ★

પછી ફર્માવ્યું, સૈયદના દાઊદ علیہ السلام એક નાદીદની (ન જોવા લાયક ચીજ)ને જોવાને કારણે ત્રણસો વરસો સુધી રડતા રહ્યા. હુકમ થયો, હે દાઊદ! કેમ રડો છો ? તો અર્ઝ કરી, આ નજરે મને બલામાં નાખી દીધો જેથી એ ખતાની માફીની તલબ પણ એ નજર જ કરે. હઝરત સૈયદના શોએબ علیہ السلام એટલું રડયા કે તેમની બીનાઈ જતી રહી. લોકોએ પૂછયું કે હઝરત ! આટલુ શા માટે રડયા કે આપ નાબીના થઈ ગયા અને દષ્ટિ શક્તિ જતી રહી ? ફર્માવ્યું, બે ચીજોના કારણે : એક તો એ કારણે કે ન જોવા પાત્ર ચીજને જોઈ ન શકુ અને બીજુ એ કે તે નજર જે જમાલે મહબૂબનો નઝારો કરે છે અને હુસ્ને યારના મુશાહિદા (દીદાર)ના સુરમાથી મુનવ્વર થાય છે, તો ઘણો અફસોસ થશે કે એના પછી કોઈ અન્યને જુએ. જેથી એનાથી તો એ જ બેહતર છે કે હું આંધળો થઈ જાઉં. જ્યારે કાલે કયામતમાં ઉઠીશ તો મહબૂબના જમાલ પર જ આંખ ખોલીશ. ત્યાર બાદ ૬૦ વરસ જીવતા રહ્યા. કોઈએ તેમને આંખ ખોલતા ન જોયા.

એ વખતે શયખુલ ઈસ્લામ قدس سرہ એ ફર્માવ્યું કે આ શેઅર મેં હઝરત શયખ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہ થી સાંભળ્યો :

دیدۂ کو جمال دوست بدید۔ تا بود زندہ مبتلا باشد

**(અર્થાત)** "તે નજર જેણે મહબૂબના જમાલને જોઈ લીધો, જ્યાં સુધી જીવંત રહેશે તેમાં ખોવાયેલી રહેશે."

હે દુરવેશ ! હક્ક (રબતઆલા)ની મહોબ્બતમાં સાચો તે જ છે કે જ્યારે તેની નજર હક્કના મુશાહેદા (દીદાર)થી મુનવ્વર થઈ જાય તો આંખને અલ્લાહ સિવાયનાઓથી એ રીતે બંધ કરી લે કે કયામત સુધી કોઈ ચીજને ન જુએ. હશ્રના દિવસે હક્કની તજલ્લીના દીદાર માટે જ ખુલે, પણ જ્યારે મહબૂબ કહે કે હવે આંખો ખોલી દો. ફર્માવ્યું, નજરની તૌબા ત્રણ પ્રકારની છે : પ્રથમ નાદીદની (ન જોવા પાત્ર ચીજ)થી તૌબા. એટલે કે હરામથી તૌબા. બીજુ : મુસલમાન ભાઈની ગીબત કરવાથી તૌબા. મુસલમાન ભાઈનો અયબ જુએ તો તૌબા કરે કે મેં શા માટે જોયો, અને કોઈની સમક્ષ એને જાહેર ન કરે. ત્રીજુ : કોઈને જુલ્મ કરતાં જુએ તો નજરને મલામત કરે (ભલુબુરુ કહે) કે તેં જુલ્મ થતો કેમ જોયો, એનાથી પણ તૌબા કરે. નજરની તૌબા આ જ છે.

### ★ કાનની તૌબા ★

કોઈ એવી વાત ન સાંભળે જેને સાંભળવું જાઈઝ ન હોય. જો સાંભળે તો તરત જ તૌબા કરી લે. સર્વ ન સાંભળવા જેવી બાબતોથી તૌબા કરી લે. કુદરતે ઈન્સાનને સાંભળવાની શક્તિ એટલા માટે અતા ફર્માવી છે કે ખુદાનો ઝિક્ર સાંભળે, અને જ્યાં ક્યાંક કુર્આને હકીમની તિલાવત કરવામાં આવી રહી હોય ત્યાં કાન ધરી લે અને ધ્યાનપૂર્વક સાંભળે કે શું હુકમ થઈ રહ્યો છે. આ શક્તિ (શ્રવણ શક્તિ) એટલા માટે નથી અતા કરવામાં આવી કે **બુરાઈ, ઠઠ્ઠા મશ્કરી, રંગ રાગ અથવા નોહા (છાતી કૂટીને રૂદન)ની અવાજો સાંભળે.** કેમ કે હદીષોમાં આવેલ છે કે **જે શખ્સ એ અવાજો પર કાન લગાડશે તો કયામતના દિવસે સીસુ પીગાળીને તેના કાનોમાં ભરવામાં આવશે.**

ફર્માવ્યું, એક મહાન દુરવેશ હતા જેમનું નામ અબ્દુલ્લાહ ખફીફ رحمۃ اللہ علیہ હતું. એકવાર રસ્તામાં જઈ રહ્યા હતા. વાંસળી વગાડવાનો અવાજ તેમના

www.barkatekhwaja.net

કાનોમાં આવ્યો તો કાનોમાં આંગળીઓ રાખી દીધી. જયારે ઘરે પહોંચ્યા તો ફર્માવ્યું, જાવ ! થોડુ સીસુ પીગાળીને લાવો અને મારા કાનોમાં ભરી દો. આજે એક ન સાંભળવા પાત્ર અવાજ મારા કાનમાં પડી ગયો. હું ચાહું છું કે કયામતના દિવસે અઝાબમાં ન સપડાઉં, જેથી આજે જ એ ગુનાહનો કફ્ફારો અદા કરી દઉં. દુરવેશ લોકોએ જે દુનિયાથી કિનારાકશી તથા એકાંત અપનાવ્યું છે તે એ જ કારણે છે કે તેઓ કોઈ નાજાઈઝ વાત ન સાંભળી શકે. એ જ કાનની તૌબા છે.

### ★ હાથની તૌબા ★

એનો અર્થ એ છે કે માણસ કોઈ એવી ચીજને હાથ ન લગાડે જે શરીઅતની તથા અખ્લાક્ની રૂએ હાથ લગાડવાને પાત્ર નથી, અને એનાથી તૌબા કરે. આ મોકા પર ફર્માવ્યું કે, એકવાર હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہએ બદખ્શાનમાં એક દુરવેશને જોયો કે જે બુઝુર્ગાને દીનમાંથી હતા અને તેમનો લક્બ શયખ બુરહાનુદ્દીન હતો પરંતુ તેમનો એક હાથ કપાયેલો હતો. ત્રીસ વરસ એક ઈબાદતખાનામાં મોઅતકિફ રહ્યા. મેં તેમને પૂછયું, હઝરત ! હાથ કાપવાનો સબબ શો છે ? ફર્માવ્યું, એકવાર હું એક મજલિસમાં હાજર હતો. એ દરમ્યાન સાહિબે મજલિસની ઈજાઝત વગર એક ઘઉંના દાણાને ઉઠાવી લીધો અને તેના બે ભાગ કર્યા અને જમીન પર રાખી દીધા. ગયબથી નિદા આવી, હે દુરવેશ ! તેં આ કેવું કામ કર્યુ કે લોકાના ઘઉંને વિના ઈજાઝતે બે ભાગમાં કરી દીધા ?! જેવી મેં એ વાત સાંભળી તો તરત જ હાથ કાપીને બહાર ફેંકી દીધો જેથી બીજીવાર ન ઉઠાવવા જેવી ચીજ ઉઠાવી ન શકે. હઝરતે અશ્રુમય આંખે ફર્માવ્યું, ખુદાના બંદા આવા થયા છે ત્યારે જ તો બુલંદ મકામ પર બિરાજમાન થયા.

(**નોંધ** : અવલિયા અલ્લાહના ચાહકો ! હવે તમો જાતે પોતે પોતાની જાતનું નિરીક્ષણ કરો કે આપણે આપણી આંખ, કાન, હાથ વગેરે વડે શું શું જોઈએ, સાંભળીએ તથા કરીએ છીએ, અને કેટલાં હરામ કામો કરીએ છીએ, તો શું આપણા માટે તૌબાનો સમય નથી આવ્યો ?! ખરેખર અવલિયા અલ્લાહના ચાહકો છો તો તૌબા કરો અને જહન્નમના ભયાનક અઝાબથી બચવાનો સામાન કરી લો. *–અનુવાદક*)

### ★ પગોની તૌબા ★

પગોની તૌબાથી મુરાદ એવી જગાએ જવાથી તૌબા કરવી જે શરીઅતની રૂએ એને પાત્ર નથી કે ત્યાં જવામાં આવે, અને નફસાની ખ્વાહિશાત સાથે ત્યાં કદમ રાખે. એ જ પગોની તૌબા છે. એકવાર ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ મુસાફિર હતા. એક જંગલમાં પહોંચ્યા. ત્યાં એક ગુફા હતી. એ ગુફામાં એક ઘણા જ બુઝુર્ગ તથા સાહિબે નેઅમત દુરવેશ હતા. તેમનો એક પગ ગુફાની અંદર હતો અને બીજો બહાર અને નજર હવામાં ચોંટેલી હતી. પણ જે પગ બહાર હતો તે કપાયેલો પડેલો હતો. ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું નજીક ગયો અને પગના કપાય જવાના વિશે પૂછયું. ફર્માવ્યું, હે ઝુન્નૂન ! પગના કપાવાનો હાલ સાંભળો ! એક દિવસે હું ગુફાથી બહાર આવ્યો કે જેથી ફરીથી વુઝૂ કરું. એક સ્ત્રી મારી સામેથી પસાર થઈ. મારા નફસે તકાઝો કર્યો તો તરત મેં આ પગ બહાર કાઢયો કે એ સ્ત્રીને પકડી લઉં તો સ્ત્રી અદશ્ય થઈ ગઈ. છરી હાજર હતી, મેં તરત જ આ પગને કાપીને બહાર ફેંકી દીધો. તો હે દુરવેશ ! ચાલીસ વર્ષો થયાં છે કે આ જ રીતે એક પગ પર ઉભો છું અને શર્મિંદગીના કારણે અફસોસના આલમમાં ડૂબેલો છું કે કયામતના દિવસે શું જવાબ આપીશ.

એ જ મોકા પર ફર્માવ્યું કે એક દુરવેશે ખ્વાજા બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہને સવાલ કર્યો કે બારગાહના આશિકોને દરેક સમયે હુઝૂરી થાય છે કે પછી કોઈ ખાસ સમયે ? ફર્માવ્યું કે દરેક સમયે. કેમ કે જો આશિકે હક્ક ઉભેલો છે હક્કના મુશાહિદામાં

web: www.barkatekhwaja.net

જ ઉભો છે અને જો બેઠો છે તો હક્કના મુશાહિદામાં જ ડૂબેલો છે. અને જો સૂતેલો છે તો પણ હક્કના મુશાહિદામાં જ ડૂબેલો છે. તો હક્કનો મુશાહિદો આશિક્ના માટે દરેક પળે જ થાય છે. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! આશિક્ના માટે હુઝૂર (સામે હોવું) તથા ગાયબ સૌ સમાન છે જેવી રીતે હુઝૂર તેવી જ રીતે ગાયબ પણ છે. આ શેઅરો મેં હઝરત શયખ બહાઉદ્દીન ઝકરિયાથી સાંભળ્યા છે :

حضور غیبت عاشق چو ہر دو یکسانست
بغیب مست جمالش حضور نیز ہمانست

"આશિકોને માટે હુઝૂર તથા ગાયબ બંનેવ એક સમાન છે. તે ગયબમાં પણ યારના જમાલમાં મસ્ત હોય છે અને હુઝૂર એને જ કહે છે.

## ★ નફસની તૌબા ★

માણસે જોઈએ કે નફસને સર્વ ખાવાની ચીજો, મનેચ્છાઓ તથા લોભ લાલચની દૂર રાખે અને સર્વથી તૌબા કરે, અને નફસની ખ્વાહિશ પર કોઈ કામ ન કરે. કલામુલ્લાહ શરીફની નસ (આયત)થી સાબિત છે કે જે શખ્સ પોતાના નફસને લોભ લાલચથી રોકી લે છે તેનું ઠેકાણુ જન્નત હોય છે. જેમ કે કલામે પાકમાં આવે છે :–

وَ اَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ وَ نَهَى النَّفْسَ عَنِ الْهَوٰىۙ فَاِنَّ الْجَنَّةَ هِیَ الْمَاْوٰىؕ

**"અને તે જે પોતાના રબ સમક્ષ ઉભા રહેવાથી ડર્યો અને નફસને ખ્વાહિશથી રોક્યો, તો બેશક ! જન્નત જ ઠેકાણુ છે."**

*(સૂરએ નજાત, ૭૯/૪૦,૪૧)*

એકવાર ખલીફા હારૂન રશીદ અબ્બાસીને મલિકા ઝુબૈદા સાથે બોલાચાલી થઈ ગઈ તો ઝુબૈદાએ તેને કહી દીધું, જા ! હે દોઝખી ! હારૂને તરત જ કહ્યું કે જો મને કોઈએ જન્નતી ન કહ્યો તો મારી અને તારી વચ્ચે કસમ લાગુ પડી ગઈ. જ્યારે હારૂન આ વાત કહી ચૂક્યા તો પસ્તાયા અને પોતે પોતાને કહ્યું, હે હારૂન ! તેં આ શું કહી દીધું ?! સારું ન કર્યું ! તમામ ઉલમા તથા ઈમામોને ભેગા કર્યા પણ કોઈએ એ ફત્વો ન આપ્યો કે તું જન્નતી છે. મજલિસમાં ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ પણ મૌજૂદ હતા. તરત ઉઠયા અને ફર્માવ્યું કે હે હારૂન ! શું તું કદી નફસની ઈચ્છાથી પણ દૂર રહ્યો છે ? તેમણે કહ્યું, હા ! ફલાણી મજલિસમાં. ઈમામે ફત્વો આપ્યો કે તું બહિશ્તી છે, કેમ કે :–

وَ اَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ وَ نَهَى النَّفْسَ عَنِ الْهَوٰىۙ فَاِنَّ الْجَنَّةَ هِیَ الْمَاْوٰىؕ

હઝરત શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું, હે દુરવેશ ! તૌબાની ત્રણ હાલતો હોય છે : વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ. વર્તમાનની તૌબા એ છે કે પોતાની ગુનેહગારી પર પસ્તાવો કરે અને શર્મિંદો બને. ભૂતકાળની તૌબા એ છે કે દુશ્મનોને ખુશ કરે. જો કોઈના બે ચાર રૂપિયા છીનવી લીધા અને પછી તૌબા કરી લીધી તો એ તૌબા નથી. તૌબા એ છે કે તે રકમ તેને પરત કરે અને તેનાથી માફી માગી લે. જો તે મરી ચૂક્યો હોય તો ગુલામ આઝાદ કરે જાણે કે તેણે મુડદાને જીવંત કરી આપ્યો. જો કોઈ કોઈની કનીઝ કે નિકાહ થયેલીથી ઝિના કરે તો એ માણસ પાસે ન જાય બલ્કે ખુદાએ ગફૂરો રહીમના દરબારમાં આવે અને તૌબા કરે. જો શરાબી તૌબા કરે તો લોકોને સાફ તથા ઠંડુ પાણી પીવડાવે. મક્સદ એ છે કે તૌબાની હાલતમાં નાફર્માની તથા ગુનાહની માફી ચાહે. ભાવિની તૌબા એ છે કે નિય્યત કરે કે એના પછી તે ગુનાહના કામોથી દૂર થઈ જશે.

જ્યારે શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ આટલે પહોંચ્યા તો ઉઠયા અને અંદર તશરીફ લઈ ગયા, અને અમે લોકો પોત પોતાને ઘરે આવી ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

Web. :www.barkatekhwaja.net

# તાજુશ્શરીઅહના

## જીવનચરિત્રની ઝલકો

હપ્તો : ૦૯

### આંતર રાષ્ટ્રીય વિરોધ પ્રદર્શન

ઈ.સ. ૧૯૮૬, હિ.સ. ૧૪૦૭માં હજ દરમ્યાન હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને સઊદી અરબની હુકૂમતે મક્કા મુકર્રમામાં જુર્મ વિના કેવળ નજદિયતના પ્રભાવની ખાતર ગિરફતાર કરીને અગીયાર દિવસો સુધી કેદમાં બંધ રાખ્યા. અને ઉપરથી સિતમ એ કે તેમને હબીબે પાક صلی اللہ علیہ وسلمના દયારે પાકની હાજરીથી પણ મેહરૂમ કરી આપ્યા, પરંતુ હઝરત પોતાના મૌક઼ફ તથા મસ્લક પર ક઼ાઈમ રહ્યા અને તેમની અડગતામાં ફરક ન પડયો.

આપની ગિરફતારીથી ઈસ્લામી જગતમાં બેચૈની તથા ગુસ્સાની લહેર દોડી ગઈ હતી. અને કેવળ હિંદુસ્તાન નહીં બલ્કે હિંદ બહાર મોટાભાગના ઈસ્લામી તથા ગૈર ઈસ્લામી દેશોમાં પણ સવાદે આ'ઝમ અહલે સુન્નતના વિરોધ પ્રદર્શનોનો લાંબો ક્રમ શરૂ થઈ ગયો. અખ્બારો તથા મેગેઝિનોએ પણ જાનશીને મુફતીએ આ'ઝમ હુઝૂર તાજુશ્શરીઅહની અયોગ્ય રીતે ગિરફતારીની આલોચના કરી. વર્લ્ડ ઈસ્લામિક મિશન–બ્રિટન, રઝા એકેડમી–મુંબઈ, સુન્ની જમિયતુલ ઉલમા, જમિઅતુલ ઉલમાએ ઈસ્લામ પાકિસ્તાન તથા નાની મોટી અંજુમનો તથા જમાઅતોએ જબરદસ્ત વિરોધ પ્રદર્શનો પૂરા અખંડ ભારતમાં કર્યાં અને સઊદિયા હુકૂમતથી માફીની માગણી કરી.

### ★ શાહ ફહદ, શહઝાદા અબ્દુલ્લાહ તથા તર્કી બિન અબ્દુલ અઝીઝથી મુલાકાત ★

હઝરતની ગિરફતારીના પ્રખ્યાઘાત રૂપે મિલ્લતના લીડરોએ લંડનમાં સઊદી હુકૂમતના રાજા શાહ ફહદ, શહઝાદા અબ્દુલ્લાહ તથા તર્કી બિન અબ્દુલ અઝીઝ રાજય મંત્રીથી લાંબી મુલાકાતો કરી. જેમાં અલ્લામા અર્શદુલ ક઼ાદરી, મૌલાના અબ્દુસ્સત્તારખાન નિયાઝી, મૌલાના શાહ અહમદ નૂરાની, મૌલાના સૈયદ ગુલામ સૈયદૈન, મૌલાના શાહિદ રઝા નઈમી, શાહ મુહમ્મદ જીલાની સિદ્દીક઼ી, મૌલાના યૂનુસ કાશ્મીરી, મૌલાના અબ્દુલવહાબ સિદ્દીક઼ી તથા શાહ ફરીદુલ હક્ક઼ તથા અન્ય ઉલમાએ અહલે સુન્નતે સઊદી સત્તાવાળાઓનો પુરજોર અંદાઝમાં ગિરફતારી પર વિરોધ નોંધાવ્યો અને હરમૈન શરીફૈનમાં દરેક મસ્લકના લોકોને પોતાના અક઼ીદા પ્રમાણે નમાઝ પઢવા અને અન્ય અરકાન અદા કરવા દેવાની માગણી કરી. જેના પર એ સત્તાધારી આગેવાનોએ તરત મંજૂર કરી લીધું અને મુસ્લિમ ઉમ્મત માટે સઊદી હુકૂમતે એ એલાન બહાર પાડયું કે :

હરમૈન શરીફૈનમાં દરેક મસ્લક તથા મઝહબના લોકો હવે સ્વતંત્ર રીતે ઈબાદત કરશે. કન્ઝુલ ઈમાન પર પાબંદી મારા હુકમથી નથી લગાડવામાં આવી. મને એનો ઈલ્મ પણ નથી. હવે મીલાદની મેહફિલો આઝાદાના તરીક઼ા પર થશે. કોઈના પર કોઈ જબરદસ્તી ન થશે. સુન્ની હાજીઓ સાથે કોઈ જબરદસ્તી થશે નહીં. *(રોઝનામા અલ એહરામ, કાહિરા, ૧૨–રબીઉલ અવ્વર હિ. ૧૪૦૭, ઈ.સ. ૧૯૮૭, રોઝનામા જંગ–લંડન, ૩–માર્ચ, ઈ.સ. ૧૯૮૭, હિ. ૧૪૦૭)*

છેવટે કુર્બાની રંગ લાવી. અહલે સુન્નતના

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

Web: www.barkatekhwaja.net

વિરોધોએ સઊદી હુકૂમતને એ વિચારવા મજબૂર કરી દીધી તથા લંડનમાં સઊદી સત્તાધીશ શાહ ફહદે એ એલાન કરવું પડયું કે હરમૈન શરીફૈનમાં દરેક મસ્લકના લોકોએ તેમના તરીક્ાઓ પર ઈબાદતો કરવાની આઝાદી રહેશે. વર્લ્ડ ઈસ્લામિક મિશન બ્રિટનના કાર્યકર્તાઓએ લંડનમાં શાહ ફહદ તથા તેમના ભાઈ પ્રિન્સ તર્કી ઈબ્ને અબ્દુલ અઝીઝ, શહઝાદા અબ્દુલ્લાહથી મુલાકાત કરીને વિવાદાસ્પદ મસાઈલ બાબતે ચર્ચા કરી. અલ્લામા અર્શદુલ કાદરીએ સઊદી સફીરને અરબી ભાષામાં એક મેમોરેન્ડમ પણ આપ્યું.

૨૧–મે ઈ.સ. ૧૯૮૭ હિ.સ. ૧૪૦૭ના સઊદી એલચી કચેરી દિલ્હીથી હઝરતના ઘરે એક ફોન આવ્યો અને ખુદ હિંદના સઊદી એમ્બેસેડર મિસ્ટર ફવાદ સાદિક્ મુફતીએ આપને એ ખબર આપી કે સઊદી અરબની હુકૂમતે આપને મદીના મુનવ્વરાની ઝિયારત તથા ઉમરાના માટે એક મહિનાની ખાસ વિઝા આપી અને અમે આપની સાથે થઈ ગયેલ પાછલા મામલાથી માફી ચાહીએ છીએ.

હઝરત ૨૪ મે ઈ.સ. ૧૯૮૭ હિ.સ. ૧૪૦૭ હિજરીના સઊદી ફલાઈટથી વાયા જિદ્દા મદીના મુનવ્વરા પહોંચ્યા. સઊદી એલચી કચેરીએ આપના આગમનની ખબર જિદ્દા તથા મદીના એરપોર્ટ પર આપી દીધી હતી. સઊદી એલચી મિ. ફવાદ સાદિકે આ મામલામાં ઘણી દિલચસ્પી લીધી. મૌલાના અઝહરી (હુઝૂર તાજુશ્શરીઅહ) ઉમરા તથા મદીના મુનવ્વરાની ઝિયારતથી મુશર્રફ થઈને સઊદીમાં ૧૬ દિવસના રોકાણ બાદ વતન પરત આવ્યા. દિલ્હી એરપોર્ટ પર, બરેલી જંકશન પર હજારો અકીદતમંદો તથા મુરીદોએ આપનુ ઉષ્માભેર સ્વાગત કર્યું.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ–૩૧)*

## ★ ઈલ્મી તથા રૂહાની હોદ્દાઓ ★

હઝરત મુફસ્સિરે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તથા હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના વિસાલ ફર્માવ્યા પછી જાનશીને આ'લા હઝરત, જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ, કાઝીયુલ કુઝાત ફિલ હિંદ, અરબ તથા અજમમાં એ જ હૈસિયતથી આપની ઓળખ છે. ઈલ્મી તથા રૂહાની બંનેવ કમાલોના એતબારથી ઈસ્લામના દાનિશ્વરોએ આપને ''તાજુશ્શરીઅહ'' તથા ''તાજુલ ઈસ્લામ''ના લકબોથી યાદ કર્યા. તાજુશ્શરીઅહ આપનો એવો લકબ છે જે વર્તમાનકાળમાં આપના ઈલ્મી કમાલની હૈસિયત દર્શાવે છે. ઉલમાએ અહલે સુન્નત તથા મુફક્કિરીને ઈસ્લામ નીચે મુજબના લકબો વડે પણ આપને યાદ કરે છે : મરજઉલ ઉલમા વલ્ફુઝલા, જિમેઉલ ઉલૂમ વલ ફુનૂન, વારિષે ઉલૂમે આ'લા હઝરત, શયખુલ મુહદ્દિષીન, સિરાજુલ મુફસ્સિરીન, ઉસ્તાઝુલ ફુકહા, સુલ્તાનુલ ફુકહા, ફકીહે આ'ઝમ, ફકીહે અસ્ર, ફખ્રે અહલે સુનન, સનદુલ મુફતીય્યીન, બદરે તરીકત, જામેએ શરીઅતો તરીકત, આરિફે હકીકતો મઅરેફત, અમીરુલ હિંદ, શૈખુલ કુલ, મુર્શિદે કામિલ, આબરૂએ અહલે સુન્નત વગેરે.

## ★ હુઝૂર તાજુશ્શરીઅહની રોજનીશી ★

હઝરત સમયના ઘણા પાબંદ હતા. જયારે બરેલી શરીફમાં હોતા તો નીચે પ્રમાણે કામોમાં સમય પસાર કરતા :

**શનિવાર** : ફજરની નમાઝ બાદ તિલાવત, વઝીફા. નાશ્તાથી પરવારીને કિતાબો સાંભળતા અથવા ફતવા લખાવતા અથવા ફતવા સાંભળીને તસ્દીક કરતા. બપોરના એક વાગ્યા સુધી ડ્રોઈંગ રૂમમાં બેસતા. તખસ્સૂસ ફિલ ફિકહના તલબાને ૧૧ કે ૧૨ વાગ્યા બાદ દર્સ આપતા. ખાણુ ખાઈને કૈલૂલા કરતા. ઝહોરની નમાઝ બાદ કિતાબો સાંભળતા અથવા કિતાબો લખાવતા. અસરની નમાઝ બાદ



Web : www.barkatekhwaja.net

દલાઈલુલ ખૈરાત પઢતા. મગરિબની નમાઝ બાદ વઝીફાથી ફારિગ થઈને ફરી કિતાબો સાંભળતાં કે કિતાબો લખાવતા. પછી ઈશા બાદ ખાવા ખાતા. ત્યાર બાદ થોડીવાર ટહેલતા (ચાલતા) પછી કિતાબો સાંભળતા અથવા લખાવતા. રાતના ૧૧ થી ૧૨ વાગ્યા સુધી આ ક્રમ ચાલુ રહેતો. એ દરમિયાન મુલાકાતી મુલાકાત પણ કરતા, મુરીદ થનારા સિલસિલામાં દાખલ થતા, પછી આરામ કરતા.

**રવિવાર** : એ દિવસે ઈશાની નમાઝ બાદ ઈન્ટરનેટ પર ઓન લાઈન સવાલોના જવાબો આપતા. ઈંગ્લિશ સવાલનો ઈંગ્લિશમાં, અરબીનો અરબીમાં, ઉર્દૂનો ઉર્દૂમાં જવાબ આપતા. બાકીનો ક્રમ શનિવાર જેમ.

**પીર (સોમવાર)** : શનિવાર જેમ પસાર કરતા.

**મંગળવાર** : શનિવાર જેમ પસાર કરતા.

**બુધવાર** : શનિવાર જેમ પસાર કરતા.

**જુમેરાત** : બપોરના દૌરએ હદીષના તલબાને બુખારી શરીફનો દર્સ આપતા. મગરિબની નમાઝ બાદ અઝહરી ગેસ્ટ હાઉસના હોલમાં (જ્યાં હાલ આપનો મઝાર છે) એહલે સુન્નતની અવામના સવાલોના જવાબો આપતા. આસપાસ ઉપરાંત દૂર દૂરથી લોકો હઝરતની "મેહફિલે સવાલો જવાબ"માં હાજર થતા. બાકીની રોજનીશી શનિવાર જેમ રહેતી.

**જુમ્આ** : એ દિવસે મોડેથી ડ્રોઈંગ રૂમમાં તશરીફ લાવતા. લગભગ ૧૦ કે અગીયાર વાગે આવી જતા. મુલાકાતીઓ સાથે મુલાકાત બાદ લેખન કામ કરાવતા. એક વાગ્યે ઘરની અંદર તશરીફ લઈ જતા પછી જુમ્આના સમયે તૈયાર થઈને બહાર આવતા. મસ્જિદમાં ખુત્બો આપતા, નમાઝ પઢાવતા. મગરિબની નમાઝ બાદ શહેરની કોઈ મસ્જિદમાં સવાલ જવાબનો પ્રોગ્રામ રાખવામાં આવતો તો ત્યાં તશરીફ લઈ જતા. પછી પરત આવ્યા બાદ બાકી રાબેતા મુજબ રોજનીશી રહેતી.

તદ્ઉપરાંત કોઈ વખતે જનાઝાની નમાઝ માટે અથવા તાઝીયત તથા અયાદતના માટે અથવા આસપાસના પ્રોગ્રામોમાં પણ તશરીફ લઈ જતા. સફર તથા ઉતારા પર શક્ય ત્યાં સુધી હુઝૂર તાજુશ્શરીઅહ આ મામૂલાતમાં ફરક આવવા દેતા ન હતા. તે સમય જે સ્ટેજ અથવા મુલાકાતમાં વપરાય છે તે આનાથી અલગ છે. ઉપરોક્ત લખાણમાં જે રોજનીશી વર્ણન થઈ તે આપના બીમાર થતા અગાઉ હતી. બીમાર થયા બાદ બરેલીમાં રહેતા તો દિવસના ૧૦ વાગ્યાથી દોઢ વાગ્યા સુધી અને મગરિબ બાદથી ઈશા સુધી મુલાકાતીઓથી મુલાકાત કરતા અને કિતાબના લેખન સંપાદનનું કામ કરતા રહેતા.

(ક્રમશઃ)

શું આપ શાદી અંગે વિચારી રહ્યા છો ?
સુન્ની મુસ્લિમ મેરેજ બ્યુરો
www.sunnimuslimshaadi.com
ઓનલાઈન મેરેજ બ્યુરોના ફાયદા
• ઘણીબધી પસંદગીની તક
• ટાઈમ, ટુરીંગ, પૈસાની બચત
• છોકરી પક્ષવાળા પણ માંગુ નાખી શકે છે.
• વાર્ષિક ફી રૂા. ૧૫૦૦/-
કસ્ટમર કેર :-
૦૦૯૧ ૨૮૫ ૨૬૫૩૦૪૮
૦૦૯૧ ૯૫૫૮૦ ૨૩૩૭૭
ટાઈમ : સાંજે ૬ થી ૮
રવિવારે બંધ
સુચના : અમારી વેબસાઈટ ફકત પાત્રની માહિતી આપે છે, બન્ને પક્ષોએ બધી જાતની તપાસ પોતાની રીતે કરી લેવી.

Web.:-www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા (હપ્તો ૨૮)

# હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ | અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

### ★ સાચા વલીઓ પોતાની બેઈજ્જતી પર ખુશ થતા ! ★

લોકોએ જ્યારે આપને સવાલ કર્યો કે શું ફક઼ીરી હાલતમાં આપને કદી ખુશી પણ હાંસલ થઈ ? તો આપે ફર્માવ્યું, ઘણી વખતે. અને એકવાર હું મેલાં કપડાં અને વધેલા વાળોની હાલતમાં નાવડીમાં સવાર થઈ ગયો. અને નાવડીવાળા મારી મઝાક ઉડાડવા લાગ્યા. ત્યાં સુધી કે એક મઝાકીયો વારંવાર મારા વાળ ખેંચતો અને મુક્કા મારતો રહ્યો. જેથી એ વખતે મને મારા નફ્સની બેઈજ્જતી પર ખૂબ જ ખુશી ઉપજી. પછી એ જ દરમિયાન નદીમાં તોફાન આવી ગયું અને નાવિકે કહ્યું કે આ દીવાનાને નદીમાં ફેંકી દો. અને જ્યારે લોકોએ મારો કાન પકડીને ફેંકવા ચાહ્યું તો તોફાન રોકાય ગયું, અને મને મારી બેઈજ્જતી પર બેહદ ખુશી થઈ.

એકવાર એક મસ્જિદમાં આરામ કરવા માટે ગયો તો ત્યાંના લોકોએ માર મારીને મસ્જિદનાં પગથિયાંથી નીચે ફેંકી દીધો. અને દરેકે દરેક પગથિયા પર જ્યારે માથામાં ચોટ લાગતી તો મારા ઉપર અસ્રારો રુમૂઝ (રહસ્યો) જાહેર થતાં જતાં. વળી એકવાર હું એવી જગાએ જઈને ફસાયો કે જ્યાં એક બેહૂદો મારા પર પેશાબ ફેંકતો રહ્યો અને હું મારી બેઈજ્જતી પર ખુશ થતો રહ્યો. વળી એકવાર કપડામાં જૂઓ પડી જવાના કારણે પરેશાનીની હાલતમાં મને મારી હુકૂમતનો દોર યાદ આવી ગયો અને મને મારી તકલીફ તથા બેઈજ્જતીથી બેહદ ખુશી થઈ.

### ★ અલ્લાહવાળાઓનો તવક્કુલ આવો હોય છે ★

આપ ફર્માવ્યા કરતા કે હું તવક્કુલ કરીને એક જંગલમાં પહોંચી ગયો અને પછી ત્યાં કેટલાય દિવસો કાંઈ ન ખાધા પછી એ ખયાલ આવ્યો કે નજીકમાં મારો એક દોસ્ત રહે છે તેને ત્યાં જઈને કાંઈક ખાય લેવામાં આવે. પરંતુ એ જ વખતે એ ખયાલ પણ આવ્યો કે આ રીતે તો મારો તવક્કુલ અદશ્ય થઈ જશે ! તો એક મસ્જિદમાં પહોંચીને આ કલમાનો વિર્દ કરવાનું શરૂ કરી દીધું : تَوَكَّلْتُ عَلَى الْحَيِّ الَّذِي لَا يَمُوتُ એટલે કે, "મારો તવક્કુલ એના પર છે જે ઝિંદા છે અને કદી મરશે નહીં." ત્યાર બાદ ગયબી નિદા આવી કે અલ્લાહે મુતવક્કિલથી આલમને પાક કરી આપ્યો છે. અને જ્યારે મેં એ સવાલ કર્યો કે આ કેવી નિદા છે ? તો ફરી નિદા આવી કે એને કોઈ રીતે મુતવક્કિલ નથી ધારવામાં આવતો જે દોસ્તોને ત્યાં ખાવાનો ઈરાદો કરતો હોય. આપ મોટાભાગે એ પણ ફર્માવ્યા કરતા કે મુતવક્કિલથી જ્યારે એ પૂછયું કે તમારી પાસે ખાવા ક્યાંથી આવે છે ? તો તેણે જવાબ આપ્યો કે આ સવાલ તો અલ્લાહ તઆલાથી કરો ! મારી પાસે તો આવી બેહૂદા વાતનો જવાબ નથી.

### ★ સાચો ગુલામ તે આનુ નામ ! ★

આપ ફર્માવ્યા કરતા હતા કે મેં એક ગુલામ ખરીદીને તેનું નામ પૂછયું તો જવાબ આપ્યો કે તમે ચાહો જે નામથી પુકારો ! પછી મેં જ્યારે એ સવાલ

Web. : www.barkatekhwaja.net

કર્યો કે તમે ખાવ છો શું ? કહ્યું, જે આપ ખવડાવી દો ! મેં ફરી પૂછ્યું કે તમારી ખ્વાહિશ શું છે ? તો તેણે જવાબ આપ્યો કે જે આપની ખ્વાહિશ હોય ! ગુલામને એ ચીજોથી બહષ નથી રહેતી. આ સાંભળીને મેં વિચાર્યું કે કાશ ! હું પણ અલ્લાહ તઆલાનો આવો જ આજ્ઞાંકિત હોત તો કેટલુ બેહતર થાત !

*(આપણે પણ આશિકે રસૂલ, આશિકે હુસૈન, આશિકે અલી તથા આશિકે અવલિયા હોવાનો દાવો કરીએ છીએ, તો જેમની ગુલામીનો આપણો દાવો છે તેમની મરજીથી વિરુદ્ધ આપણે જો ચાલીએ તો એ દાવામાં આપણે જૂઠા સાબિત થઈએ છીએ. –તંત્રી)*

જ્યારે લોકોએ આપને સવાલ કર્યો કે આપ કોની બંદગી કરો છો ? એ સાંભળીને આપ ધ્રુજી ઉઠયા અને જમીન પર ગબડી પડયા અને ઘણે મોડે સુધી આળોટતા રહ્યા. પછી બેઠા થઈને આ આયત તિલાવત કરી :

اِنْ كُلُّ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ اِلَّآ اٰتِي الرَّحْمٰنِ عَبْدًا

"આસ્માન તથા જમીનમાં રહેનારા તમામે તમામ ખુદાની સામે બંદા બનીને આવનારા છે." *(સૂ. મરયમ, ૧૯/૯૩)* અને જ્યારે લોકોએ એ સવાલ કર્યો કે જમીનમાં પડવાથી પહેલાં આપે આ આયત કેમ તિલાવત ન કરી. ફર્માવ્યું, જો હું ખુદને અલ્લાહનો બંદો કહું તો તે બંદગીનો હક્ક તલબ કરશે, અને બંદો હોવાથી નકાર પણ નથી કરી શકતો.

પછી કોઈએ પૂછયું કે આપના સમયો કઈ પ્રવૃત્તિમાં પસાર થાય છે ? ફર્માવ્યું કે મારી પાસે ચાર સવારીઓ છે જ્યારે નેઅમત હાંસલ થાય છે તો શુક્રની સવારી પર એની સામે જાઉં છું, અને જ્યારે ફર્માબરદારી કરું છું તો ખુલૂસ (નિખાલસતા, નિસ્વાર્થપણા)ની સવારી પર સામે જાઉં છું. અને જ્યારે ગુનાહમાં સપડાઉં છું તો શર્મિંદગી તથા તૌબાની સવારી પર હાજર થાઉં છું, અને મુસીબતોમાં સપડાઉં છું તો સબ્રની સવારીથી કામ લઉં છું. આપનો એક કૌલ એ પણ છે કે જ્યાં સુધી બંદો બીવી બચ્ચાંને છોડીને કૂતરાંની જેમ ઘોડાની કમર પર ન આળોટે ત્યાં સુધી કે મુડદાંઓની સફમાં ગણવામાં નથી આવતો. અને આપનો એ કૌલ એટલા માટે પણ સહીહ છે કે આપે સલ્તનત છોડીને બેઈજ્જતી તથા રુસ્વાઈ અપનાવી જેના કારણે ફક્રની દૌલતથી માલામાલ થયા.

કોઈ જગાએ શયખોનો મજમો હતો અને જ્યારે આપે એમની નજીક બેસવા ચાહ્યું તો તેમણે મના કરતાં કહ્યું કે હજી તમારી અંદરથી હુકૂમતની બૂ નથી ગઈ. એ વાત કેટલી આશ્ચર્યજનક છે કે એ શયખોએ જ્યારે આપના જેવી હસ્તીને નિકટતા અર્પણ ન કરી તો બીજાઓના માટે એમનો શો ખયાલ હશે ! અને ખુદ તેમના મર્તબાઓનો ખુદા સિવાય કોણ અંદાઝો કાઢી શકે છે ? કોઈએ આપને સવાલ કર્યો કે દિલો પર પર્દા કેમ પડેલા છે ? ફર્માવ્યું કે ખુદાના દુશ્મનોને આપણા દોસ્ત સમજવા પર અને આખેરતની નેઅમતોને ભૂલાવી દેવાના કારણે.

કોઈએ આપને નસીહત કરવાની ખ્વાહિશ કરી તો ફર્માવ્યું કે ખાલિકને મહબૂબ રાખીને મખ્લૂકથી દૂરી અપનાવી લો, અને બંધને ખોલી દો અને ખુલેલાને બંધ કરી દો. અને જ્યારે તેણે આ વાકયનો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે માલ દોલતની મહોબ્બત છોડીને થેલીનુ મુખ પહોળુ કરી દો અને બેકાર બાબતોથી બચતા રહો. હઝરત અહમદ ખિઝરવિયાનો કૌલ છે કે એકવાર હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ એ તવાફની હાલતમાં કોઈને ફર્માવ્યું કે જ્યાં સુધી તમે પોતાના ઉપર અઝમત તથા ઈજ્જત અને ખ્વાબ તથા અમારતનો દરવાજો બંધ કરીને ફક્રો ઝિલ્લત અને બેદારીનો દરવાજો વિસ્તારશો નહીં ત્યાં સુધી તમને સાલેહીનનો મર્તબો હાંસલ નથી થઈ શકતો.

Web.:www.barkatekhwaja.net

# જાદૂની હકીકત તથા તેનો ઈલાજ

હપ્તો : છેલ્લો

અઝ : હઝરત મૌલાના શાહ તુરાબુલહક્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

## ★ લોકોમાં જાદૂ કેવી રીતે ફેલાયો ? ★

જામિઉલ બયાન, ૧/૩૫૩ પર નક઼લ છે : હઝરત સુલૈમાન علیہ السلامના હુકૂમતના દૌર પહેલાં સરકશ જિન્નાત શૈતાનો આસ્માની દુનિયાની નજીક જતા અને ત્યાં છુપાઈને ફરિશ્તાઓની વાતો સાંભળતા. ફરિશ્તાઓ પર જે અલ્લાહ તઆલાનો હુકમ નાઝિલ થતો તેઓ એકબીજાને અલ્લાહ તઆલાનો હુકમ પહોંચાડતા. એમાં એ પ્રકારની વાતો હોતી કે કોણ ક્યારે મરશે ? વરસાદ ક્યારે થશે ? જિન્નાત એ વાતો સાંભળીને જ્યોતિષો તથા જાદૂગરોને બતાવી દેતા. જ્યોતિષ તથા જાદૂગર એ વાતો લોકો સમક્ષ વર્ણવતા. અમુક વાર એ વાતો અસ્તિત્વમાં આવી જતી. એ જ્યોતિષો જિન્નાતની તરફથી મળનારી ખબરોની સાથે સાથે પોતાની પાસે ઘણી બધી વાતો લોકોને વર્ણન કરીને તેમનામાં ઝઘડા કરાવી દેતા હતા.

જાદૂગરો તથા જ્યોતિષોએ એ વાતોને કિતાબોમાં લખવાનુ શરૂ કર્યું જેને તેઓ જિન્નાતથી હાંસલ કરતા હતા. પછી જિન્નાતે જ્યોતિષોને જાદૂના પ્રકારો શીખવાડયા અને એ મંત્ર શીખવાડયા જેને પઢવાથી સરકશ જિન્નાત, શૈતાનો ખુશ થાય અને તેઓ જાદૂગરના માટે કામ કરે. આ રીતે શૈતાનોની મદદથી જાદૂગરોએ કિતાબો લખી. હઝરત સુલૈમાન علیہ السلامએ તલાશ કરાવીને એ કિતાબોને જપ્ત કરીને એક સંદૂકમાં રાખીને પોતાના તખ્તની નીચે દફન કરાવી દીધું. જિન્નાતમાંથી જો કોઈ આપની કુર્સી (તખ્ત)ની પાસે આવતો તો તે સળગી જતો. જ્યારે હઝરત સુલૈમાન علیہ السلامનો વિસાલ થઈગયો અને એક અરસો પસાર થઈ ગયો જેમાં ઉલમાએ રબ્બાનિય્યીન પણ વિસાલ કરી ગયા. પછી શૈતાન માનવ સ્વરૂપમાં બની ઈસ્રાઈલની એક જમાઅતના પાસે આવ્યો અને કહેવા લાગ્યો, હું તમને એક ન ખત્મ થનારો ખજાનો બતાવું ? લોકોએ કહ્યું, જરૂર બતાવો. શૈતાન તે લોકોને લઈને ત્યાં પહોંચ્યો જ્યાં સુલૈમાન علیہ السلامનો તખ્ત હતો. કહેવા લાગ્યો, અહીં ખોદકામ કરો. લોકોએ ખોદકામ કર્યું તો સંદૂક નીકળી. કહેવા લાગ્યા, એને ખોલો. જ્યારે લોકોએ સંદૂક ખોલી તો એમાં કિતાબો નીકળી જેમાં જાદૂઈ મંત્રો લખેલા હતા. શૈતાન કહેવા લાગ્યો, આ સુલૈમાન علیہ السلامનો ખજાનો છે અને આ એમનો ઈલ્મ (તથા જાદૂ) છે. (મઆઝલ્લાહ !) એના થકી સુલૈમાન علیہ السلام માનવો, પક્ષીઓ, જિન્નાત તથા હવા પર હુકૂમત કર્યા કરતા હતા. લોકોએ શૈતાનની આ વાતચીતથી પ્રભાવિત થઈને જાદૂને લોકોમાં ફેલાવી દીધો અને એ વાત મશહૂર કરી દીધી કે (મઆઝલ્લાહ !) હઝરત સુલૈમાન علیہ السلام જાદૂગર હતા. હુઝૂર ﷺના આગમન સુધી યહૂદી હઝરત સુલૈમાન علیہ السلامના બારામાં એ જ રાય ધરાવતા હતા કે તેઓ નબી નહીં પણ જાદૂગર હતા.

જ્યારે હુઝૂર ﷺએ હઝરત સુલૈમાન علیہ السلامનો ઉલ્લેખ અંબિયાએ કિરામ علیہم السلامમાં કર્યો તો યહૂદી શોર મચાવવા લાગ્યા અને વાંધો ઉઠાવતાં કહેવા લાગ્યા કે આપ નબીઓના વર્ણનમાં હઝરત સુલૈમાન علیہ السلامનો ઉલ્લેખ કેમ કરો છો ? એ તો

Web.: www.barkatekhwaja.net

જાદૂગર હતા! (મઆઝલ્લાહ !) એના પર આયત નાઝિલ થઈ કે હઝરત સુલૈમાન عليه السلامએ કુફ્ર નથી કર્યું, કેમ કે મોટાભાગે જાદૂ ખાસ કરીને હઝરત સુલૈમાન عليه السلامના જમાનામાં જે જાદૂ હતો તે કુફ્રિયા જાદૂ હતો. એમાં કુફ્રિયા તથા શિર્કિયા મંત્રો રહેતા હતા. રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَمَا كَفَرَ سُلَيْمٰنُ وَ لٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ

"સુલૈમાન عليه السلامએ કુફ્ર નથી કર્યું, હા ! શૈતાનો કુફ્ર કરે છે અને લોકોને જાદૂ શીખવાડે છે."

*(સૂ. બક઼રહ, ૨/૧૦૨)*

મોહતરમ હઝરાત ! એ તો તમે જાણી લીધું કે લોકોમાં જાદૂ કેવી રીતે આમ થયો અને કેવી રીતે તે વધતાં વધતાં દરેક દૌરમાં ચાલુ રહ્યો અને આજે પણ લોકો તેને પોતાના બુરા હેતુઓ માટે ઉપયોગમાં લે છે. યાદ રાખશો કે **જાદૂ કરવો હરામ તથા જહન્નમમાં લઈ જનારું કામ છે.** અને જો એમાં કોઈ કુફ્રી વાતો હોય **તો કરનારો કાફિર થઈ જશે.** જાદૂ હલાક કરનારી ચીજોમાંથી છે. હદીષોમાં જાદૂ કરનારાઓની સખ્તી સાથે બુરાઈ કરવામાં આવી છે. જેમ કે આપની ખિદમતમાં હદીષો પેશ કરું છું જેથી કરીને જો કોઈ આ બુરા કૃત્યમાં સપડાયેલ છે તો હજી પણ સમય છે કે તૌબા કરી લે, નહીં તો હલાકત તથા બર્બાદી માટે તૈયાર થઈ જાય.

## ★ હલાક (બર્બાદ) કરનારી ચીજો ★

**હદીષ શરીફ** : સહીહ બુખારી કિતાબુલ વસાયામાં હદીષ નં. ૨૭૬૬ નકલ છે. હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે નબી પાક صلى الله عليه وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : સાત હલાક કરનારી ચીજોથી બચો ! સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم એ કઈ ચીજો છે ? ઈર્શાદ ફર્માવ્યો : (૧) અલ્લાહ તઆલા સાથે શિર્ક કરવું. (૨) એ જાનને નાહક્ક઼ ક઼ત્લ કરવી જેને અલ્લાહ તઆલાએ હરામ કરી. (૩) વ્યાજ ખાવું. (૪) યતીમનો માલ ખાવો. (૫) જેહાદમાં પીઠ ફેરવીને ભાગવું. (૬) પાકબાઝ સ્ત્રીઓ પર આક્ષેપ મૂકવો. (૭) જાદૂ કરવો.

## ★ જ્યોતિષો પાસે જવું અને તેમની વાતો પર યક઼ીન કરવું ★

અમુક લોકો જ્યોતિષ, કાહિનો અને રમલ તથા જફરના જૂઠા દાવેદારોની પાસે જઈ કિ઼સ્મતનો હાલ માલૂમ કરે છે, પોતાનો હાથ દેખાડે છે, ફાલનામાં કઢાવે છે પછી એના પ્રમાણે ભાવિ જીવનનું આયોજન કરે છે. આ કાર્યપધ્ધતિમાં નુકસાન જ નુકસાન છે.

**હદીષ શરીફ** : સહીહ મુસ્લિમ, બાબ باب تحريم الكهانة وتيان الكهان માં હદીષ નક઼લ છે. નબી કરીમ صلى الله عليه وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, **"જે કોઈ નજૂમી (જ્યોતિષ)ની પાસે જઈને કોઈ ચીજના બારામાં પૂછે, તો ચાલીસ દિવસ સુધી તેની નમાઝ ક઼બૂલ નથી થતી."**

ઈમામ અહમદ રઝાખાં رحمة الله عليه ફતાવા રઝવિય્યહ, ૨૧/૧૫૫ (રઝા ફાઉન્ડેશ) પર લખે છે : **કાહિનો તથા જ્યોતિષો (જોગીઓ)ને હાથ બતાવીને તક઼દીરનું ભલુબુરુ પૂછ્યું જો તેના પર યક઼ીન રાખીને હોય એટલે જે એ બતાવે છે તે હક્ક઼ છે તો તદ્દન કુફ્ર છે.** અને એતેક઼ાદ રૂપે (યક઼ીનની સાથે) ન હોય પણ આકર્ષણની સાથે હોય તો **ક઼બીરા ગુનોહ** છે અને જો હંસી મજાક પૂરતુ હોય તો **નિરર્થક તથા મકરૂહ** છે. હા ! જો આજિઝ તથા ઝલીલ કરવાની નિય્યત હોય તો વાંધો નથી.

Web: www.barkatekhwaja.net

મોહતરમ હઝરાત ! બુધ્ધિ પણ એ વાતને સ્વીકારે છે કે જો એ જ્યોતિષો અને બનાવટી આમિલોની પાસે એટલો ઈલ્મ હોત તો તેઓ પોતે જ પોતાનો હાથ જોઈને પોતાની કિસ્મતનો હાલ કેમ માલૂમ નથી કરી લેતા ?! તેઓ જાતે જ પોતાનો હિસાબ કિતાબ લગાડીને કેમ માલદાર નથી બની જતા?! જાણવા મળ્યું કે એ લોકો ધોકાબાઝ છે, પ્રપંચી છે. અલ્લાહ કરે આપણા મુસલમાન ભાઈ તથા ખાસ કરીને આપણી બહેનો આ હકીકતને સમજે.

મોહતરમ હઝરાત ! હવે અંતમાં હદીષો તથા ઉમ્મતના ઉલમાના કથનોની રોશનીમાં જાદૂનો ઈલાજ માલૂમ કરીએ છીએ.

## ★ જાદૂના ઈલાજો ★

**ઈલાજ નં. ૧** : ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારી, ૧૪/૬૪ પર અલ્લામા બદરુદ્દીન અયની رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ એ હઝરત વહબ رحمۃ اللہ علیہ થી રિવાયત કરી. તે ફર્માવે છે, બોરડીના ઝાડનાં સાત પાંદડાં લઈને તેને બે પથ્થરો વચ્ચે પીસી લેવામાં આવે, પછી તેને પાણીમાં મિલાવી લેવામાં આવે અને એ પાણી પર આયતુલ કુર્સી પઢવામાં આવે અને એમાંથી ત્રણ ઘૂંટડા જેના પર જાદૂ કરવામાં આવ્યો હોય તેને પીવડાવવામાં આવે અને બાકીના વડે તેને ગુસ્લ આપવામાં આવે. (ગુસ્લ કોઈ ટબ વગેરેમાં કરે કે જેથી પાણી બહાર ન પડે. પછી પાણી ભેગુ કરીને ક્યારી વગેરેમાં નાખી દેવામાં આવે) ઈન્શાઅલ્લાહ ! જાદૂ ખત્મ થઈ જશે.

**ઈલાજ નં. ૨** : સુનને નિસાઈમાં હદીષ નં. ૨૦૬૫ નકલ છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તમને તે કલમા ન બતાવું જે (બદમાશ જિન્નાત, જાદૂ તથા બુરી નજરથી) અલ્લાહ તઆલાની પનાહની તલબમાં સૌથી અફઝલ છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કેમ નહીં ! (આપ જરૂર બતાવો) ઈર્શાદ ફર્માવ્યો, એ કલમા આ બે સૂરતો છે : સૂરએ ફલક઼ તથા સૂરએ નાસ.

**ઈલાજ નં. ૩**: સહીહ બુખારીમાં હદીષ નં. ૫૪૪૫ નકલ થયેલ છે. નબી પાક ﷺ એ ફર્માવ્યું, જેણે નર્યા કોઠે અજવા ખજૂરની સાત પેશીઓ ખાય લીધી, તે દિવસે તેને જાદૂ તથા ઝહેર પણ નુકસાન પહોંચાડશે નહીં.

**ઈલાજ નં. ૪** : અબૂ દાઊદ શરીફ કિતાબુત્તિબ્બમાં છે : જે શખ્સને જાદૂ અથવા જિન્નાતના કારણે બુરા ખ્વાબ આવતા હોય, ગભરાહટ થતી હોય કે ડર મેહસૂસ થતો હોય, તેણે જોઈએ કે આ દુઆ પઢીને દમ કરી લે અથવા કરાવી લે તો શિફા થશે :–

اَعُوذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ غَضَبِهٖ وَشَرِّ عِبَادِهٖ وَمِنْ هَمَزَاتِ الشَّيَاطِيْنِ وَاَنْ يَّحْضُرُوْنِ

**ઈલાજ નં. ૫** : જન્નતી ઝેવરના પેજ નં. ૬૦૯ પર છે કે જાદૂ ટોનાના માટે આ આયત લખીને બીમારના ગળે પહેરાવવામાં આવે અને પાણી પઢીને પીવડાવે તથા એ જ પઢેલા પાણી વડે બીમારને કોઈ મોટા ટબમાં બેસાડીને નવડાવે અને પાણીને કોઈ ક્યારી વગેરે જગાએ નાખી દે. આયત આ છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَلَمَّآ اَلْقَوْا قَالَ مُوْسٰى مَا جِئْتُمْ بِهِ ۙ السِّحْرُ ؕ اِنَّ اللّٰهَ سَيُبْطِلُهٗ ؕ اِنَّ اللّٰهَ لَا يُصْلِحُ عَمَلَ الْمُفْسِدِيْنَ ﴿۸۱﴾

''પછી જ્યારે તેમને નાખ્યો, મૂસાએ કહ્યું, આ તમે જે લાવ્યા તે જાદૂ છે. હવે અલ્લાહ એને બાતિલ કરે દેશે. અલ્લાહ ફસાદીઓનું કામ નથી બનાવતો.''

*(સૂરએ યૂનુસ, ૧૦/૮૧)*

**ઈલાજ નં. ૬ :** અજાઈબુલ કુર્આનના પેજ નં. ૨૩૧ પર નક્લ થયેલ છે કે સૂરએ ફલક્ તથા સૂરએ નાસ, એ બંનેવ સૂરતો જિન તથા શૈતાનો, અને બુરી નજર તથા વળગાડ તથા તમામ બીમારીઓ, ખાસ કરીને જાદૂ ટોનાનો સચોટ ઈલાજ છે. તેને લખીને તાવીઝ બનાવો અને ગળામાં પહેરાવો, અને તેને વારંવાર પઢીને બીમાર પર દમ કરો, અને ખાવા પીવા તથા દવાઓ પર પઢીને ફૂક મારો અને બીમારને ખવડાવો પીવડાવો, ઈન્શાઅલ્લાહુ તઆલા ! દરેક બીમારી ખાસ કરીને જાદૂ ટોના દૂર થઈ જશે અને બીમાર શિફાયાબ થઈ જશે.

**ઈલાજ નં. ૭ :** ઈસ્લામી જિંદગીના પેજ નં. ૧૩૪ પર નક્લ થયેલ છે : જો શબે બરાતના બોરડીનાં સાત પાંદડાં પાણીમાં જોશ દઈને (જ્યારે પાણી નહાવા લાયક થઈ જાય ત્યારે) ગુસ્લ કરે તો ઈન્શાઅલ્લાહ ! આખુ વરસ જાદૂની અસરથી મેહફૂઝ રહેશે.

યાદ રાખશો કે રાત મગરિબ પછી શરૂ થાય છે જેથી ૧૪મી શાબાનની અસર બાદ બોરડીના પાણીથી નહાવાથી આ ફાયદો થશે નહીં, બલ્કે મગરિબ અથવા ઈશા બાદ નહાવા પર આ ફાયદો હાંસલ થશે.

## ★ અંતમાં એક મહત્વની ચેતવણી ★

મોહતરમ હઝરાત ! આ મેં જાદૂનાં ટૂંકાણમાં ઈલાજ આપની સમક્ષ રજૂ કર્યા જેથી આપ જાતે પણ પોતાનો ઈલાજ કરી શકો. બસ છેવટમાં આપની ખિદમતમાં એક મહત્વની વાત અર્ઝ કરું છું કે **બનાવટી બાપુઓ, આમિલો લોકોના દિમાગોમાં એ વાતો બેસાડે છે અને દરેક આવનારાને કહે છે કે, "તમારા પર તો કાળો જાદૂ કરવામાં આવ્યો છે, તમારી રોજી સિફલી ઈલમ વડે બાંધી દેવામાં આવેલી છે." સ્ત્રીઓને વહેમમાં નાખવા માટે કહે છે કે, "તમારા પર તમારી સાસુએ જાદૂ કરાવ્યો છે." સાસુને કહે છે કે "તમારા પર તમારી વહુએ જાદૂ કરાવ્યો છે." આ પ્રમાણે કુટુંબના જ સભ્યો કે સગાં દેરાણી, જેઠાણી વગેરેનાં નામો લઈને કહે છે કે તેમણે જાદૂ કરાવ્યો છે. અને આ રીતે લોકો આ જાહિલ તથા બનાવટી આમિલોના ધોકામાં ફસાતાં ચાલ્યાં જાય છે, આ રીતે તેમનો ધંધો રોજગાર વહેમમાં તથા ટેન્શનનમાં પડી ભાગે છે તથા સગાંઓમાં દુશ્મનાવટ ઉભી કરીને જિંદગીને ઝહેર બનાવી દેતા હોય છે.**

મારી સુન્ની અવામને ગુઝારિશ છે કે ખુદારા ! તેમની બનાવટી વાતોમાં ન આવે, તેમની વાતો પર યકીન ન કરે. જો કદી કોઈ મુશ્કેલીમાં સપડાય જાય તો કેવળ અને કેવળ સુન્ની સહીહુલ અકીદા આલિમે બાઅમલ સમક્ષ રજૂ કરે જે સહીહ અમલિયાત જાણતો હોય, કેમ કે અહીં એવા એવા ધોકાબાઝ પણ બેઠેલા છે જેઓ પોતે પોતાને સુન્ની તથા ફલાણા ફલાણા બુઝુર્ગના ખલીફા તથા તેમના વંશજ બતાવે છે, પણ તે પોતે બનાવટી કે બદમઝહબ પણ હોય છે. અમુક તો મુસલમાન પણ નથી હોતા ! (અલ્લાહની પનાહ !) અલ્લાહ તઆલા આપણને સૌને પોતાના ફઝ્લો કરમના સાયામાં રાખે અને દરેક મુસીબત તથા પરેશાનીથી મેહફૂઝ રાખે. આમીન.


**ગૌષિયહ તકવીમ**

| | |
|---|---|
| ગુજરાતભરમાં પંજગાના નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ A-4 સાઈઝ ફોર કલરમાં આગળ પાછળ પ્રિન્ટેડ ૧૪ પેજીસમાં લેમિનેટ છે. જે મસ્જિદો, ઘરો, ખાનકાહોમાં કાયમ માટે ઉપયોગ થાય એવું ટકાવ મજબૂત છે. મર્હૂમોના સવાબ અર્થે મસ્જિદોમાં મૂકો અને અગણિત સવાબના હકદાર બનો. | હદિયો રૂા.૩૫૦ ટપાલ ખર્ચ રૂા. ૫૦ 9427464411 (PhonePe Paytm) |

સંપર્ક કરો : રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)


Web.: www.barkatekhwaja.net

# જન્નત નિશાન

# જમ્મુ કાશ્મીર



## કાલે અને આજે

**અઝ : મુબારકહુસૈન મિસ્બાહી–મુબારકપુર**
*(એડિટર : અશરફિયા મંથલી–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

હઝરત સુલૈમાન علیہ السلام જેઓ જલીલુલ કદર પયગંબર હતા. અલ્લાહ તઆલાએ તેમને ઉચ્ચ કક્ષાની નબુવ્વત સાથે દુનિયાની હુકમરાની પણ અતા ફર્માવી હતી. તેમની હુકૂમત ઈન્સાનો ઉપરાંત જિન્નાતો પર પણ હતી. પૂરી દુનિયાની દીની તથા દુનિયવી વ્યવસ્થા અલ્લાહ તઆલાએ તેમને અતા કરી હતી આપ પોતાના શાહી તખ્તને હુકમ આપતા તો તે ઉડવા લાગતો. રિવાયત છે કે એક દિવસે આપ કાશ્મીરના ઉપરના હિસ્સાથી પસાર થઈ રહ્યા હતા તો તેમની પસંદગીની નજર કાશ્મીરની વાદીઓ પર પડી. ઊંચી પહાડીઓ તથા ખુશગવાર મોસમમાં પૂરી વાદી (ઘાટી) પાણીથી લબરેઝ હતી. આપે પોતાના તખ્તને (બેડાને) પહાડની એક સૂકી ટોચ પર ઉતરવાનો હુકમ આપ્યો. આપની સાથે કદાવર સાથી તથા જિન્નાત તથા પરીઓ પણ હતી. હઝરત સુલૈમાન علیہ السلامના હુકમના પ્રમાણે મુશાવરત થઈ અને નક્કી થયું કે જો વાદીમાંથી પાણી કાઢી નાખવામાં આવે તો અહીં આબાદી ઘણી ખુશગવાર જિંદગી ગુજારી શકે છે. પણ સવાલ એ હતો કે પાણી કઈ રીતે કાઢવામાં આવે. જિન્નાતનો સરદાર "કાશ" આગળ વધ્યો અને તેણે અરજ કરી, હુઝૂર ! જો પરીઓની રાણી "મીર" સાથે મારી શાદી કરાવી દેવામાં આવે તો આ ખિદમતને અંજામ આપવા માટે હું તૈયાર છું. હઝરત સુલૈમાન علیہ السلامએ વાયદો કરી આપ્યો. "કાશ" જિને પોતાના તિલિસ્માની (ચમત્કારિક) અમલ વડે બારાનો પહાડ કાપી નાખ્યો. "કાશ" જિનના આ અમલથી એ ખુશનુમા વાદીથી પાણી વહી ગયું. વાયદા મુજબ હઝરત સુલૈમાન علیہ السلامએ "મીર" પરી સાથે તેનો નિકાહ પણ કરાવી આપ્યો. ત્યાર બાદ એ વાદીનું નામ "કાશ્મીર" પડી ગયું. કાશ્મીરના પાછલા વિસ્તારમાં બરમખ પહાડની ટોચ પર સુલૈમાન علیہ السلامનો તખ્ત ઉતરેલો જેનાથી એ મશહૂર છે. ઈ.સ.ની ૧૪મી સદીમાં જ્યારે શયખે તરીકત હઝરત સૈયદ અલી હમ્દાની قدس سرہ કાશ્મીરમાં પધાર્યા તો તેમણે એ જ મુનાસિબતથી કાશ્મીરનું નામ "બાગે સુલૈમાન علیہ السلام" રાખ્યું. કાશ્મીર નામ સંબંધે બેક ગ્રાઉન્ડોમાંથી એક આ પણ છે જે બૌધ્ધિક દૃષ્ટિએ અધિક સ્વીકાર્ય તથા મશહૂર છે.

આ લખાણનો સાર એ છે કે વાદીએ કશ્મીરની તલાશ એક અલ્લાહ તઆલાના મહાન પયગંબરે કરી છે, અને એક અલ્લાહ તઆલાના વલીએ તેનું નામ "બાગે સુલૈમાન علیہ السلام" રાખીને તેને સમર્થન આપ્યું. આ વાદી (ખીણ પ્રદેશ) પ્રારંભથી જ મુસલમાનોની રહી છે અને બફઝ્લેહી તઆલા આજે પણ એમાં બહુમતી મુસલમાનોની જ છે.

વિવિધ દૌરોથી પસાર થતાં થતાં છેવટે જમ્મુ કાશ્મીરના મહારાજા હરિસંઘ બન્યા. વતનના ભાગલાના મોકા પર બાકાયદા તેના વડા પ્રધાન પણ અને રાષ્ટ્ર પ્રમુખ પણ રહેતા હતા. રાજા હરિસંઘ ચાહતા ન હતા કે આ વિસ્તારનો પાકિસ્તાનમાં સમાવેશ થઈ જાય એટલા માટે તે સમયના કાશ્મીરના વડા પ્રધાન ફારૂક અબ્દુલ્લાહે ૩૭૦નો ડ્રાફટ તૈયાર કર્યો જેમાં કેટલાક વિશિષ્ટ અધિકારો હતા. શયખ અબ્દુલ્લાહે રાજા હરિસંઘને તૈયાર કરી લીધા અને તેની સાથે વડાપ્રધાન જવાહરલાલ નેહરૂને પણ તૈયાર કરવાની કોશિશ કરી અને સતત કોશિશ બાદ જમ્મુ કાશ્મીરનું ભારત સાથે જોડાણ થઈ ગયું. તે એક નાઝુક સમય હતો એ દૌરમાં

Web.: www.barkatekhwaja.net

જો કલમ ૩૭૦ની સાથે કાશ્મીરનું જોડાણ ન કરવામાં આવત તો હાલાત ખૂબ જ ખરાબ થઈ શકતા હતા.

એમાં કોઈ શંકા નથી કે જમ્મુ કાશ્મીર ખરેખર જન્નત નિશાન છે. ત્યાં પહાડોના કિનારાઓથી નીકળતા રસ્તાઓમાં એક બાજુ આકાશ ચૂમતા સુંદર ઊંચા ઊંચા પહાડ જોવા મળે છે તો બીજી બાજુ તહતુષ્ષરાની ગહરાઈનો મંઝર હોય છે. અમે ઘણીવાર શ્રીનગર, પલવાય, ઈસ્લામાબાદ, અને બારામુલ્લા વગેરેનો તબ્લીગી સફર ખેડયો છે. હઝરત બાલ દરગાહમાં વિવિધ સમયે બયાનો કર્યા છે અને શ્રી નગરમાં કાશ્મીર યુનિવર્સિટીમાં પણ ''ખત્મે નબુવ્વત''ના મસ્અલા પર બયાનો થઈ ચૂક્યાં છે. જમ્મુ તથા તેના આસપાસના વિવિધ જિલ્લાઓના પણ દૌરા કર્યા છે. કાશ્મીરની વાદીની એક ખાસ સંસ્કૃતિ છે. રહેણી કરણી તથા ખાવા પીવાના પણ અનોખા અંદાઝ છે. મનાબ અને જેહલમના કિનારાઓ પર આશ્ચર્યજનક આકર્ષણ રહે છે. દલના સરોવરમાં હાઉસ બોટ પણ ઘણી ખૂબસૂરત લાગે છે. અમને પણ એકવાર અુમક દિવસ એમાં રહેવાનો મોક઼ો મળ્યો છે. અમે શ્રીનગર તથા બારા મુલ્લા વગેરેમાં કેટલાક મહાન મશાઈખના મઝારો પર હાજરીનો શરફ પણ હાંસલ કર્યો છે.

ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરૂની રહનુમાઈમાં તે સમયના રાષ્ટ્ર પ્રમુખ રાજેન્દ્ર પ્રસાદે ક઼લમ–૩૭૦ જેમ ઈ.સ. ૧૯૫૪માં હુકમનામુ જારી કર્યું જેને કલમ **A-35**નું નામ આપીને તેને બંધારણનો હિસ્સો બનાવી લીધો.

હિંદના બંધારણની ક઼લમ ૩૭૦ જમ્મુ કાશ્મીરને પોતાનું બંધારણ બનાવવાની તથા તેને યથાવત રાખવાની આઝાદી આપે છે જ્યારે કે એ અધિકતર બાબતોમાં **Federal** બંધારણને જમ્મુ કાશ્મીરમાં લગાડવાની મનાઈ કરે છે આ વિશિષ્ટ ક઼લમ હેઠળ સંરક્ષણ બાબતો, આર્થિક તથા બાહ્ય બાબતો વગેરેને છોડીને કોઈ અન્ય મામલામાં કેન્દ્રિય હુકૂમત સંસદ સભા તથા રાજ્ય સભાના સમર્થન વિના ભારતીય ક઼ાનૂનો જમ્મુ કાશ્મીર રાજ્યમાં લાગુ નથી કરી શકતી. આ ખાસ ક઼લમ હેઠળ નાગરીકો માટે જાયદાદ, નાગરીકત્વ તથા પાયાના માનવ હક્ક઼ો સામેલ છે.

મહારાજા હરિસંઘના ઈ.સ. ૧૯૨૭ના રાજ્યના રહેવાસીઓના માટેના ક઼ાનૂનને પણ મેહફૂઝ રાખવાની કોશિશ કરવામાં આવી છે. ભારતનો કોઈ પણ સામાન્ય નાગરીક જમ્મુ કાશ્મીર રાજ્યમાં સંપત્તિ નથી ખરીદી શકતો. એટલુ જ નહીં બલ્કે ભારતીય કોર્પોરેશન તથા અન્ય પ્રાઈવેટ તથા સરકારી કંપનીઓ પણ અહીં રહેઠાણ માટે કોલોનીઓ બનાવવા તથા કારખાના બનાવવામાં રાજ્યના પ્રદેશ પર કબજો નથી કરી શકતા. કોઈ પણ પ્રકારના ફેરફાર માટે રાજ્યના પ્રતિનિધિઓની પરવાનગી હાંસલ કરવી જરૂરી છે જે ચૂંટી કાઢેલ ધારાસભાના રૂપમાં મૌજૂદ હોય છે.

આ ક઼લમનો સબબ જમ્મુ કાશ્મીરના મહારાજા સાથે થયેલ ક઼રાર છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે રાજ્યને કોઈ પણ રીતે હિંદુસ્તાનના **Federal** બંધારણને સ્વીકારવા માટે મજબૂર નથી કરી શકાતુ. તેના અમુક મહત્વના હેતુઓ નીચે પ્રમાણે છે :

(૧) રાજ્ય પર હિંદુસ્તાનનું કેન્દ્રિય બંધારણ કેવળ અમુક બાબતો પર લાગુ થશે. (૨) રાજ્ય પોતાનું બંધારણ બનાવશે જે રાજ્યમાં સરકારી માળખાને ઉભુ કરશે. (૩) કેન્દ્રિય હુકૂમતની કોઈ પણ તબદીલી કેવળ એ વખતે રાજ્યમાં કરી શકાય છે જ્યારે ત્યાંની રાજ્ય સભા (ધારાસભા) ઈજાઝત આપે. (૪) આ ક઼લમને કેવળ ત્યારે જ બદલી શકાય છે જ્યારે ક઼લમમાં તબદીલીના તક઼ાઝા પૂર્ણ થાય. અને રાજ્યની મરજી એમાં સામેલ હોય જેની તર્જુમાની ત્યાંની રાજ્ય સભા કરે છે. (૫) ક઼લમમાં તબદીલી કેવળ ત્યાંની રાજ્ય સભાની ભલામણો પર જ કરી શકાય છે, કેન્દ્રને એનો અધિકાર નથી.

જન્નત નિશાન કાશ્મીર ૫–ઓગષ્ટ ૨૦૧૯થી સતત નજરકેદ છે. જમ્મુ કાશ્મીરનું રાજ્ય હિંદુસ્તાનની

Web: www.barkatekhwaja.net

આઝાદી બાદથી ખેંચતાણમાં સપડાયેલું હતું. આ ૭૨ વરસના દૌરમાં જમ્મુ કાશ્મીર વિવિધ આજમાઈશોમાંથી પસાર થતુ રહ્યું છે. એમાં દેશના તથા વિદેશના આતંકવાદીઓનું નિશાન પણ બનતુ રહ્યું છે. અસલમાં આર્ટિકલ ૩૭૦ તથા **A-35**ના રદ થયા બાદ જમ્મુ કાશ્મીરને બે ભાગોમાં વહેંચી દેવામાં આવ્યું છે : (૧) લડાખને સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેઠળ કરી દેવામાં આવ્યું. હવે ત્યાં પોતાની ધારા સભા નહીં હોય બલ્કે સર્વ કાંઈ કેન્દ્રિય ગવર્નમેન્ટ હસ્તક થશે. (૨) જમ્મુ કાશ્મીર એ પણ અમુક શરતોની સાથે કેન્દ્રિય ગવર્નમેન્ટ હેઠળ રહેશે. એમાં ધારા સભા રહેશે.

યાદ રાખશો કે ૪ ઓગષ્ટ ૨૦૧૯ની રાતથી જ જમ્મુ કાશ્મીરનાં પૂર્વ મુખ્ય મંત્રી મહબૂબા મુફતી, ઉમર અબ્દુલ્લાહ તથા મેઈન ઈસ્ટ્રીમના લીડરોને નજરકેદ કરી દેવામાં આવ્યા હતા. ઈન્ટરનેટ તથા ટેલીફોનની સગવડો થપ કરી દેવામાં આવી, ૧૪૪મી કલમ લાગુ કરી દેવામાં આવી, વિરોધ પાર્ટીઓ તરફથી પી.એસ.પી., આમ આદમી પાર્ટી અને વાય.એસ.આર. કોંગ્રેસે સમર્થન કર્યું છે જયારે વિરોધ પક્ષ કોંગ્રેસ, સી.પી.એમ.,આર.જે.ડી., એમ.ડી.એમ., તૃણમુલ કોંગ્રેસ તથા સમાજવાદી પાર્ટી સહિત અન્ય પાર્ટીઓએ વિરોધ કર્યો છે, જ્યારે કે એન.સી.પી. એ વોટિંગમાં હિસ્સો ન લેવાનો નિર્ણય લીધો.

ગવર્નમેન્ટના જિમ્મેદારોએ (૩૭૦ની કલમ રદ કરતુ) આ બિલ આસાની સાથે મંજૂરીની મહોર સુધી નથી પહોંચાડયું, બલ્કે એનો સખત વિરોધ પણ થયો. અસદુદ્દીન ઓવૈસી, મિસ્ટર ગુલામ નબી તથા અન્ય વ્યક્તિઓએ જબરદસ્ત વિરોધ નોંધાવ્યો પણ કેમ કે લોકસભા તથા રાજયસભામાં (મુસ્લિમ વિરોધી) આર.એસ.એસ. વિચારશ્રેણીની વ્યક્તિઓ વધારે છે એટલા માટે સર્વ દલીલો તથા સાક્ષીઓ પ્રતિ ધ્યાન ન અપાયું અને તેની કોઈ ગણના થઈ. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ પણ દબાયેલા શબ્દોમાં વિરોધ વ્યક્ત કર્યો. અન્ય દેશોએ પણ વિરોધ દર્શાવ્યો છતાં આ સર્વ વિરોધોનું કોઈ પરિણામ ન આવ્યું અને ન હવે કોઈ પરિણામ આવવાની ઉમ્મીદ છે.

આ બંનેવ આર્ટિકલ–૩૭૦ તથા ૩૫–**A** રદ કરવાની પ્રક્રિયા હેઠળ જમ્મુ કાશ્મીરમાં મૌજૂદ સર્વ લોકોના માટે ગવર્નમેન્ટે સતત આદેશો આપ્યા કે જેટલા જલ્દી શકય હોય અન્ય દેશ તથા અન્ય રાજયની વ્યક્તિઓ હિંદુ હોય કે મુસ્લિમ કે અન્ય લોકો જમ્મુ કાશ્મીરને ખાલી કરી દે. એ વખતે એક આશ્ચર્યજનક અફરાતફરીનો માહોલ રહ્યો. જમ્મુ કાશ્મીરમાં ટ્રાન્સપોર્ટ સર્વિસ બંધ કરી દેવામાં આવી. મજૂર વર્ગ તથા ગરીબ વર્ગ શ્રીનગર વગેરેમાં ભૂખ્યા પ્યાસા રહી ગયા, પરત આવવા માટે મજબૂર બન્યા. ગાડીઓનો ઈંતેઝાર કરતા રહ્યા, પણ એમની મદદ ન ફોજ કરી રહી હતી અને ન રાજકારણી વ્યક્તિઓ. એટલું જ નહીં બલ્કે સક્રિય રાજકારણીઓને નજરકેદ કે ગિરફતાર કરી લેવામાં આવ્યા. તેમની સંખ્યા પણ પાંચસોથી અધિક છે. તેમનામાં મિ. ઉમર અબ્દુલ્લાહ, મહબૂબા મુફતી વગેરે ખાસ નોંધપાત્ર છે. અન્ય કાશ્મીરીઓને પણ ગિરફતાર કરી લેવામાં આવ્યા તેમની સંખ્યા પણ ચાર હજારથી વિશેષ છે. હાલમાં કાશ્મીરની હાલત અતિશય ભયાનક છે. તેમના સર્વ સંદેશના માધ્યમોને અધ્ધર કરી દેવામાં આવ્યાં છે, ન મોબાઈલ કામ કરી રહ્યા છે અને ન ઈલેકટ્રોનિક મીડિયા, ન વર્તમાન પત્રો આવી રહ્યાં છે અને ન મેગેઝિનો વગેરે. મીડિયાવાળા પણ અંદર જવા તથા હાલાત જોવા તથા બતાવવાથી લાચાર છે. ઠેક ઠેકાણે કાંટાળા તારો વડે નાકાબંધી કરી દેવામાં આવી છે. જો તેઓ કોઈ ન્યૂઝ મેળવે પણ છે તો તેમને અસલ દર્દનાક દશ્યો દેખાડવાથી સખ્તીથી રોકી દેવામાં આવે છે. સામાન્યતઃ હિંદુસ્તાની મીડિયા તો પહેલેથી જ મોદી હુકૂમતનાં ગોદી બની ચૂકેલ છે. અમુક લોકો કોશિશ પણ કરે છે (અસલ ન્યૂઝની) તો તેમને હુકૂમતી દબાણ અસફળ કરી દે છે.

દેશનું મીડિયા અત્યારે તે જ દેખાડી રહ્યું છે જે કેન્દ્રિય હુકૂમત ચાહે છે, એટલે કે જમ્મુ કાશ્મીરમાં સબ

Web : www.barkatekhwaja.net

સલામત છે ! ગૈર મુલ્કી મીડિયા કોઈ રીતે જે કાંઈ હક્ક્ તથા સત્ય બતાવવા કે દેખાડવાની કોશિશ કરી રહ્યું તેને દેશ વિરૂધ્ધનો પ્રોપેગન્ડો કહીને નઝર અંદાઝ કરી દેવામાં આવે છે. એટલે કે તે પત્રકાર હિંદનો વિરોધી છે અને વાસ્તવિકતા સાથે એ વાતોને કોઈ સંબંધ નથી. એઓ તો કેવળ હિંદુ મુસ્લિમ રમખાણને ઉત્તેજન આપી રહ્યા છે. હિંદમાં નફરત તથા તિરસ્કારનો માહોલ પેદા કરવા ચાહે છે. પણ સત્ય એ છે કે જે સત્ય હકીકતો તથા દર્દનાક દશ્યો સામે આવી રહ્યાં છે તેને જોઈને રવાં ઉભાં થઈ જાય છે. શ્રીનગર વગેરેમાં જ્યાં અધિક પ્રમાણમાં મુસ્લિમ સ્ત્રીઓ વિરોધ પ્રદર્શન કરી રહી છે અને કલમ–૩૭૦ તથા **A-35**ને રદ કરવાની વિરૂધ્ધ સૂત્રો પોકારી રહી છે, તેમના પર સતત જુલ્મ તથા સખ્તી થઈ રહી છે. તેમને જબરદસ્તી પોલીસ તથા ફોજની ગાડીઓમાં ધકેલવામાં આવી રહી છે. આ ભયાનક દશ્યોને જોઈને સ્ત્રીઓની બેકદરી પર રડવું આવી રહ્યું છે. ન જીભ કાંઈ બોલી શકે છે અને કલમ કાંઈ લખી શકે છે. આ દરમ્યાન કેટલાય કશ્મીરી પુરૂષો સ્ત્રીઓ મોતના ઘાટ પણ ઉતરી ગયાં છે. અલ્અમાન વલ્હફીઝ.

આ બંનેવ કલમોના ખત્મ થવાનો મતલબ છે કે અન્ય લોકો ખૂબ જ ઝડપભેર ત્યાં જમીન ખરીદી લેશે અને કાશ્મીરી ભોળા લોકો છે તેઓ નોટોની લાલચમાં સસ્તા દરે જમીનો વેચી દેશે જેનું પરિણામ એ આવશે કે કાશ્મીરમાં મુસ્લિમ લઘુમતીમાં આવી જશે અને કાશ્મીરી લોકો પરેશાનીની જિંદગી ગુજારવા મજબૂર થઈ જશે. તેમની હૈસિયત કઠિયારા, પાણી ભરનારા, કુલી, રસોઈયા તથા પટાવાળા જેવી થઈ જશે. અન્ય રાજ્યોના માલદાર કાશ્મીરી સ્ત્રીઓનો પણ અસ્થાને ઉપયોગ કરશે. ત્યાં મોટી મોટી હોટલો બનશે, બુરાઈ કરનારા ઐયાશીઓ કરશે. કાશ્મીર એક ફળદ્રુપ વાદી છે ત્યાં મોટા મોટા લોકો તમામ ફળદ્રુપ જમીનો ખરીદશે અને દેશની હાલત દિવસે દિવસે બગડશે.

આપ જરા વિચાર કરશો કે આ વિશિષ્ટ અધિકાર (કલમ–૩૭૦ હેઠળ તથા **A-35** હેઠળ) કેવળ જમ્મુ કાશ્મીરને જ હાંસલ નથી બલ્કે કેટલાક અન્ય રાજ્યોને પણ આ વિશિષ્ટાધિકાર પ્રાપ્ય છે. દા.ત. હાલમાં **A-371** ના થકી **"નાગાલેન્ડ"**માં કોઈપણ બહારના રહેવાસી માટે ત્યાં જમીન ખરીદવા પર પાબંદી છે, અહીંની જમીન કેવળ ત્યાંની પ્રજા જ ખરીદી શકે છે, બલ્કે તેમનો ઝંડો પણ અલગ છે અને કાયદેસર વિઝા લેવી પણ જરૂરી છે.

કલમ ૩૭૧–**F** **સિક્કિમ**ના વિશિષ્ટાધિકારના સંબંધે છે. ત્યાં સુપ્રિમ કોર્ટ તથા કોઈ અન્ય અદાલત પણ કોઈ કરાર કે સમઝોતા પર અથવા કોઈ કજીયા પર કોઈ કાર્યક્ષેત્ર નથી ધરાવતી. આ રાજયમાં અન્ય લોકો જમીનો પણ નથી ખરીદી શકતા.

**"મીઝોરમ"**માં **G-371**ના લીધે અન્ય લોકો જમીન નથી ખરીદી શકતા. કલમ **E-371** એ જ કલમ **"હિમાચલ પ્રદેશ"**માં પણ છે. અહીં અન્ય રાજ્યના લોકો જમીનો નથી ખરીદી શકતા. એ જ સ્થિતિ **"અરૂણાચલ"** તથા **"મેઘાલય, મણીપુર, આસામ"** એ ઈલાકાઓમાં પણ કોઈ કાયમી વસવાટ કરવા ચાહે તો એ પણ કાનૂન વિરૂધ્ધ ગણાશે. પણ **વિશિષ્ટાધિકાર કેવળ જમ્મુ કાશ્મીરનો જ સખત વિરોધો છતાં રદ કરવામાં આવ્યો.**

આ એક સંક્ષિપ્ત લેખ છે જેમાં દેશના દાનિશ્વરોના અંદેશાઓ રજૂ કર્યા છે. પણ એની સાથે એ સચ્ચાઈ છે કે આ જે કાંઈ પણ થયું છે તે સત્તાપક્ષના જિમ્મેદારોએ કર્યું છે. શક્ય છે એમની દષ્ટિએ એ કલમોને રદ કરવું જ મહત્વનું હોય. આ એક વૈચારિક મતભેદ છે. દુનિયામાં વૈચારિક મતભેદો થતા રહે છે. એનું નામ રાજકારણ તથા લોકશાહી છે. અલ્લાહ તઆલા જમ્મુ કાશ્મીર તથા લડાખની સાથે તે કરે જે ત્યાંના રહેવાસીઓના માટે લાભદાયી તથા બેહતર હોય.

*–(અશરફિયા મંથલી–મુબારકપુર, સપ્ટેમ્બર–૨૦૧૯)*

Web.: www.barkatekhwaja.net

# અલ્લાહ પાકની નેઅમત આંખ

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

*આંખ એ અલ્લાહ તઆલાની અણમોલ નેઅમત છે. આંખોની શું કિંમત છે એનો એહસાસ કોઈ અંધજનને પૂછશો તો ખયાલ આવશે. આ જ એવી ચીજ છે જેના થકી દિલમાં હલચલ પેદા થતી હોય છે. મહોબ્બત તથા નફરતના ભાવો દિલો દિમાગમાં આંખના જોવા પછી ઉદ્‌ભવે છે. પોતાના બાળકને જોઈને માબાપની આંખો ઠંડી થઈ જાય છે. જ્યારે દુશ્મનને જોઈને માણસોના દિલમાં ધૃણા ઉપજી આવે છે. માબાપના ચેહરાને પ્રેમથી જોવો ઈબાદત બની જાય છે, જ્યારે ગેર મેહરમ સ્ત્રીઓને જોવું જહન્નમના અઝાબનો સબબ બની જાય છે. આવો ! આજે જોઈએ કે આ આંખોને શું જોવા પાછળ રોકવી અને શાનાથી બચાવવી અને એનાં સંબંધે કુર્આન હદીષ થકી શું હુકમો છે તેને જોઈને અલ્લાહ વ રસૂલ રાજી રહે એ માર્ગે તેનો ઉપયોગ કરવા કોશિશ કરીએ. –તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

## ★ આંખનો કમાલ ! ★

અલ્લાહ તઆલાએ માણસને જોવાની શક્તિ અતા કરી જેના થકી માણસ દુનિયાની બાગો બહારના નઝારા કરી દિલો દિમાગને તાજગી બખ્શે છે, રાતના સમયે આકાશમાં નજર ઉઠાવી ઝબુકતા તારાઓની ચાદરની ગોઠવણમાં ગુમ થઈને કુદરતની અનેરી ખૂબીઓની પ્રશંસામાં મસ્ત થઈ જાય છે, મહોબ્બત ભરી એક નજર પોતાની ઔલાદ, સ્નેહીઓ ઉપર નાખીને તેમના દિલોની કડીઓને ખીલવી દે છે, તો ગઝબભરી દ્રષ્ટિ નાખીને દુશ્મનને અકળાવી મૂકે છે ! એવા પણ નજરવાળા છે કે તેમની આંખના એક ઈશારામાં કોઈની જાન લઈ લેવામાં આવે છે, તો એક ઈશારામાં ગરદન પરથી તલ્વાર હટી જાય છે ! નજરના કમાલો બેશુમાર છે. પણ ખરેખર આ નજરમાં આપણા માટે આખેરતમાં અમ્ન કયાં છે ? અને બર્બાદી કયાં છે ? તે સમજી લેવું અતિ આવશ્યક છે. આજકાલ આંખને અધિકતર જહન્નમની કેડીએ ખેંચી જાય એવી જગાઓ પર દોડાવવામાં આવી રહી છે. માટે આવો ! તમે તમારી જાતને આઝાદ ન સમજો જો તમે મોમિન હોવ તો. અને તે રબ તઆલા જે તમને તમારી મા કરતાંય વિશેષ ચાહનારો છે તેનાં તથા તે રસૂલે પાક ﷺ જે ઉમ્મતીને કદી પણ ન ભૂલ્યા તેમનાં ફર્માનો પરથી બોધ હાંસલ કરી સીધા માર્ગે આવી જાવ.

## ★ આંખનો ભયાનક ફિત્નો ! ★

આજે પુરૂષો ઔરતના ફિત્નામાં ખૂબ જ જલ્દી ગુંચવાઈને પોતાની તથા સાથે કાંઈ કેટલાયની જિંદગીને જીવતે જીવત જહન્નમ બનાવી મૂકે છે. ૧૬ કે ૧૮ વરસનાં છોકરા–છોકરીઓ એક બીજા સાથે ભાગી જવાના બનાવો સામાન્ય થતા જાય છે. તો વળી કયાંક શાદી શુદા છે, બાળકો બાલિગ થવા આવ્યાં છતાં કયાંક પુરૂષ અન્યના લફરામાં પડે છે તો કયાંક સ્ત્રી ભાગી જાય છે ! અને બંને જહાનમાં ઈજ્જત આબરૂના કાંકરા કરી મૂકે છે. આ બધું શાથી થાય છે ? માણસે ઈજ્જતથી જીવવા માટે કુદરતે જે નીતિ નિયમો જે બંધારણ બનાવ્યું છે તે અમ્નો અમાનથી ભરપુર છે તેને ત્યજનાર વ્યક્તિ ન ઘરનો રહે છે ન ઘાટનો. પશ્ચિમનુ અનુકરણ માણસને જાનવર પ્રકૃત્તિનો વિકૃત માનવ બનાવી મૂકે છે, જેને હરામ શું ? હલાલ શું ? સૌ સરખુ લાગે છે !

દોસ્તો ! આપણે ઈમાનવાળા છીએ, અલ્હમ્દુલિલ્લાહ ! આપણે અંગ્રેજ કૌમને અનુસરીએ કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ફર્માનોને અનુસરીએ ? આવો ! આપણી ભલાઈ શામાં છે તે જોઈ લઈએ. રબ ફર્માવે છે : "રસૂલ તમને જે આપે તે લો અને જેનાથી રોકે રોકાઈ જાવ." *(સૂ. હશ્ર, ૫૯/૭)*

## ★ રસૂલે પાક તરફથી જન્નતની ઝમાનત ! ★

અલ્લાહના પ્યારા હબીબ ﷺએ ફર્માવ્યુ કે, "જે

Web: www.barkatekhwaja.net

શખ્સ પોતાની જીભ તથા પોતાની શર્મગાહની ઝમાનત આપે તેને હું જન્નતની ઝમાનત આપું છું.''

*(બુખારી, મુસ્લિમ)*

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું, ''દુનિયા એક મીઠી અને હરીભરી ચીજ છે, અને અલ્લાહ તમને એના પર દુનિયાની લિજ્જતના જાનશીન બનાવનાર છે. બસ ! તમે દુનિયાની રંગરેલીઓથી દૂર રહો અને સ્ત્રીઓના ફિત્નાથી બચો. તમારા કરતાં આગલી ઉમ્મત બની ઈસ્રાઈલની પ્રથમ આજમાઈશ સ્ત્રીના થકી જ થઈ.''

*(મુસ્લિમ, ઈબ્ને માજહ)*

## ★ સ્ત્રીના ફિત્નાથી પનાહ માગો ! ★

સ્ત્રીનો ફિત્નો કેટલો ભયાનક છે તેને સમજો ! આજે તો સ્ત્રીનો સ્ત્રી આઝાદીના નામ પર રમકડાની જેમ ઉપયોગ થઈ રહ્યો છે. સ્ત્રીને નગ્ન, અર્ધ નગ્ન કે બનાવટી પ્રેમ વેરતી, હાસ્ય વેરતી કરીને ગ્રાહકોને આકર્ષવા, ગ્રાહકોને ખુશ કરી નાણા રળી લેવા માટે તેનો ઉપયોગ થઈ રહ્યો છે અને તેને આઝાદીનું નામ આપવામાં આવી રહ્યું છે. આ આઝાદી પાછળ વ્યાપારિક હેતુ સાથે ઐયાશીનો હેતુ પણ છે. શું કોઈ એવું પસંદ કરે છે કે તેની પત્ની કે મા, બહેન કે પુત્રી પરાયા પુરૂષો સાથે નખરાં કરતી, હાસ્ય વેરતી છૂટછાટથી વર્તે ? જેનું ઝમીર ઝિંદા હશે તે હરગિઝ એવું વિચારી પણ નહીં શકે. તો દોસ્તો ! ઈસ્લામી તાલીમ શું છે કે, દરેક પરાયી સ્ત્રી જેનાથી તમારા નિકાહ નથી થયા તે તમારા માટે મા બહેન સમાન છે, તેણીનું માન રાખવામાં આવે, તેના પ્રતિ ખરાબ નજરો દોડાવવામાં ન આવે,પણ સર્વ ઠેકાણે ખાસ કરીને ટી.વી.ના પડદા પર સ્ત્રીને તેનું રૂપ, તેનાં અંગોને પ્રદર્શન કરતી દર્શાવી લોકોને ગુનાહ તરફ ખેંચી લેવામાં આવે છે અને તે એવી રીતે કે જોનારને ગુનાહનો એહસાસ પણ થતો નથી ! એટલા માટે સદા દુઆ કરવી જોઈએ કે اَللّٰھُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ فِتْنَۃِ النِّسَآءِ એટલે ''હે અલ્લાહ ! તું મને સ્ત્રીના ફિત્નાથી પનાહ આપ !''

ફર્માને નબવી તો છે કે, ''જો કોઈ નામહરમ સ્ત્રી પર અચાનક નજર પડી જાય તો તુરત નજર ફેરવી લો.'' *(મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઊદ)* જ્યારે અહીં તો હાલ એ છે કે નજરોને પર સ્ત્રીના નઝારા માટે છોડી દેવામાં આવે છે અને નજર પર સ્ત્રીને જોવા શોધમાં રહે છે !

આજે કુર્આન તથા હદીષની નહીં પણ ટી.વી.ની તાલીમ પ્રમાણે લોકો ચાલી રહ્યા છે ! ઈસ્લામી તાલીમને પીઠ પાછળ રાખી દીધી છે, અને ઘણી સ્ત્રીઓ નર્તકીઓના, બેહયા સ્ત્રીઓના અનુકરણમાં બેપર્દગી અપનાવી પોતાના શણગારનું પ્રદર્શન કરતી રહે છે અને પહેરેલ કપડે નગ્ન હોય તેવી જણાય છે અને પોતાના અંગ પ્રદર્શનમાં આનંદ અનુભવી રહી છે, તેવી બહેનો જાણી લે કે અલ્લાહ તઆલાના પ્યારા હબીબ ﷺ શું ફર્માવે છે :–

''તે સ્ત્રીઓ જેઓ લિબાસ પહેરવા છતાં નગ્ન રહે છે, જે લટક મટક કરીને ચાલે છે અને જેઓ ઊંટની ખાંધની જેમ ખભાઓને હલાવી હલાવીને નાઝ તથા અદાનો ઈઝહાર કરે છે તેઓ જન્નતમાં દાખલ થશે નહીં,બલ્કે તેની ખુશ્બુ પણ સુંઘી શકશે નહીં, જ્યારે કે જન્નતની સુગંધ દૂર દૂર સુધી ફેલાએલી હશે.'' *(મુસ્લિમ)*

એકબીજા તરફ જોવાને આજે રમત સમજવામાં આવે છે ! પણ હે લોકો ! સમજો ! અધર્મી લોકોના ખયાલોને ન અપનાવો બલ્કે આપણને તો ઈસ્લામ જેવો પવિત્ર મઝહબ નસીબ થયો છે તો આપણુ કામ પાકીઝગીનો ફેલાવો કરવું અને ગંદકીને રોકવાનું છે, જો આપણે જ ગંદકીમાં પડયા રહીએ તો કેટલા અફસોસની વાત કહેવાશે !

હુઝૂરે અકરમ ﷺએ નામરહમ મર્દો સમક્ષ શણગાર સજીધજીને નખરાં કરનારી સ્ત્રીને કિ઼યામતના અંધકારની જેમ દર્શાવી છે. *(મિશ્કાત)* અને હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''લઅનત કરે અલ્લાહ નામહરમ સ્ત્રીને જોવાવાળા પર અને એ જ પ્રમાણે નામહરમ પુરૂષને જોનારી સ્ત્રી પર.''

## ★ અધર્મીઓ જેવા ન બનો ! ★

કેટલાક અધર્મી ખયાલના લોકો એવું વિચારે છે કે એકબીજાને રાજી ખુશીથી જોવામાં, મળવામાં, પ્રેમ કરવામાં શું જાય છે ? માણસ પોતે પોતાનો મુખ્તાર છે, સ્વેચ્છાએ જે ચાહે તે રીતે આનંદ માણી શકે છે !

Web: www.barkatekhwaja.net

ઈસ્લામમાં એના પર પાબંદી શા માટે છે ? ! દોસ્તો ! એ વાતને સમજવા માટે એક બાળકનું દ્રષ્ટાંત લઈ લો, સળગતા દીવાને જોઈને નાદાન બાળક તેના તરફ લપકે છે, ઘસડાઈને મહેનત કરીને દીવા સુધી પહોંચે છે કે બાળકની પ્રેમાળ મા તેને પકડીને ખસેડી લે છે, તો એ બાળક રડવા લાગે છે, એને ખોટુ લાગે છે કે મને શા માટે કૈદ કરવામાં આવે છે ? ! એને ખબર નથી કે ડુંગર દૂરથી રળિયામણા જેવું છે, આ દીવાની જ્યોત પર હાથ લાગતાં મારો હાથ બળી જશે જેની પીડા અસહય હશે. તે જ પ્રમાણે નાદાન માણસ પોતાની નજરો તથા શરીરને આઝાદ છોડી મૂકવા માગે છે પણ એની ભલાઈ એમાં નથી એ રબ જાણે છે જે પોતાના બંદાઓ પર મા બાપથી અધિક મહેરબાન છે, જેથી જ તે ફર્માવે છે :–

### ★ બદકારીથી બચવાનો કુર્આની નુસ્ખો ! ★

કુર્આન મજીદ, સૂરએ નૂર, આ. ૩૦–૩૧માં ઈર્શાદ છે : ''હે નબી ! ﷺ મોમિન મર્દોને હુકમ આપો કે પોતાની નજરો સંભાળીને (નીચી) રાખે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે. આ તેમના માટે અધિક પાકીઝા તરીકો છે, બેશક ! તેઓ જે કરે છે તેનાથી અલ્લાહ બાખબર છે અને હે નબી ! ﷺ મોમિન ઔરતોને હુકમ આપો કે પોતાની નજરોને સંભાળીને (નીચી) રાખે અને પોતાની પાકદામનીની હિફાઝત કરે અને પોતાનો સાઝ શણગાર ન દેખાડે પણ એટલુ જે જાહેર છે.''

બદકારી તથા વ્યભિચારની બુરાઈથી બચવા માટે અલ્લાહ પાકે કેટલો પ્યારો, આસાન અને મજબૂત નુસ્ખો બતાવી દીધો કે જ્યારે આંખ ગૈર ઔરત કે ગૈર મર્દની પ્રતિ ઉઠશે નહીં તો ફિત્નાનો સવાલ જ નથી ઉઠતો. સર્વ ખરાબીઓ તો પર સ્ત્રી કે પુરૂષને ઘુરવામાંથી જે ઉપસ્થિત થાય છે.

જે લોકો મનમાની કરવામાં માને છે તેનાં ખરાબ પરિણામો પણ રોજબરોજ સમાચાર પત્રોમાં જોવા મળે છે. નિકાહના પવિત્ર બંધન વિના થતા સંબંધોના પરિણામોનો ભોગ બનેલ સ્ત્રીઓની સ્થિતિ ન કહેવાય અને ન સહેવાય જેવી હોય છે. એટલા જ માટે ઈસ્લામે એવા સંબંધ ઉપસ્થિત થવા ન પામે માટે જ નજરો પર પ્રતિબંધ લગાડી દીધો.

કેટલાક ''જવાની દીવાની''ના સૂત્રને અપનાવી, જવાનીના નશામાં ખરાબ માર્ગે વહી જાય છે પણ જવાંમર્દી તો એમાં છે કે જો નજર ગૈર પર ઉઠવા ચાહે તો તેને રોકવામાં આવે, એવા તકાઝાનો સામનો કરવામાં આવે અને એનાથી બચવાની શકય તે કોશિશ કરવામાં આવે. પછી જુઓ દિલમાં કેવું નૂર ઝગમગી ઉઠે છે. હદીષ શરીફમાં છે કે, ''નિગાહને રોકવાથી ઈમાનની મીઠાશ નસીબ થાય છે.'' અને તક્વાનો કમાલ એ જ છે કે આ પ્રકારની બદનઝરીની વાંછનાઓનો અડગતાથી સામનો કરવામાં આવે.

લોકો આ ગુનાહને ખૂબ જ મામૂલી સમજે છે પણ હકીકતમાં આ ઘણો જ ગંભીર જુર્મ છે. એની એક ખરાબી તો એ છે કે એનાથી (પર સ્ત્રીને નજરોથી તાકવાથી) માણસ કદી સૈર નથી થતો. બીજી ખરાબી એ કે વ્યભિચારનું એ પ્રથમ પગથિયું છે. પ્રથમ આંખોથી વ્યભિચાર શરૂ થાય છે. નજર પછી પ્રગતિ કરતાં કરતાં માણસ આગળ વધતો જાય છે. છેવટે પરિણામ અતિ ભયાનક આવે છે કે વ્યભિચારની ઊંડી અંધારી ગર્તામાં ગબડીને બંને જહાનની તારાજી વહોરી બેસે છે.

### ★ મોબાઈલ પર ગંદી ફિલ્મો જોવાનો અંજામ ★

વર્તમાનયુગમાં ટેકનોલોજીની પ્રગતિના દુરુપયોગ રૂપે ગંદી વેબ સાઈટો નેટ થકી મોબાઈલમાં ઓપન કરીને ઝિનાનાં ગંદા વ્યભિચારનાં દશ્યો જોવાનો ચસ્કો નાની વયના બાળકોથી લઈને આધેડો બલ્કે વૃધ્ધો બલ્કે ક્યાંક કહેવાતા દીનદારો પણ એમાં સપડાતા જોવા મળી રહ્યા છે ! જેનાથી માણસોમાં ઉત્તેજના પેદા થાય છે અને એના જ લીધે ઝિનાના તથા બળાત્કાર, ગેંગ રેપ જેવા બનાવો રોજ બરોજ બનતા જઈ રહ્યા છે. એ ગંદી વેબ સાઈટો પર કોઈ પ્રતિબંધની વાત પણ નથી કરતું બલ્કે બળાત્કારનો બનાવ બને, દુષ્કર્મ થાય પછી હત્યા થાય ત્યારે ગુનેગારો પર એશકન લેવા રેલીઓ નીકળે છે. પણ અસલ મૂળ ગંદી વેબસાઈટો પર જ પાબંદી લગાડવાની ડિમાન્ડ કેમ નથી થતી ! આંખના ઝિનાથી વધીને માણસ કેટલી ભયાનક બર્બાદીમાં પડી જાય છે

web..www.barkatekhwaja.net

તે આપણે દુનિયાભરમાં જોઈ અનુભવી રહ્યા છીએ. ગવર્નમેન્ટે એ વેબ સાઈટો પર પાબંદી મૂકવી જોઈએ.

## ★ કાફિરો જેવા વિચારો ન બનાવો ! ★

હે લોકો ! તમે મુસલમાન છો ! તમે ઈમાનવાળા છો ! તમે દુનિયાની જાહેરી પ્રગતિના પ્રભાવ હેઠળ આવીને અંજાઈ ન જાવ ! તમે આધુનિક યુગથી અંજાઈને તેને એડવાન્સ યુગ ગણી અને વિચારશો કે દુનિયા કેટલી આગળ વધી ગઈ અને હજી આપણે રૂઢી ચુસ્ત બનીને રહીએ તે કેમ ચાલે ?! એવું વિચારીને શરીઅતની સીમાઓને તોડી કાફિરોની દેખા દેખી ટી.વી.ના કે મોબાઈલના દીવાના બનીને છૂટછાટવાળી જિંદગી અપનાવશો તો આખેરતમાં કડક શિક્ષાઓનો સામનો કરવો પડશે. કુર્આન ફર્માવે છે કે, ''પર સ્ત્રીને ન જુઓ, ન ઝાંકો !'' ''પરાયા મર્દોથી પર્દો કરો !'' અને આજનો કહેવાતો મુસલમાન વિચારે કે, ''અરે ! ૨૧મી સદીમાં આપણે આવી ગયા ! દુનિયા કયાંથી કયાં પહોંચી ગઈ અને આપણે પર્દાની ફિકરમાં રહીએ ? ! પર પુરૂષો સાથે લચ્છેદાર મજાની મેહફિલો ગૈર કૌમની સ્ત્રીઓ માણે અને આપણે પર્દામાં રહેવાનું ?!'' તો વિચારો કે તમારું કુર્આન પર ઈમાન કયાં રહ્યું ?! અને શું તમે તમારી બુદ્ધિને કુર્આન હદીષ કરતાં ઉચ્ચ સમજો છો ?! એ કાફિરાના ખયાલ છે કે **Beauty is only to see, not to touch** ! શું કોઈ પોતાની માં કે બહેન માટે આવું વાકય બોલી રજા આપશે ?! આજે કોલેજોમાં પ્લાસ્ટિક જેવાં પારદર્શક કપડાંમાં તથા અર્ધનગ્ન દશામાં બેહયા છોકરીઓ આવે છે, તેનો વિરોધ અમુક લોકોએ કર્યો તો અંગ્રેજીમાં ઉપર મુજબનો બેશરમ જવાબ આપવામાં આવ્યો જે અખબારોમાં છપાયો હતો, જ્યારે કે **Not to touch** કહેનારા કયારે કુમળી કળીઓને વિખેરી નાખે છે તે ખબર પણ પડતી નથી અને સર્વ ભોગવવાનું તે નાદાન સ્ત્રીઓના ભાગે જ આવે છે, તેણીનાં કુટુંબીજનોના ભાગે આવે છે. માટે જ ઈસ્લામે પાયામાંથી જ વ્યભિચારને દૂર કરવા માટે નજર પર પાબંદી મૂકી કે **Don't see** ! અને ઔરતોને પર્દામાં રહેવાનો અને અંગોને જાહેર ન કરવાનો હુકમ આપ્યો છે.

## ★ તાક ઝાંક કરનારી આંખ ફોડી નાખવાને પાત્ર છે ★

પર સ્ત્રીઓ પર તાક ઝાંક કરનારાઓને ચેતવણી માટે નીચેની હદીષો પૂરતી છે :–

**(૧)** જે શખ્સ કોઈ પર સ્ત્રી (નામહરમ)ની ખૂબસૂરતીની જગાઓએ વાસનાની નજર ફેંકશે તેની આંખોમાં કયામતના દિવસે પીગાળેલું સીસુ રેડવામાં આવશે.

**(૨)** આપ ﷺએ ફર્માવ્યું, ''જો કોઈ શખ્સ તારા ઘરમાં ઝાંકે અને તું લાકડી મારીને તેની આંખ ફોડી નાખે તો કાંઈ ગુનોહ નથી.'' મતલબ કે એ આંખ ફોડી કાઢવાને લાયક છે જે નામહરમ સ્ત્રીઓને ઝાંકતી રહે છે. (અરે ! સ્ત્રી તો સ્ત્રી છે પણ નજર કયાં કયાં સાચવવાની છે તે પણ જાણી લો. હુઝૂર ﷺએ કોઈનો પત્ર પણ તેની રજા વિના વાંચવાની ના પાડી છે ફર્માવ્યું, ''જેણે પોતાના ભાઈની ઈજાઝત વિના તેના પત્ર પર નજર નાખી તે જાણે કે આગમાં ઝાંકયો.'' માટે આ વાત પણ ધ્યાનમાં રાખશો. એટલે કે આ કૃત્ય પણ નાજાઈઝ અને જહન્નમમાં લઈ જનારું છે.)

આપ સરકારે દો જહાં ﷺનો નિયમ હતો કે જ્યારે કોઈના ઘરમાં તશરીફ લઈ જતા તો દરવાજાની ઓઠમાં એક બાજુ ખસીને ઉભા રહેતા અને અલગ અલગ ગાળામાં ત્રણ વખત ઘરવાળાંઓ પર સલામ મોકલતા. પછી જો કોઈ બોલાવી લેતુ અથવા સ્વાગત માટે બહાર આવી જતુ તો તેના ઘરમાં જતા અથવા બહારથી મળી લેતા. પરંતુ જો ત્રણવાર સલામ કરવા છતાં પણ કોઈ જવાબ ન મળતો તો પાછા ચાલ્યા આવતા, ન દરવાજો ખટખટાવતા, ન ત્યાં ઉભા રહેતા, ન ખોલવાનો આગ્રહ કરતા.

## ★ આંખ શા માટે બનાવી છે ? ! ★

કેટલાક અક્કલના આંધળા સવાલ કરી બેસે છે કે, ''તો પછી આ આંખોને શું કરવાની ? દુનિયાની મજા માણવા, રંગીન નઝારા જોવા માટે તો આ આંખો મળી છે !'' તેમને અમારો જવાબ છે કે હાથને સ્પર્શ કરવા માટે જ આપ્યા છે તેનાથી આગને કેમ પકડતા નથી !

Web. : www.barkatekhwaja.net

જીભ ચાખવા માટે જ આપી છે તેનાથી સાઈનાઈડ (ઝેર) કેમ ચાખતા નથી ! કેમ કે એમાં તમારું નુકસાન છે કે મૌત છે. એ જ પ્રમાણે તમને ભલે મીઠુ લાગે પણ આંખોને પર સ્ત્રીની સુંદરતા જોવા લગાડી દેવી એ પણ એક પ્રકારનું મીઠુ ઝહેર છે જે તમારા દિલને મુર્દા કરી મૂકે છે, અને પછી તમામ બુરાઈઓના તમને શિકાર બનાવી તમને જહન્નમનું બળતણ ઠરાવી દે છે. તમને સમજાય કે ન સમજાય પણ જેણે સૌને સમજ અતા કરી, આંખ અતા કરી, હાથ, પગ, કાન, બુદ્ધિ... સર્વ કાંઈ અતા કર્યું તે જ માલિક તથા ખાલિક઼ રબ તઆલા તથા જેમના વસીલાથી સર્વ કાંઈ મળ્યું તે રબના મહબૂબ ﷺ જે ચીજથી રોકે તેમાં અગણિત ભલાઈઓ દુનિયા તથા આખેરતની હોય છે એવું એક મુસલમાને તો સમજવું જ જોઈએ, અને પછી તેનાથી રોકાઈ જવું જોઈએ.

આપણી સમક્ષ દુનિયાના કેટલાય દાખલા મૌજૂદ છે જેને જોઈને આપણે સબક લેવો જોઈએ કે જે રબે આપણને દરેક જાતની શક્તિ આપી છે તેનો શુક્ર અદા કરવો જોઈએ, અને શુક્ર અદા કરવાની રીત એ છે કે તેના કહયા પ્રમાણે ચાલવું અને નાશુક્રી તેને કહેવાશે કે તેના ફર્માનોથી વિમુખ જવામાં આવે. સાંભળો !

આપણે જોઈએ છીએ કે એક માણસ સાજો સમો હતો ને અચાનક તેની કિડની ફેઈલ થઈ ગઈ ! હવે તે ડાયાલિસિસ ઉપર દિવસો કાઢે છે, કશા કામનો રહ્યો નથી, કેવળ જીવે છે અને તે પણ મહીને હજારોના ખર્ચા ડાયાલિસિસ કરાવવા માટે દવાખાનાંઓમાં કરે છે. બોલો ! તમે જો તંદુરસ્ત છો તો એ અલ્લાહનું તમારા પર એહસાન નથી ?! છતાં તમે તેની નાફર્માની કરો છો ?! શરમાવ !

એક માણસ કરોડો રૂપિયાના ઢગલા પર બેઠો છે, આંખો મીંચીને ધન દૌલત વાપરી મોજ મજા કરે છે, અચાનક તેને ડાયાબિટિશ થઈ ગયું ! તો તેણે હજારો પાબંદીઓ પાડવી પડે છે, આ નહીં ખાવાનું તે નહીં ખાવાનું ! શરીર શીથિલ થઈ જાય છે. ત્યારે કેમ નથી કોઈ કહેતુ કે મોઢું ખાવા માટે છે તો એને કેમ મજાનાં ભોજનોથી રોકવામાં આવી રહ્યો છે ? ! વળી કોઈને અકસ્માત થયો અને 'કૌમા'માં સરી પડયો, વરસો થયાં છતાં હજી ''કૌમા''માં જ છે, હોશમાં જ નથી આવતો ! હજારો નહીં લાખોએ ખર્ચ પહોંચ્યો, ફેર જ નથી પડતો !

વળી કોઈનું અકસ્માતે દિમાગ સુન થઈ જાય છે, તો વળી કોઈની આંખો જવાબ આપી દે છે. દોસ્તો ! દુનિયાની ચીજો પર ચિંતન કરશો તો આપણે અલ્લાહની નેઅમતોનો શુક્ર કઈ રીતે અદા કરવો તે પ્રશ્ન બની જશે ! એટલી નેઅમતો આપણને મળી છે. અને કોઈની પાસે કાંઈ પણ ન હોય છતાં 'ઈમાન'ની જે નેઅમત આપણને મળી છે, તેની તથા તેના પ્યારા મહબૂબ ﷺની મહોબ્બત નસીબ થઈ છે, તેનું કોઈ મૂલ્ય તમે આંકી શકો છો ? આ તે ચીજ છે જેના વિના તમે યક઼ીનન હમેશાંની જહન્નમનાં બળતણ બની જાવ ! તો આપણે સમજવું જોઈએ કે આ ફાની દુનિયાની ક્ષણિક લિજ્જતો ખાતર ખુદાના નાશુક્રા બંદા બની આખેરતની તબાહી શા માટે વહોરીએ ?!

આવો મૂળ વિષય પર આવીએ. મિર્ઝા મઝહર જાને જાનાં رحمۃ اللہ علیہએ 'તફસીરે મઝહરી'માં એક પ્રસંગ વર્ણવ્યો છે કે, ''એક સ્ત્રીએ ક઼ાઝીની અદાલતમાં દાવો મૂકયો કે મારા પતિએ બીજી શાદી કરી લીધી છે.''કાઝીએ કહ્યું, ''આ કોઈ જુર્મ નથી.'' સ્ત્રીએ કહ્યું, ' 'કાઝી સાહબ ! મને શરમ નડે છે, નહીં તો હું મારા ચહેરેથી પર્દો હટાવું અને તમે જુઓ કે મારાથી વધીને કોઈ સ્ત્રી સુંદર હશે નહીં ! છતાં એ બીજી શાદી કરે છે.''

ત્યાં હાજર રહેલ એક બુઝુર્ગ માણસે જ્યારે સ્ત્રીની આ વાત સાંભળી તો બેહોશ થઈ ગયા. હોશમાં આવતાં ક઼ાઝીએ પૂછયું, ''તમને શું થયું ?!'' તો આરિફે કહ્યું, જ્યારે સ્ત્રીએ એ વાત કહી, ત્યારે ગયબથી (અલ્લાહ તરફથી) અવાજ આવ્યો, ''સાંભળ્યું તમે ! સ્ત્રી શું કહે છે ? ક઼સમ છે મારી અઝમતો જલાલની ! જો હું પર્દો હટાવી લઉં તો તમે જુઓ કે મારી ઝાત કેટલી અઝમત તથા જલાલવાળી છે ! છતાં તમે અન્યો પ્રતિ ધ્યાનિત થાવ છો !''

હદીષ શરીફમાં છે, (જન્નતમાં) અલ્લાહ તેમની તરફ જોશે અને તેઓ અલ્લાહની તરફ જોશે. પછી જ્યાં સુધી અલ્લાહ તેમનાથી પર્દો ફર્માવશે નહીં ત્યાં સુધી તેઓ જન્નતની અન્ય કોઈ નેઅમતની પ્રતિ ધ્યાન આપશે નહીં અને તેના પ્રતિ જોતા રહેશે.''

*(ઈબ્ને માજહમાં હઝરત જાબિરથી)*

Web. www.barkatekhwaja.net

મુસ્લિમ અને તિર્મિઝીમાં હઝરત સુહૈબ رضی اللہ عنہની રિવાયત છે કે હુઝૂર નબીયે અકરમ ﷺએ ફમાવ્યું, "જ્યારે જન્નતી લોકો જન્નતમાં દાખલ થઈ જશે તો અલ્લાહ તઆલા તેમને પૂછશે કે શું તમે ચાહો છો કે હું તમોને કાંઈક અધિક આપું ? ! તેઓ અર્ઝ કરશે , શું તેં અમારા ચહેરા રોશન નથી કર્યા ?! શું તેં અમને જન્નતમાં દાખલ નથી કર્યા અને જહન્નમથી નથી બચાવ્યા ?! તેના પર અલ્લાહ તઆલા પર્દો હટાવશે અને તે લોકોને જે કાંઈ ઈનામો મળ્યા હતાં તેમાંથી કોઈ ઈનામ પણ તેમને એનાથી વિશેષ પ્રિય ન હશે કે તેઓ પોતાના રબના દીદારથી મુશર્રફ થાય.

પરંતું જન્નતમાં આપણે આ આંખો વડે અલ્લાહ પાકને જોઈશું નહીં જેવી રીતે આપણે દુનિયાની દરેક ચીજને જોઈએ છીએ,બલ્કે ત્યાં કોઈ એવી કૈફિયત હશે જે આપણી સમજ બહારની ચીજ છે અને ન તેની કલ્પના કરી શકીએ છીએ. ખૈર ! એ જે પણ કૈફિયત હશે, અલ્લાહનો દીદાર જન્નતીને મયસ્સર થશે.

દોસ્તો ! રિવાયતોમાં છે કે, "જો જન્નતની હૂરનો દુપટ્ટો દુનિયાવાળાઓ સમક્ષ જાહેર થઈ જાય તો તેને જોઈને લોકો પાગલ બની જાય." તો એ હૂરની સુંદરતા કેવી હશે ? ! એ હૂરો જન્નતમાં હશે તેના તરફ પણ જન્નતી ધ્યાન કરશે નહીં જ્યારે કે અલ્લાહ તઆલાનો દીદાર નસીબ થશે ! માટે આ આંખોનો જો સહી ઈસ્તેમાલ થશે તો જ જન્નત મયસ્સર થશે અને જન્નતની હૂરો, અન્ય નેઅમતો બલ્કે અલ્લાહ તઆલાના દીદારની તમન્ના હોય તો જ્યારે ફેશનેબલ સ્ત્રીઓ આકર્ષક રીતે અંગ પ્રદર્શન કરી તમને દાવતે નઝારા આપે તો તમે જમાલે ખુદાવંદીને ખયાલમાં લાવીને તમારી નજરોને બચાવી લો.

આ આંખો અલ્લાહ તઆલાના પ્યારા મહબૂબ ﷺના દીદાર માટે છે. કબરમાં ત્રીજો સવાલ થશે ત્યાં હુઝૂર ﷺનો દીદાર મયસ્સર થશે, ઉપરાંત હશ્રમાં, મીઝાન પર, હૌઝે કૌષર પર હુઝૂર علیہ الصلوٰۃ والسلامની નઝરે કરમ ચાહતા હોઉ તો તમારી નજરોની હિફાઝતની ઝમાનત લઈ લો તો રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام તમારા માટે જન્નતના ઝામીન થશે. દુનિયાની ક્ષણિક લિજ્જતના લટ્ટુ બનીને આખેરતની હમેશાંની નેઅમતોથી શા માટે મેહરૂમ થાવ છો ?!

આ આંખ મા બાપના દીદાર કરવા માટે છે. સૈયદના હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે તાજદારે મદીના હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "મા બાપ સાથે સદ્વર્તાવ કરનારા જ્યારે પણ રહમતની નજર વડે તેમને જુએ તો અલ્લાહ તઆલા દરેક વખતે જોવાના બદલામાં એક મકબૂલ હજ્જનો સવાબ અતા ફર્માવે છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, જો દરરોજ ૧૦૦ વખત એ પ્રમાણે જોવામાં આવે તો ? ! ફર્માવ્યું, અલ્લાહ તઆલા ઘણો જ મહાન તથા ઘણો જ પાક છે."

મહોબ્બતની નજરે મા બાપના ચહેરાને જોવું સવાબ, કા'બા શરીફને જોવું સવાબ, કોઈ મુસલમાન ભાઈને જોઈ તેના તરફ પ્રેમપૂર્વક સ્મિત કરવું, તેમના દિલને ખુશ કરી દેવું સવાબ, આંખ વડે કુર્આને પાકને જોવું સવાબ, હુઝૂર નબી કરીમ ﷺના રોઝાએ પાકના દીદાર કરવા, ગુંબદે ખદરાને મહોબ્બતની નજરે જોવું બંને જહાનની ભલાઈનો સબબ છે. ઉલમાએ કિરામ વ મશાઈખે એઝામના દીદાર કરવા સવાબનું કામ છે.

દુનિયા આખેરતનો નમૂનો છે. આ દુનિયાનાં દ્રશ્યો જોઈને આખેરતને સુધારવા ઈબ્રત પકડવી, બોધ ગ્રહણ કરવો જોઈએ. માણસ જો ચિંતનપૂર્વક દુનિયાને જોતો રહે તો હર પલ તેને આખેરતની ફિકર પડશે અને તે પોતાની આખેરત સમારવા શરીઅતનો પાબંદ બનશે. દા. ત. જો કોઈ વાહનધારી ટ્રાફિક સિગ્નલને ગણકાર્યા વિના રેડ લાઈટમાં પણ રોડ ક્રોસ કરવા જશે તો તુરત જ ટ્રાફિક પોલીસ દંડ ફટકારશે. આપણે જોઈએ છીએ કે ત્યાં રેડ લાઈટ થતાં જ સર્વ વાહનોને બ્રેક લાગી જાય છે ! તો કાનૂને ખુદાવંદી શું કોઈ મામૂલી ચીજ છે કે તેને તોડવામાં જરાય ખચકાટ લોકો નથી અનુભવતા ! નમાઝ, રોઝા ત્યજી દેનારને ભયાનક શિક્ષાઓ થશે જેના સંબંધે કુર્આન, હદીષમાં અઢળક આયતો, હદીષો ચેતવણી આપતી આવેલી છે, તો શું એ આયતો અમસ્તી જ છે ?! એને નહીં જ ગણકારવાની ! તો તમે પોતાને કયા મોઢે આશિકે રસૂલ અને ગુલામે નબી અને ઈસ્લામના દીવાના કહો

Web.: www.barkatekhwaja.net

છો ? ! જરા દિલને પૂછો ! ગુનાહ લખનાર ફરિશ્તો તમારી સેંકડે સેકંડને નોંધી રહેલ છે, તો શું એના પર તમારું ઈમાન નથી ? !

સાંભળો ! કેટલાક લોકો તીરછી નજરે, ચુપકે ચુપકે, લોકોથી છુપાઈને કે કાળા ચશ્મા પહેરીને ગૈર મહરમ ઔરતોની યુવાનીને તાકે છે, વળી કેટલા તો એટલા બેશરમ થઈ ચૂકયા છે કે ચૌરે ચૌટે ટોળકીઓમાં બેસી આવતી જતી સ્ત્રીઓને તાકતા રહીને બિભત્સ શબ્દો બોલીને ચેનચાળા પણ કરતા હોય છે. અલ્લાહ આ બધું જોઈ રહ્યો છે એ અને તમારા જુર્મોની સજા તમને મળશે એ વાત ભૂલશો નહીં. સમજી લો ! આવી મેહફિલોમાં બેસીને તમે તમારી આંખોમાં જહન્નમની આગ ભરી રહ્યા છો તેનો ખયાલ રાખશો.

### ★ ગુનાહને આજે આવશ્યક ચીજ સમજવામાં આવે છે ! ★

હે મોમિનો ! સાંભળો ! અમને ટી.વી.નો કોઈ એવો પડદો દર્શાવો જેના પર સ્ત્રી ન આવતી હોય ! પિકચરો–સિરિયલોની વાત નહીં પણ ન્યૂઝમાં પણ સ્ત્રી બની ઠનીને આવે, એડવર્ટાઈઝોમાં અર્ધ નગ્ન સ્ત્રીઓ નખરાં દર્શાવતી આવે, ક્રિકેટના મેદાનમાં કેમેરા સ્ત્રીઓ પર ફેરવીને દર્શાવાય, હદ તો એ કે કદીક નગ્ન થઈને મેદાનમાં દોડતી સ્ત્રીઓ પણ પડદા પર બતાવાય છે ! અને હવે તો મેદાનમાં "ચિયર્સ ગર્લ્સ" એ જ ધંધો કરે છે ! અને વિવિધ બિભત્સ ચેનલોનો તો રાફડો ફાટી નીકળ્યો છે કે માણસના દિલો દિમાગને બેકરાર કરી મૂકીને ગુનાહો તરફ દોરી જાય છે. કહેવાતા શરીફ ઘરાનાની ઔરતો પુરૂષો આ જોઈને નાલાયક બની આડા ધંધા કરવા મંડી જાય છે, તેવાં અસંખ્ય દ્રષ્ટાંતો તમને જોવા મળશે. શરાફત અને ખાનદાની જાણે કે મરી પરવારી છે. જે આધેડો, વૃધ્ધો, વૃધ્ધાઓ અને સ્ત્રીઓ કદી ઘરની બહાર નથી નીકળી, સિનેમા હોલમાં નથી ગઈ, પણ ઘરમાં ટી. વી. આવ્યું ને ૨૪ કલાક પિકચરો, સિરિયલોની ધુમ મચી ગઈ ! અને હવે મોબાઈલે તો સત્યાનાશ વાળ્યું છે ! તો બતાવો શરાફત ત્યાં ટકશે ખરી ? તમે ઘરમાં આગ લગાડો છતાં તેની આંચથી તમે બચેલા રહો, એ શકય છે ખરું ? !

આ ટી. વી. તથા મોબાઈલ એવી બલા છે કે શરીફ કહેવાતા લોકોમાંથી પણ માન, સ્વમાન, શરમ, હયા, શરાફત, ખુદ્દારી જાણે મરી પરવારવા લાગી છે. કેટલાક કહે છે કે અમારે ત્યાં તો ટી. વી. ન જોવામાં આવે તો દિમાગ ખરાબ થઈ જાય ! ટાઈમ પાસ કરવા માટે તેને જોવું જ પડે ! હવે એ અનિવાર્ય ચીજ થઈ ગઈ ! એટલે કે આ આંખોથી ગુનાહ કરીને જ જીવવું શકય રહ્યું ! દોસ્તો ! આજે એ પરિસ્થિતિ એટલા માટે છે કે આપણે ઈમાન તથા ઈસ્લામની, શરીઅતની કદર નથી કરી. જો પ્રથમથી જ શરીઅતની પાબંદી હોત તો મુસલમાનની એક પેહચાન રહેત કે આવા ગુનાહિત કામો તે ન જ કરી શકે. પણ રહ્યા મુસલમાન અને અનુકરણ કાફિરોનું કર્યું, જેથી હવે પોતે લાચાર બની રહ્યા છે ! જતા દહાડે એવી સ્થિતિ પણ આવી શકે કે ભાઈ ! આ તરફ માહોલ જ એવો છે કે આડા સંબંધો સામાન્ય થઈ ગયા છે, વ્યભિચાર તો આમ છે, એટલે અમે શું કરીએ ? સર્વ સ્ત્રીઓ અર્ધ નગ્ન જ ફરે છે તો તેમાં આપણી સ્ત્રીઓને એવી જ ફરવા દેવી પડે ! જો આ પ્રમાણે ગુનાહો સામે શરણાગતી સ્વીકારી લઈએ તો જતા દહાડે એવું પણ જોવા મળે કે ભાઈ ! બસ ! અહીં તો સૌ આઝાદ છે મોજ મજા જેને જેમ ફાવે તેમ કરે ! કોઈ રોકી ન શકે. મુસલમાનનાં છોકરાં છોકરી ગમે તે કૌમની સાથે મેરેજ કરી લે, બસ ! મનમાં આવે તેમ કરે ! કાંઈ જ કરી ન શકીએ ! તો બતાવો ! આ જિંદગીનો મતલબ શો ? જ્યાં ગુનાહોની શરણાગતી સ્વીકારવી પડે, જ્યાં ગમે તે કાફિર સાથે તમારી ઔલાદ થઈ જાય ત્યાં કયા લાભ ખાતર રહેવું ?! કેવળ અને કેવળ દુનિયવી સુખ સગવડો મેળવવા ?! કે બીજુ કાંઈ ?! અને જો એમ જ હોય તો આખેરત પરનું તમારું ઈમાન કયાં ગયું ? શું તમે દુનિયાને, દુનિયાની મજાઓને, સગવડોને આખેરત કરતાં વિશેષ જાણી લીધી ? ! નહીં, દોસ્તો ! એવું નથી ! મુસલમાન જયારે ઈમાનનું ઈસ્લામનું આખેરતનું સાચે જ મહત્વ સમજે તો ખુદા વ રસૂલના ફર્માન સામે આ પ્રમાણે ગરદન ઝુકાવી દે છે. સાંભળો :–

### ★ ઈમાનવાળા તે આનુ નામ ! ★

કહેવાય છે કે દારૂની લત કદાચ જ છૂટે ! દારૂની આદતવાળા ખુવાર થઈ જાય પણ આદત છોડતા નથી !

Web : www.barkatekhwaja.net

પણ અરબસ્તાનમાં દારૂની એવી આદતોવાળા હતા કે ખૂબ જ દારૂ પીતા એટલે સુધી કે દારૂની હોજોમાં નળીઓ મૂકીને ધરાઈ ધરાઈને પીતા હતા. પણ જ્યારે દારૂના હરામ હોવાનો હુકમ આવ્યો અને એલાન કરવામાં આવ્યું કે, દારૂને અલ્લાહે હરામ કર્યો છે, તો તે જ ક્ષણે જે લોકોના હાથમાં દારૂના જામ હતા તેને ત્યાંથી જ છોડી દીધા, દારૂના મટકાંઓ ફોડી નાખવામાં આવ્યાં અને ગલીઓમાં દારૂની નદીઓ વહેવા લાગી ! બસ ! અલ્લાહ પાકનો હુકમ થયો, રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ જણાવી દીધું, વાત ખતમ ! એટલે સુધી કે દારૂના માટે વપરાતાં વાસણો પણ વાપરવામાં આવતાં ન હતાં. કોઈએ લાચારી નથી દર્શાવી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આટલાં વરસોથી દારૂના આદી છીએ ! હવે અચાનક કેમ કરીને છોડીએ ? ! નહીં ! એ ઈમાનવાળા હતા કે સરકાર ﷺના ફર્માન પર જાન કુર્બાન કરી આપવા તત્પર રહેતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સના હાથમાં સોનાની અંગૂઠી (વીંટી) જોઈ. આપે તેને કાઢીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે તમારામાંથી કોઈ એવું ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં નાખે ? ! રસૂલુલ્લાહ ﷺના તશરીફ લઈ ગયા બાદ તે શખ્સને કોઈકે કહ્યું કે, તું તારી (સોનાની) વીંટી લઈ લે અને વેચીને તેનાથી ફાયદો ઉઠાવ ! તેણે જવાબ આપ્યો, નહીં ! અલ્લાહની કસમ ! હું તેને કદાપિ લઈશ નહીં ! જ્યારે રસૂલે ખુદા ﷺએ તેને ફેંકી દીધી છે તો હું તેને કદાપિ લઈશ નહીં. (મિશ્કાત) આજે સોનાની વીંટી, ચેઈનને પહેરવી કહેવાતા આશિકે રસૂલ ભાઈઓએ ફેશન રૂપે અપનાવેલ છે ! અફસોસ !

આ ઈમાનવાળા હતા ! આ આશિકે રસૂલ હતા ! કે ફર્માને રસૂલ પર જ તેમની નજર રહેતી અને તેના પર મરી ફીટવાનો જઝબો તેમનામાં હતો. આજે આપણો શો હાલ છે ? દુનિયવી નુકસાન દેખાશે ત્યાંથી હટી જશે, અને દીનનું ગમે તેવું નુકસાન થતું હશે પણ દુનિયવી લાભો ત્યાં હશે તો ત્યાં જ જામી જશે. મૌલા કરીમ દરેકને સાચી સમજ આપે. આમીન.

આવા તો અસંખ્ય પ્રસંગો દીનના માટે સર્વસ્વ કુર્બાન કરવાના છે. તેઓ કેવળ 'ઝબાની આશિકે રસૂલ' ન હતા પણ 'હકીકી આશિકે રસૂલ' હતા. ખુદા વ રસૂલની રઝા તથા ખુશી માટે ત્યાગભાવનાનું એક વધુ દ્રષ્ટાંત જોઈ લો :–

જે દિવસે હુઝૂર ﷺ જંગ માટે તબુક ગયા ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન ખૈષમા رضی اللہ عنہ પોતાના ઘરે આવ્યા. તેમની બે સુંદર, ખૂબસૂરત પત્નીઓ હતી જેમણે તે દિવસે ખસના પડદાને પાણીમાં રાખીને એનાથી ઘણું જ સારું પાથરણું બનાવ્યું, પછી એના પર અબ્દુલ્લાહના માટે ઘણું જ સારું અને સ્વાદિષ્ટ ખાવા બનાવી રજૂ કર્યું. જેવી હઝરત અબ્દુલ્લાહે આ ખાવાની ચીજો જોઈ તો કહ્યું, સુબ્હાનલ્લાહ ! એ રસૂલુલ્લાહ ﷺ જેમને પરવરદિગારે આલમે પહેલાં તથા બાદમાં ગુનાહોથી મેહફૂઝ રાખ્યા, તે તો આ સખત ગરમીની ઋતુમાં કાફિરોની સાથે લડાઈના માટે તશરીફ લઈ જાય! અને અબ્દુલ્લાહ ! તુ રંગબેરંગી ખાવાથી ધરાઈને આ પત્નીઓ સાથે સંભોગ કરે ! એવું નથી થઈ શકતું ! ખુદાની કસમ ! જ્યાં સુધી હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં નહીં પહોંચું ત્યાં સુધી પત્નીઓ સાથે વાત નહીં કરું ! ઘરેથી ઊંટ પર નીકળીને તબુકના સ્થળે પહોંચ્યા. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હે ઈબ્ને ખૈષમા! કેટલી સારી વાત છે કે તમે ફના થનારી નેઅમતોને છોડી ખુદાની રઝામાં ખોવાઈ ગયા, જે તમારા માટે શ્રેષ્ઠ છે."

*(શવાહિદુન્નબુવ્વત–૧૬૮)*

આજે આપણે ત્યાં શું થઈ રહ્યું છે ? અસંખ્ય લોકો થકી ટી. વી. તથા મોબાઈલ પર આ નજરો વડે શરમનાક દ્રશ્યો, નગ્ન ડાન્સો, બ્લુ ફિલ્મોની લહાણી થઈ રહી છે ! હરામ દ્રશ્યોને જોવા માટે, દીનથી ગાફેલ કરી દેનારી રમતો જોવા માટે, ક્રિકેટના દડાની પાછળ નજરને રોકી રાખીને ટી. વી. પર નજરોને જમાવી જામી ગયા છીએ ! શાદીના પ્રસંગે સ્ત્રી પુરૂષોની ભેળસેળવાળી ભીડમાં હરામ પ્રોગ્રામો સ્ટેજો પર થઈ રહ્યા છે. નમાઝો પર

web : www.barkatekhwaja.net

નમાઝોના સમય વહી રહ્યા છે, આપણને જરાય અહેસાસ નથી થતો બલ્કે આપણા રંજ તથા ખુશીનો આધાર પ્રિય ક્રિકટરોના રનના કે વિકેટના જુમલા પર નિર્ભર છે ! કે યુવક યુવતીઓનાં ઠઠ્ઠા મશ્કરીનાં તથા નામેહરમોને જોતાં જોતાં સીટીઓ કે ચીસો પાડવામાં રહેલ છે. અફસોસ ! અફસોસ ! તે મુસલમાનો હરામને તો સ્પર્શતા ન હતા, પણ ખુદા વ રસૂલને રાજી કરવા હલાલ પત્નીઓને પણ ત્યજીને નીકળી પડતા હતા ! જ્યારે આપણી પાસે દાવાઓ તો ઘણા છે, પણ દલીલ કોઈ નથી !

**★ હજી સમય છે ! તૌબા કરી લો ! ★**

હે લોકો ! સમજો ! હજી સમય છે ! તૌબા કરો ! પલટી આવો ! દુનિયાની ભૂમી લપસણી છે તેને પામવા ન લપકો બલ્કે આખેરતની ફિકર કરો. જે કાંઈ કરો શરીઅતને પ્રથમ લક્ષમાં લો, રોજી કમાવ તો શરીઅતને લક્ષમાં રાખો, હરામ રોજીને છોડો, હલાલ મેળવવા પ્રયત્નો કરો. ટી. વી. ચેનલોના સંચાલક ન બનો પણ દીની ઈલ્મના પ્રચારક બનો, લોકોના ગુનાહોના એજન્ટ ન બનો, બલ્કે લોકોને દીન તરફ વાળવા માટે કોશિશ કરી દીનના ખાદિમ બનો ! સારી વાતોનો હુકમ આપો બુરી વાતોથી લોકોને રોકો એમાં જ મોમિનની શાન છે.

બસ ! દોસ્તો ! અંતમાં કહું છું કે તમે આંખો મીંચી જાવ અને વિચારો કે જો મારી આંખો આંધળી હોય તો મારો શો હાલ થાય ! અથવા રાત્રીના ઘોર અંધકારમાં લાઈટોને બુઝાવી દો અને વિચારો કે આ આંખોનું નૂર જો ન હોય તો મારી શી હાલત થાય ! કરી જુઓ આ અનુભવ ! પછી ખુદાનો શુક્ર માનો અને ગુનાહોથી દૂર થઈ જાવ, અને દેખતી આંખોએ આંધળા ન બનો, ઈસ્લામના હુકમોથી આંખ આડા કાન ન કરો ! એક દિવસે આ દુનિયામાંથી જવાનું છે, કબરની અંધારી કોટડીમાં પૂરાવાનું છે, આપણી નજરો સમક્ષ કાંઈ કેટલા યુવાન વૃધ્ધ જતા રહ્યા, જેને તમે જોતા રહ્યા, હવે કઈ ઘડીએ તમને તેડુ આવી જાય ! તો સમજો ! દુનિયાની ઘટનાઓને જોઈને બોધ ગ્રહણ કરો. કુર્આન મજીદમાં ઈર્શાદ છે :–

''જુઓ ! તમારી પાસે તમારા રબની તરફથી આંખો ખોલનારી દલીલો આવી, હવે જે બીનાઈથી (જોઈને) કામ લેશે તે પોતાનું ભલુ કરશે, અને જે આંધળો બનશે તે પોતે જ નુકસાન વેઠશે અને હું તેમનો નિગેહબાન નથી.'' *(સૂ. અન્આમ–૧૦૪)*

કુર્આન મજીદમાં એ પણ છે કે જે આ દુનિયામાં આંધળો રહ્યો (જોવા છતાં) તે આખેરતમાં પણ આંધળો રહેશે. એટલે કે તેણે આ આંખોથી જોઈને દુનિયાથી સબક હાંસલ ન કર્યો અને આખેરતની તૈયારી ન કરી તે આખેરતમાં પણ નાકામ રહેશે અને જન્નત જોશે નહીં બલ્કે જહન્નમમાં જશે. પછી ફર્માવ્યું,

''તે લોકોને અમે કિયામતના દિવસે ઉંધા મોઢે ઘસેડી લાવીશું; આંધળા, ગુંગા તથા બહેરા, તેમનું ઠેકાણું જહન્નમ છે.'' *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૯૬)*

મારી પ્યારી દીની બહેનો ! તમે હિરોઈનો કે નાચનારીઓનું અનુકરણ ન કરો ! બલ્કે રસૂલે પાક ﷺની પ્યારી બેટી, જન્નતી ઔરતોની સરદાર, હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہاનું અનુકરણ કરો ! જેમણે જીવનભર પર્દો કર્યો, એ તો ઠીક પણ આખરી સમયે વસિય્યત કરી કે મારો જનાઝો રાતના અંધારામાં કાઢજો જેથી મારા જનાઝા ઉપર પણ કોઈ ગૈર મહરમની નજર ન પડે. વિચારો ! ગૈર મેહરમની નજર કેટલી અઝાબ લાવનારી હશે ! તમે પણ પર્દાને અપનાવો, શરમને અપનાવો અને ઈજ્જતદાર ખાતૂનની જેમ જીવો.

આવો ! દોસ્તો ! ગુનાહોની તૌબા કરી લો ! આ આંખોની નેઅમતનો સદ્ ઉપયોગ કરો. રડી લો ! આ આંખોએથી આંસુ સારો ! અરે ! આ આંખોએથી ખૌફે ખુદામાં આંસુ સારવાની ફઝીલત કેટલી હશે ? તે વિચારો કે, અલ્લાહના પ્યારા નબી ﷺ પણ પોતે માસૂમ હોવા છતાં દુઆ કરતા હતા કે, ''હે અલ્લાહ ! મને તારા ખૌફમાં રડવાવાળી આંખો અતા ફર્માવ!'' આ જોતાં તો આપણે કેટલા રડવું જોઈએ ! ગુનાહોને યાદ કરો ! ને રડી રડીને તૌબા કરતા રહો. હદીષ શરીફમાં છે, ''ગુનાહગારનાં આંસુ અલ્લાહના ગઝબને ઠંડો કરી આપે છે.'' વળી હદીષે પાકમાં છે, ''જે મોમિન બંદાની આંખોએથી કાંઈક આંસુ નીકળે, ભલે તે પ્રમાણમાં ઓછાં હોય જેમ કે માખીના માથા બરાબર હોય છતાં તે આંસુ વહીને તેના ચહેરા પર પહોંચી જાય તો અલ્લાહ તઆલા તે ચહેરાને દોઝખની આગ માટે હરામ કરી દેશે. ❑❑❑

Web.www.barkatekhwaja.net

# CAA એટલે સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૯

અઝ : અતાઉર્રહમાન નૂરી-માલેગાંવ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)

સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ ૧૯૫૫ એક એવો વ્યવસ્થિત તથા વિગતવાર કાનૂન છે જેમાં હિંદુસ્તાની નાગરિકત્વના નીતિ નિયમો રજૂ કરવામાં આવેલા છે. જેમ કે : જન્મના લેહાઝથી નાગરિકત્વ, બાપદાદાના લેહાઝથી નાગરિકત્વ, રજીસ્ટ્રેશનના થકી નાગરિકત્વ તથા નેચરલાઈઝેશન થકી નાગરિકત્વ. આ એક્ટ હેઠળ NPR તથા NRC જેવી મહત્વની બાબતો અંજામ આપવામાં આવે છે. અત્યારે એ જ એક્ટને એમેન્ડ કહેવામાં આવેલ છે. કોઈપણ અસલ એક્ટ તથા કાનૂનમાં ફેરફાર કે તબદીલી કરવાના માટે અસ્લ એક્ટને એમેન્ડ કરવામાં આવે છે અને તે નવા બિલને "એમેન્ડમેન્ટ બિલ" કહેવામાં આવે છે. "સિટીઝનશિપ એમેન્ડમેન્ટ બિલ" ઘણા છે. આ વખતના એમેન્ડમાં બી.જે.પી.ની ગવર્નમેન્ટે સિટીઝનશિપ એક્ટ ૧૯૫૫ના સેકશન ૨-માં અમુક ફેરફારો કરીને સિટીઝનશિપ એમેન્ડમેન્ટ બિલ (CAB) પાર્લામેન્ટમાં રજૂ કર્યું. પાર્લામેન્ટની મંજૂરી અને રાષ્ટ્રપતિની સહીથી આ બિલ હવે એક એક્ટ (કાયદો) બની ગયું છે જેને સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ Citizenship Amendment Act 2019 કહેવામાં આવે છે, જેને ટૂંકમાં CAA કહે છે.

## CAA નાગરિકત્વ સંશોધન એક્ટની પૃષ્ઠભૂમિકા

CAA 2019 (નાગરિકત્વ સંશોધન કાનૂન ૨૦૧૯)ને પ્રથમવાર ૧૯-૭-૨૦૧૫ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો જેના પર ખાસ્સી ચર્ચા વિચારણા થઈ. ત્યાર બાદ એ બિલને ૧૨-૮-૨૦૧૬ સંયુક્ત પાર્લામેન્ટી કમિટીના પાસે મોકલવામાં આવ્યું હતું. કમિટીએ ૭-૧-૨૦૧૯ના પોતાનો રિપોર્ટ પેશ કર્યો અને પછી બીજા જ દિવસે ૮-૧-૨૦૧૯ના રોજ આ બિલ લોકસભામાં મંજૂર થઈ ગયું હતું. પણ પ્રતિકૂળ સંજોગો, બહુમતિના અભાવ તથા કેટલાય કારણોસર એ બિલ રાજ્યસભામાં પાસ ન કરવામાં આવ્યું. પાર્લામેન્ટની પ્રણાલિ પ્રમાણે જો કોઈ લોકસભાની મંજૂરી બાદ રાજ્ય સભામાં મંજૂર નથી થતું તો તે બિલ ફરી બીજીવાર બંને ગૃહોમાં રજૂ કરવામાં આવે છે. એટલા માટે બીજીવાર સત્તામાં આવ્યા બાદ બીજેપી ગવર્નમેન્ટે એ બિલને ફરીવાર બંને ગૃહોમાં રજૂ કર્યું. આ બિલને ૯-૧૨-૨૦૧૯ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું. ૩૧૧ એમ.પી.એ એ બિલને સમર્થન આપ્યું અને ૮૦ એમ.પી.એ વિરોધમાં વોટ આપ્યા. ૧૧-૧૨-૨૦૧૯ના રાજ્ય સભામાં વોટિંગ થયું તો એ બિલના સમર્થનમાં ૧૨૫ વોટ અને વિરોધમાં ૧૦૫ વોટ પડયા. આ પ્રમાણે બંનેવ ગૃહોમાં વોટોની બહુમતીએ એ બિલ મંજૂર કરી લેવામાં આવ્યું અને ૧૨-૧૨-૨૦૧૯ના રાટષ્ટ્રપતિની સહીથી એ બિલે કાયદાનું સ્વરૂપ ધારણ કરી લીધું.

સામાન્યતઃ એવો કોઈ કાયદો જેની અસર પૂરા દેશ પર પડવાની હોય તો એવા બિલ પર સત્તાધારી ગવર્નમેન્ટ વિરોધ પક્ષોથી વિચાર વિમર્શ કરે છે.

Web. : www.barkatekhwaja.net

સૌની રઝામંદીથી ફેરફાર, ઘટાડા વધારાના હેતુથી એ બિલને "સિલેકટ કમિટી"ની સામે રજૂ કરવામાં આવે છે અને પછી એ બિલને બંનેવ ગૃહોમાં મંઝૂર કરવામાં આવે છે. જયારે કે આ બિલના માટે એ પ્રણાલિને સંદતર નઝરઅંદાઝ કરી દેવામાં આવી ! વિરોધપક્ષો તથા પબ્લિકના તરફથી ઉઠનારા સવાલો તથા વાંધાઓના સંતોષકારક જવાબો આપવાનુ પણ યોગ્ય ન સમજવામાં આવ્યું.

## સિટીઝનશિપ એમેન્ડમેન્ટ ૨૦૧૯ શું છે ?

આ એકટમાં હિંદુ, જૈન, બુદ્ધ, સિખ, પારસી તથા ઈસાઈ ધર્મના એવા લોકોને હિંદુસ્તાનનું નાગરિકત્વ આપવાની જોગવાઈ કરવામાં આવી છે જેમનો સંબંધ પાકિસ્તાન, અફઘાનિસ્તાન તથા બંગ્લાદેશથી છે. અને એ દેશોમાં એ લોકોનું ધાર્મિક શોષણ પણ થયું હોય. આ કાયદા પહેલાં ભારતનું નાગરિકત્વ પામવા માટે કોઈ પણ કાયદેસરના હિજરત કરનાર વ્યક્તિએ કમસેકમ ૧૧ વરસ હિંદુસ્તાનમાં હિંદુસ્તાનના કાનૂન પ્રમાણે રહેવું અનિવાર્ય હતું. પણ આ કાયદામાં ગૈરકાનૂની હિજરતીઓ (ઘુસણખોરો) જેમનો સંબંધ વર્ણવેલ ત્રણ દેશોના વર્ણવેલ છ ધર્મોથી છે તેમના માટે એ મુદતને કેવળ પાંચ વરસ કરી દેવામાં આવી છે. આ કાયદા હેઠળ વર્ણવેલ ગૈર કાનૂની વતનને ત્યાગનારાઓ જો ૩૧–૧૨–૨૦૧૪ સુધી હિંદુસ્તાનમાં આવી ચૂક્યા છે તો એવા સર્વ ગૈર કાનૂની લોકો હિંદુસ્તાની નાગરિકત્વ મેળવવા માટે અરજી તથા દરખાસ્ત આપવાને પાત્ર છે. પણ એ વાત પણ દિલચસ્પીથી ખાલી નથી કે આ એકટ ૩૧–૧૨–૨૦૧૪ની ડેડ લાઈન બાદ આવનારાઓના વિશે કોઈ પણ પ્રકારનો કોઈ ખુલાસો પ્રદર્શિત નથી કરતો, કે એ ડેડ લાઈન બાદ આવનારાઓને પાંચ વરસના આધાર પર નાગરિકત્વ આપવામાં આવશે કે અગીયાર વરસના આધાર પર ?! કેવળ કાયેદસરના હિજરતીને (નાગરિકત્વ) આપવામાં આવશે કે ગૈર કાનૂની હિજરતીને પણ આપવામાં આવશે ?

અત્યાર સુધી હિંદુસ્તાનનો કાયદો એવા કાયદેસરના હિજરતીઓને (ફોરેનરને) ૧૧ વરસો બાદ હિંદુસ્તાની નાગરિકત્વ આપતો હતો જે હિંદની ગવર્નમેન્ટથી મંઝૂર થયેલ દસ્તાવેઝો સાથે હિંદુસ્તાનમાં હિંદુસ્તાની કાનૂન પ્રમાણે જીવન પસાર કરતા હતા. કાયદેસરના હિજરતીઓથી મુરાદ એ કે તેમની પાસે કોઈ પણ એક દેશનું નાગરિકત્વ હોય, અને તેઓ કાયદેસરના દસ્તાવેજો / પાસપોર્ટ તથા વિઝાની સાથે હિંદુસ્તાનમાં વસી ચૂક્યા હોય. જેમ કે અદનાન સમીઅ વગેરે. પરંતુ હવે આ કાયદો ખાસ દેશો તથા ખાસ ધર્મોના એવા લોકોને પણ નાગરિકત્વ આપશે જે ગૈર કાનૂની હિજરતીઓ કે ગૈર કાનૂની વતન ત્યાગનારાઓ અથવા બીજા શબ્દોમાં ઘુસણખોરો છે. હા ! પણ એવુંય નથી કે આ છ ધર્મના સર્વ માનનારાઓને રાહત મળી જશે, બલ્કે તેમણે પણ વર્ણવેલ ત્રણેવ દેશોએથી આવવાની સાબિતી તથા તેમના ધાર્મિક શોષણની સાબિતી રજૂ કરવી પડશે. યકીનન ! આ રીતની સાબિતી રજૂ કરનારાઓની સંખ્યા ખૂબ જ મામૂલી હશે, પણ બુરું થાય બુરાઈ ચાહનારા રાજકરણીઓનું જેમણે હિંદુસ્તાનની એકતા તથા અખંડિતતાને કેવળ પોતાના લાભ ખાતર બલીનો બકરો બનાવી દીધો છે.

## વિરોધ પક્ષો કેમ સહમત નથી ?

આ કાયદાની કેટલીય કલમો એવી છે જે મતભેદનો સબબ અથવા વિરોધ પક્ષોમાં હલચલ પેદા કરી રહી છે અને તેને લઘુમતી વિરૂધ્ધ ઠરાવી રહી છે. મતભેદ કરનાર વિરોધી ગૃપોનું કહેવું છે કે આ કાયદામાં ખાસ કરીને મુસલમાનોને નિશાન બનાવવામાં આવ્યા છે. વિરોધ પક્ષોએ કહ્યું કે આ

Web.: www.barkatekhwaja.net

કાયદો બંધારણના આર્ટિકલ ૧૪ની વિરૂધ્ધ વર્તે છે કે જે સમાનતાના હક્કની વાત કરે છે. આર્ટિકલ ૧૪ ધર્મ, વંશ, જાત પાત કે જન્મના આધાર પર કોઈની સાથે ભેદભાવનું વર્તન કરવાથી મના કરે છે અને **આ એક્ટમાં (CAAમાં) ધર્મને પાયો બનાવવામાં આવ્યો છે એટલા માટે આ કાયદો બંધારણના આર્ટિકલ ૧૪ની વિરૂધ્ધ છે.** વિરોધ પક્ષોનું એ પણ કહેવું છે કે આ કાયદાના લાગુ કર્યા બાદ NRCને લાગુ કરવાની મજબૂત શક્યતા છે. આ સ્થિતિમાં દરેક તે ઘુસણખોર (ગૈર કાનૂની હિજરત/ગૈર કાનૂની વતન ત્યાગનાર) હિંદુસ્તાની નાગરિકત્વ હાંસલ કરી લેશે જે વર્ણવેલ છ ધર્મો સાથે સંબંધ ધરાવે છે. આ કાયદો એ વાતનો પણ નિર્દેશ કરે છે કે હિંદુસ્તાનના મુસલમાન આ દેશમાં બીજા વર્ગના વતની બનીને રહી જશે.

## CAA વિશે કેટલીક મહત્વની વાતો

ડૉ. મુકર્જી સ્મૃર્તિન્યાસે હિંદી ભાષામાં ૩૨ પેજનું "કમલ સંદેશ બનામે નાગરિકતા સંશોધન અધિનિયમ–૨૦૧૯ એક પરિચય" પ્રસિધ્ધ કર્યો છે જેમાં દર્શાવેલ અમુક મુદ્દા રાત્રે રજૂ કરીએ છીએ :

- હિંદુ, જૈન, બુધ્ધ, સિખ, પારસી તથા ઈસાઈ ધર્મોના માનવાવાળાઓ એવા લોકો જેઓ પાકિસ્તાન, બંગ્લાદેશ તથા અફઘાનિસ્તાનથી હિંદુસ્તાન આવ્યા છે તેમને આ કાયદા હેઠળ નાગરિકત્વ આપવામાં આવશે.
- વર્ણવેલ વ્યક્તિઓ જો ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં હિંદુસ્તાન આવી ચૂક્યા છે તો એવા સર્વ લોકો હિંદુસ્તાની નાગરિકત્વની પ્રાપ્તિ માટે અરજી–દરખાસ્ત આપવાને પાત્ર છે.
- અત્યાર સુધી હિંદુસ્તાની નાગરિકત્વ પામવા માટે ૧૧ વરસો સુધી હિંદુસ્તાનમાં કાયદેસર રીતે રહેવું જરૂરી હતું, પણ હવે એ ત્રણ દેશોએથી આવેલા છ ધર્મના લોકોને પાંચ વરસોમાં નાગરિકત્વ આપવામાં આવશે.
- આ એક્ટમાં કહેવામાં આવ્યું છે કે જો એવો કોઈ શખ્સ (ગૈર કાનૂની વતન ત્યાગનાર) હિંદુસ્તાની નાગરિકત્વના માટે અરજી દાખલ કરે છે અને આ એક્ટની શર્તોને પૂરી પાડે છે તો તે શખ્સની વિરૂધ્ધ પહેલાંથી ચાલી રહેલી "ગૈર કાનૂની હિજરતી, શર્તી નાગરિક" તથા અન્ય કાનૂની કાર્યવાહી તેના નાગરિકત્વમાં રુકાવટ નહીં બને. એનો મતલબ એ છે કે **આસામમાં જે ૧૯ લાખ લોકો ફોરેન ટ્રીબ્યુનલની તકલીફ વેઠી રહ્યા છે તેમાંથી વર્ણવેલ છ ધર્મવાળા લોકોના કેસો આપોઆપ ખત્મ થઈ જશે.** બીજા શબ્દોમાં એ કે **ફોરેન ટ્રીબ્યુનલ્સમાં કેવળ મુસ્લિમો બાકી રહી જશે અને કેવળ મુસલમાનોને એ તકલીફદાયક રાહથી પસાર થવું પડશે.**
- નાગરિકત્વ સંશોધન એક્ટ ૨૦૧૯ બનતા પહેલાં અફઘાનિસ્તાન, બંગ્લાદેશ અને પાકિસ્તાનથી ઘણા લોકો સિટીઝનશિપ એક્ટ ૧૯૫૫ના સેકશન–૫ હેઠળ નાગરિકત્વ માટે દરખાસ્ત આપતા હતા. પરંતુ જો તેઓ પોતાની હિંદુસ્તાની વંશની સાબિતી આપવામાં લાચાર રહી જતા તો તેમને સિટીઝનશિપ એક્ટ ૧૯૫૫ના સેકશન–૬ હેઠળ એટલે કે નેચરલાઈઝેશનના હેઠળ નાગરિકત્વના માટે દરખાસ્ત આપવાના માટે કહેવામાં આવતુ હતુ. આ સેકશનના કારણે તે હિજરતીઓને ઘણી બધી તકલીફો તથા મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે આ એક્ટ એવા લોકો માટે ઘણા મોકા તથા ફાયદા પૂરા પાડશે. આ સહૂલત કાનૂની હિજરતીઓ માટે હતી પણ હવે તેના દરવાજા ગૈરકાનૂની હિજરતીઓ માટે પણ ખોલી દેવામાં આવ્યા છે.

Web. : www.barkatekhwaja.net

- ❑ નાગરિકત્વ સુધારણા કાનૂન ૨૦૧૯ ઉત્તરપૂર્વ રાજ્યો તથા પૂર્વ બંગાળની ખાસ કાનૂની રક્ષાને યથાવત રાખશે. (નોંધ : એક્ટમાં આ પ્રકારનું કોઈ પણ વાક્ય દર્શાવેલ નથી. આ બાબતે અત્યાર સુધી કેવળ નિવેદનબાજી ચાલુ છે, ત્યાં સુધી કે ગૃહમાં પણ એવું કહેવામાં આવ્યું છે. શક્ય છે કે એને લાગુ કરવા માટે કોઈ અમલ માટેનો દસ્તૂર તૈયાર કરવામાં આવે અથવા ફેરફાર કરવામાં આવે અથવા કોઈ પ્રકારની કાનૂની પ્રકિયામાંથી પસાર કરવામાં આવે, કેમ કે એક્ટમાં આ શબ્દો વર્ણન થયેલા છે : *Is shall come into force on such date as the Central Government may, by notification in the Official Gazette. appont.*

''આ કાયદો કેન્દ્રિય ગવર્નમેન્ટના સરકારી ગેઝેટના નોટીફિકેશનની તારીખ પછી અમલને પાત્ર થશે.''

- ❑ વર્તમાન હિંદમાં નાગરિક સુધારા કાનૂન–૨૦૧૯ના હેઠળ ફોરેનર કાર્ડ હોલ્ડર (OCI)ના કાર્ડને રદ કરવાનો અધિકાર સેન્ટ્રલ ગવર્નમેન્ટની પાસે રહેશે પણ તેમના કાર્ડને રદ કરતા પહેલાં તેમને સાંભળવાનો મોકો પણ આપવામાં આવશે.

## OCI શું છે ?

**Overseas Citizanship of India** એક ઈમીગ્રેશન હૈસિયત છે જે હિંદના વંશવાળા પરદેશી નાગરિકને હિંદુસ્તાનમાં અનિશ્ચિત મુદ્દત સુધી રહેવા તથા કામ કરવાની ઈજાઝત આપે છે. ''ઓસીઆઈ''ને હિંદુસ્તાની વતનીઓ ખાસ કરીને પ્રગતિ પામેલ દેશોના થકી ડબલ નાગરિક્ત્વની માગણીના જવાબમાં ઓળખાવવામાં આવેલ હતું. એ ઓગસ્ટ–૨૦૦૫માં સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૦૫ના થકી પ્રતિપાદિત કરવામાં આવેલ હતુ. તેની શરૂઆત ૨૦૦૫ના અંતમાં હેદ્રાબાદમાં યોજાયેલ ''પ્રવાસી ભારતીય દિવસ કન્વેશન''ના દરમ્યાન કરવામાં આવ્યો હતો.

- ❑ પશ્ચિમ બંગાળમાં ઘણા હિજરતીઓ વર્ણવેલ ત્રણ દેશો અને છ ધર્મોથી આવેલા છે. જો તેઓ સિટીઝનશિપ એક્ટ–૧૯૫૫ના લાગુ થયા બાદ એટલે કે ૧૯૫૫ પછી અને ૩૧–૧૨–૨૦૧૪થી પહેલાં હિંદુસ્તાન આવેલા છે તેમને એ તારીખથી નાગરિકત્વ આપવામાં આવશે જે દિવસથી તેઓ આ દેશમાં આવેલા છે અને એનાથી તેમણે કોઈ પણ પ્રકારનો **Legal Consequence** વેઠવો નહીં પડે.
- ★ જો વર્ણવેલ લઘુમતી વતન ત્યજનારાઓના વિરૂધ્ધ હિંદુસ્તાનમાં ગૈર કાનૂની હિજરત કે દખલગીરી અથવા હિંદુસ્તાની નાગરિકત્વના બારામાં કોઈ કેસ ચાલી રહ્યો હોય તો એ મામલો આ એક્ટના આધારે આપોઆપ ખત્મ થઈ જશે. એ કેસના સંબંધે એ નાગરિકે કોઈપણ કાનૂની કાર્યવાહી (**Legal Consequence**)નો સામનો નહીં કરવો પડે.
- ❑ હિંદુસ્તાની કેટલીય જગાઓ પર એ ત્રણ દેશોના વર્ણવેલ છ ધર્મોના ગૈર કાનૂની હિજરતીઓ આવેલા છે અને તેમણે પોતાનો કારોબાર પણ શરૂ કરી દીધેલો છે. અત્યારે તેમની દુકાનો તથા તેમનો રોજગાર કાનૂનની દષ્ટિએ ગૈર કાનૂની છે, પણ આ કાયદો તેમની હિફાઝત કરે છે અને તેઓના એ સર્વ ગૈર કાનૂની કામોને કાયદેસરનાં કરી આપશે. એટલે કે આ કાયદો ન કેવળ તે ગૈર કાનૂની હિજરતીઓને દેશથી બેદખલ થવાથી બચાવી લેશે બલ્કે તેમની મિલ્કતોને પણ કાયદેસરની કરી આપશે અને એ ગૈર કાનૂની હિજરતીઓની શાદી વિવાહ, બાળ બચ્ચાં અને તેમની સર્વ ચીજોને બાકાયદા બનાવી દેશે.

Web :www.barkatekhwaja.net

## CAA ઉત્તર પૂર્વી રાજ્યોમાં કેમ લાગુ થશે નહીં ?

ડૉ. મુકર્જી સ્મૃર્તિન્યાસના પુસ્તક ''કમલ સંદેશ બનામે નાગરિક્તા સંશોધન અધિનિયમ–૨૦૧૯ એક પરિચય''ના પ્રમાણે આ એક્ટ ઉત્તર પૂર્વી રાજ્યોમાં લાગુ નહીં થાય, કેમ કે ઉત્તર પૂર્વી રાજ્યોના હક્કોને, તેમની ભાષાઓને, તેમની સંસ્કૃતિ તથા કલ્ચરને તથા તેમની સામાજિક ઓળખની રક્ષાના માટે આ એક્ટમાં કલમો મૌજૂદ છે :

- આ બિલ કબાઈલી (કબીલાવાળા) વિસ્તારોમાં લાગુ થશે નહીં.
- ઉત્તર પૂર્વી રાજ્યોને જે હક્કો આપવામાં આવેલા છે તે જ હક્કોને આગળ ધપાવતાં છઠ્ઠા શિડયુલના પ્રમાણે આસામ, મેઘાલય, મીઝોરમ, ત્રીપૂરા તથા મણીપુરમાં એ લાગુ થશે નહીં.
- એ જ પ્રમાણે **Bengal Eastern Frontier Regulation Act** ૧૯૭૩ના હેઠળ ઈનર લાઈન પરમિટ (**Inner Line Permit**)ના વિસ્તારો એટલે સંપૂર્ણ મીઝોરમ, અરૂણાચલ પ્રદેશ, અધિકતર નાગાલેન્ડ તથા મણીપુરમાં સિટીઝનશિપ એક્ટ ૨૦૧૯ લાગુ થશે નહીં.

## બંગાલ ઈસ્ટર્ન ફ્રન્ટાઈર રેગ્યુલેશન એક્ટ–૧૯૭૩

આ બંગાળની પૂર્વી સરહદોના વિસ્તારના અમુક જિલ્લાઓમાં શાંતિ સ્થાપ્ના તથા સત્તાના માટે બનાવવામાં આવેલ એક બંધારણ છે. આ બંધારણ હેઠળ તેના હેઠળ આવનારાં રાજ્યો, જિલ્લાઓ, વિસ્તારોને નીચે પ્રમાણેના હક્કો પ્રાપ્ત થાય છે :

(૧) સ્થાનિક સરહદ (૨) ઈનર પરમિટ લાઈનને તબદીલ કરવાની કે ફેરફાર કરવાની શક્તિ (૩) પાસ કે પરવાના વગર ઈનર પરમિટ લાઈન પાર કરવા પર સજા આપવાનો હક્ક (૪) પરવાના ફોર્મ કે પાસની રૂપરેખા કે શકલ તજવીઝ કરવાનો અધિકાર (૫) હુકમના ઉલ્લંઘનની સ્થિતિમાં મુજરિમની બનાવેલ ચીજોને જપ્ત કરવાનો અધિકાર (૬) ધરપકડ કરવાનો અધિકાર (૭) તે જિલ્લાઓના રહેવાસીઓના સિવાય કોઈ અન્ય વિસ્તારના નાગરિકના થકી જમીનમાં ફાયદાની પ્રાપ્તિ (૮) હાથીઓને મારવા કે પકડવા (૯) જુર્માના રૂપે અધિકારનું ક્ષેત્ર.

## ILP (ઈનર લાઈન પરમિટ) શું છે ?

ઈનર લાઈન પરમિટ એક સરકારી સફરી દસ્તાવેજ છે જે સંબંધિત રાજ્યના તરફથી લાગુ કરવામાં આવે છે જેથી કોઈ પણ હિંદુસ્તાની નાગરિકને એ રાજ્યના કોઈ અંદરના તથા મેહફૂઝ વિસ્તારમાં સફરની પરવાનગી ન હોય. એ રાજ્ય સિવાય અન્ય રાજ્યોના હિંદુસ્તાની નાગરિકોના માટે અનિવાર્ય છે કે એ રાજ્યના એ ભાગમાં પ્રવેશવા માટે પરમિટ હાંસલ કરે. આ દસ્તાવેજ ગવર્નમેન્ટની એક કોશિશ છે જે હિંદુસ્તાનની આંતર રાષ્ટ્રીય સરહદની નજીક આવેલા અમુક વિસ્તારોમાં આવજાને સુરક્ષિત તથા વ્યવસ્થિત બનાવે છે. એ ''બંગાલ ઈસ્ટર્ન ફ્રન્ટાઈર રેગ્યુલેશન એક્ટ–૧૯૭૩''ના હેઠળ લાગુ થયેલ છે અને એ બ્રિટિશ ગવર્નમેન્ટ થકી અમલમાં આવેલ છે. આ હકીકતના છતાં કે ILP અસલમાં અંગ્રેજોએ પોતાના વ્યાપારિક લાભોની રક્ષા માટે બનાવ્યો હતો, તેનો ઉપયોગ હિંદમાં હજી પણ ચાલુ છે.

કાયદેસર ધોરણે ઉત્તર પૂર્વ હિંદુસ્તાનમાં કબાઈલી સંસ્કૃતિઓની રક્ષાના માટે વિવિધ પ્રકારના ILP છે. જેમ કે એક સૈર કરનારાઓ માટે અને બીજો એવા લોકોના માટે જે લાંબા સમય સુધી નોકરીના હેતુથી રહેવાનો ઈરાદો ધરાવે છે. અરૂણાચલ પ્રદેશ, મીઝોરમ, નાગાલેન્ડ, મણીપુર તથા જમ્મુ કાશમીર ''લિયહ'' વિસ્તારમાં ILPનું હોવું અનિવાર્ય છે. જ્યારે કે જમ્મુ કાશમીરના અન્ય વિસ્તારોથી એને ખતમ કરી

www.barkatekhwaja.net

દેવામાં આવેલ છે. પાછલાં કેટલાક વરસોથી મેઘાલય, આંદામાન નિકોબાર પણ પોતાની સરહદોમાં બહારના લોકોને પ્રવેશને બાકાયદા બનાવવા માટે **ILP** પ્રતિપાદિત કરવાની માગણીઓ કરી રહેલ છે.

## CAAની વર્તમાન પરિસ્થિતિ

૪–૧૨–૨૦૧૯થી પૂરા દેશમાં CAA તથા NRCના હવાલાથી વિરોધ પ્રદર્શનનો તથા અહિંસક વિરોધ થઈ રહેલ છે. આ એક વર્ણથંભ્યો ક્રમ છે જેની શરૂઆત ૪–૧૨–૨૦૧૯ના રોજ આસામ, દિલ્હી, મેઘાલય, મણીપુર તથા ત્રીપુરાથી થઈ. હવે એ પ્રદર્શનો ધર્મ કે જાતિના ભેદભાવ વિના પૂરા દેશમાં ફેલાય ચૂક્યાં છે. વિરોધ પ્રદર્શન કરનારાઓના અંદેશાઓ વિવિધ પ્રકારના છે. જેમ કે :–

**૦૧.** આસામ તથા ઉત્તર પૂર્વી રાજયોના પ્રદર્શનકારીઓ ધર્મ તથા જાતિના ભેદભાવ વિના ગૈર કાનૂની હિજરતીઓ (ઘુસણખોરો)ને હિંદુસ્તાની નાગરિકત્વ આપવાની વિરૂધ્ધ પોતાનો અવાજ બુલંદ કરી રહ્યા છે કેમ કે તેમને ખતરો છે કે એનાથી એમના વિસ્તારની વસ્તીમાં ફેરફાર થવાનું નિશ્ચિત છે જેના પરિણામે તેમના રાજનૈતિક હક્કોનો ખાત્મો થશે, સંસ્કૃતિ, જમીન, રોજગારના મોકાઓ તથા રોજીમાં કમી ઉભી થશે. એનાથી આસામ કરાર Assam Accor ૧૯૮૫ની વિરૂધ્ધ વર્તન થશે. તેની સાથે બંગ્લાદેશથી અધિક દેશ પરિવર્તન માટેની ચળવળ ઉભી થશે. આ વિરોધનું પાયાનું કારણ આસામ NRC પણ છે, કેમ કે જે લોકો આસામ NRCના કારણે ગૈર કાનૂની સાબિત થઈ રહ્યા છે તેમને પણ ધર્મના આધાર પર નાગરિકત્વ આપી દેવામાં આવશે. આ રીતે પાછલા કેટલાય વરસોથી ચાલતી પ્રોસેસ તથા જિદ્દો જેહદ (કોશિશ)ની કોઈ હૈસિયત બાકી રહેશે નહીં.

**૦૨.** હિંદુસ્તાનના અન્ય ભાગોમાં પ્રદર્શનકારીઓને એ વાત પર શંકા છે કે નવો કાનૂન ખાસ ધર્મના લોકોને છૂટ આપે છે પણ અન્ય ધર્મના માનનારાઓને આ હક્કથી વંચિત રાખવામાં આવેલ છે. જો પાકિસ્તાન, અફઘાનિસ્તાન તથા બંગલાદેશથી ધાર્મિક શોષણના આધાર પર આવેલા **લોકોને નાગરિકત્વ આપવાનો હેતુ છે તો મઝહબના ભેદભાવ વિના દરેકને નાગરિકત્વ મળવુ જોઈતુ હતું, પણ એવું નથી.** એટલા માટે **આ કાનૂન હિંદુસ્તાની બંધારણના આર્ટિકલ ૧૪ની વિરૂધ્ધ વર્તે છે.**

**૦૩.** પ્રદર્શનકર્તાઓ તથા લીડરોને એ પણ શંકાકુશંકા છે કે હિંદુસ્તાનના મુસ્લિમ નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહેલ છે અથવા ભવિષ્યમાં બનાવવામાં આવશે અને તેમને બેવતન કરવામાં આવશે.

**૦૪.** અમુક જગાએ વિરોધનો સબબ પોલીસ તથા વ્યવસ્થા તંત્ર પર ગુસ્સો તથા આક્રોશ છે, કેમ કે પોલીસે યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ પર લાઠી ચાર્જ કર્યો, ગોળીઓ વરસાવી, અશ્રુગેસનો ઉપયોગ કર્યો. લાયબ્રેરીમાં ઘુસીને વિદ્યાર્થીઓની મારપીટ કરી જેમાં કોઈની આંખ, કોઈનો હાથ કે પગ કે કોઈના પ્રાણ જતા રહ્યા.

**૦૫.** આ કાયદા હેઠળ કેવળ તે હિંદુ, સિખ, જૈન, બુધ્ધ, ઈસાઈ તથા પારસી શરણાર્થીઓને નાગરિકત્વ આપવામાં આવશે જે ૩૧–૧૨–૨૦૧૪થી પહેલાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન તથા બંગ્લાદેશથી આવેલા છે **પરંતું તે દેશોથી મુસલમાનો તેમજ અન્ય ધર્મવાળાઓના જુલ્મપીડિત લોકોને વંચિત રાખવામાં આવ્યા છે. જો આર્ટિકલ–૧૪ના પ્રમાણે સૌની સાથે સમાન વર્તાવ કરવામાં**

Web : www.barkatekhwaja.net

**આવતો તો સર્વ લોકોને નાગરિકત્વ પણ આપવું જોઈતુ હતું.** પણ હકીકતમાં સ્થિતિ એનાથી વિપરિત છે કેમ કે શ્રીલંકાથી મ્યાનમારથી રોહિંગ્યા મુસ્લિમ તથા હિંદુ હિજરતીઓ તથા તિબેતથી આવનારા બુધ્ધ હિજરતીઓ વગેરે હજી પણ ગૈર કાનૂની તથા ગૈર મુલ્કી જ રહેશે.

અત્યાર સુધીમાં પાંચ રાજ્યો તથા યુનિયન ટેરીટરી (UT)એ એલાન કર્યું છે કે તેઓ આ એક્ટને પોતાની હદોમાં લાગુ નહીં કરે. પણ સવાલ એ ઉભો થાય છે કે સેન્ટ્રલ ગવર્નમેન્ટના કાનૂનને રાજ્યમાં લાગુ થવાથી કઈ રીતે રોકી શકાય છે ? તેનું લાગુ થવું તો ગમે તેમ પણ નિશ્ચિત છે, કેમ કે હિંદુસ્તાનનું તંત્ર પાર્લામેન્ટરી છે, પછી લોકોને ગુમરાહ કરવાના માટે આ પ્રકારના નિવેદનો શા માટે આપવમાં આવી રહ્યાં છે ?! શું એ રાજ્યોના પંત પ્રધાનો પોતાનાં એ નિવેદનોને રાજ્યની હુકૂમતોથી મંઝૂર થયેલ દસ્તાવેજોમાં લેખિત સ્વરૂપમાં આપી શકે છે ? જો નહીં ! તો પછી જૂઠો દિલાસો શા માટે આપવામાં આવી રહ્યો છે ?!

## ગવર્નમેન્ટની દ્વિમુખી પોલીસી

અત્યાર સુધીમાં વર્તમાન ગવર્નમેન્ટના સર્વ રાજનૈતિક લીડરો ભાગલા પાડવાના હેતુથી કેવળ વર્ણવેલ છ ધર્મોના લોકોનું નામ લઈને નિવેદનો આપી રહ્યા હતા. સંસદમાં પણ ગૃહમંત્રી થકી વારંવાર કેવળ હિંદુ, જૈન, બુધ્ધ, સિખ, પારસી તથા ઈસાઈ ધર્મવાળાઓનું નામ લેવામાં આવ્યું હતું. પણ બિલની મંજૂરી બાદથી હિંદુસ્તાનની પરિસ્થિતિ વણસેલી છે એટલા માટે એમના નિવેદનોના સૂર તથા તાલ તબદીલ થઈ ચૂક્યા છે. હવે તેઓ પોતાના નિવેદનોમાં "મુસલમાન ભાઈ"નો ઉમેરો કરીને માહોલને ઠંડો કરવાની સતત કોશિશ કરી રહ્યા છે ! સવાલ એ ખડો થાય છે કે અત્યારે આ રાજનૈતિક લીડરોની પાર્ટી બહુમતી સાથે સત્તામાં છે. નિવેદનો આપવું પણ તેમના હાથમાં છે અને ગવર્નમેન્ટ નોટીફિકેશન, જીઆર, સરક્યુલર, રિઝવેલ્યુશન ઈશ્યુ કરવું પણ તેમના અધિકારમાં છે, તો પછી તેઓ ઝબાની જમા ખર્ચ (જીભ થકી) શા માટે કામ લઈ રહ્યા છે ? **જો એ લીડરો સર્વ ધર્મોના હક્કમાં એટલા બધા નિખાલસ છે જેવું કે નિવેદનોથી જાહેર કરી રહ્યા છે તો પછી લેખિત સ્વરૂપે હુકમનામુ પ્રસિધ્ધ કરીને પબ્લિકને સંતુષ્ઠ કેમ નથી કરી રહ્યા ?! કેમ, કેવળ છેતરપિંડી કરી લાબાં નિવેદનો તથા ધોકાબાજીથી કામ લઈ રહ્યા છે ?! તે પણ એવા નાઝુક સમયમાં જ્યારે ખુદ વડાપ્રધાનના બયાનો તથા ઈન્ટરવ્યુમાં વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન તથા ગૃહપ્રધાનની વાણી તથા વર્તનમાં સમાનતા જોવા નથી મળતી. આવામાં ફિતરી ચીજ છે કે કોઈ પણ ઝબાની બયાન પર ભરોસો કરશે નહીં.** હવે તો સંસદની હૈસિયત પણ મજરૂહ થઈ ગઈ છે, કેમ કે ત્યાં પણ જૂઠ, દયા તથા ધોકાનુ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. પ્રજાએ જોઈએ કે આવી રાજકીય પાર્ટીઓના અસલી ચહેરાને ઓળખે, પોતાની આસ્તીનોમાં ઉછેર પામનારા અજગરોથી પૂરી કૌમની હિફાઝત કરે તથા મીર જાફર તથા મીર સાદિક જેવા રહનુમાઓ પર રજમાત્ર વિશ્વાસ ન મૂકે.

## હવે હિંદુસ્તાનીઓએ શું કરવું જોઈએ ?

સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૧૯ના વિશે દરેક તજવીઝો રજૂ કરી રહેલ છે એવામાં લોકોમાં દિમાગી કશ્મકશ તથા ઉલઝનો વધી રહી છે. આ બાબતે અમુક તજવીઝો તથા મશ્વરા લખી રહ્યો છું જેથી ઠોસ હલની તરફ કૌમનું માર્ગદર્શન થઈ શકે.

**૦૧.** આસામને નમૂના રૂપે તથા પાછલી વસ્તી ગણત્રીના કાગળોને સામે રાખતાં પોતાના દસ્તાવેજોને એકત્ર કરે અને જો એમાં કોઈ પણ

પ્રકારની ભૂલો હોય તો તેમને સત્વરે દુરુસ્ત કરે.

**૦૨.** સંસદમાં પોતાનો અવાજ પહોંચાડવાના હેતુથી ધર્મ તથા જાતિના ભેદભાવ વિના સૌ મળીને એક અવાજે અહિંસક રીતે વિરોધ પ્રદર્શિત કરે.

**૦૩.** પોતાના વિસ્તારના કોર્પોરેટર, એમ.એલ.એ., તથા એમ.પી.ની સાથે સલાહ મશ્વરાની મીટિંગો ગોઠવે અને એ લોકોની સાથે મળીને રાજ્ય ગવર્નમેન્ટ પર પ્રેશર બનાવે અને તેમને આ એક્ટની રોકથામ માટે તૈયાર થવાના માટે રાજી કરે.

**૦૪.** રાષ્ટ્રીય, રાજ્યકક્ષાની, જિલ્લા કક્ષાની, શહેરી સંસ્થાઓ તથા તન્ઝીમોએ જોઈએ કે તેઓ આ એક્ટની વિરૂધ્ધ સુપ્રિમ કોર્ટમાં પીટીશન દાખલ કરે અને પોતાના હક્કના માટે કાનૂની કાર્યવાહી કરે.

**૦૫.** વર્ણવેલ તજવીઝો પર અમલ કરીને ધીરજ તથા સંયમથી કામ લે. જે ચીજ અત્યારે આપણા હાથમાં છે જ નથી તેના પર વાત કરવા, અક્કલના ઘોડા દોડાવવા તથા નકારાત્મક વાતો ફેલાવવાથી કૌમમાં અધિક ખૌફ તથા ચિંતા પેદા થશે. એટલા માટે દરેક ખાસ તથા આમને ગુઝારિશ છે કે જે બાબતે જ્ઞાન નથી એ બાબતે ઝબાન ખોલવા કે લખવાથી પહેલાં જાણકારોથી વાત કરી લે જેથી અફવાઓનું બજાર ગરમ ન થાય.

**૦૬.** મોટાભાગના રાજકારણી પક્ષો આવા ઈશ્યૂઝને હલ કરવાને બદલે તેને ઈલેકશનને લગતો મુદ્દો બનાવવાની કોશિશ કરતા રહે છે. જેમ કે નકારાત્મક નિવેદનો કરવાં, વિરોધ પ્રદર્શનમાં રેલીઓ કાઢવી અને મેમોરેન્ડમ આપવું (વગેરે) વર્ણવેલ કામોથી તે રાજકીય પક્ષોની વોટબેંક તો વધી જાય છે પણ મૂળ સમસ્યાનો હલ નથી નીકળી શકતો. બાદમાં એ જ રાજકીય પક્ષો કેવળ પોતાની ખુરશી બચાવવા માટે નફરત ફેલાવનારાઓ સાથે સાંઠગાંઠ કરીને તેમને મજબૂતી પહોંચાડવાની પ્રવૃત્તિઓ કરે છે. **જો રાજકીય પાર્ટીઓ લોકસભા તથા રાજ્યસભામાંથી વોક આઉટ કરીને છુપી રીતે સમર્થન કરવાને બદલે વિરોધમાં વોટ આપત તો આ બિલ પાસ જ થઈ શકતુ ન હતું !** જેથી અત્યારે જરૂરી બની જાય છે કે ઉશ્કેરણીજનક નિવેદનોના શિકાર ન બનશો, કોઈના ઉપર પર આંખો મીંચીને ભરોસો ન કરશો અને આપસની એકતાને સાચવી રાખશો.

**૦૭.** જે સેક્યુલર પાર્ટીઓનો આજ સુધી આપણે સાથ આપ્યો છે તેમને એ વાત માટે રાજી કરો કે તે આ એક્ટના ખાત્માના માટે કાનૂની તથા ટેકનિકલી કોશિશો કરે.

**૦૮.** રાજ્યની ગવર્નમેન્ટો સાથે પ્રતિનિધિમંડળના રૂપમાં સતત મુલાકાતોનો ક્રમ ચાલુ રાખે.

**૦૯.** ધાર્મિક નેતાઓએ પણ જોઈએ કે તેઓ કેવળ અમુક અમલો તથા રસમોની તાલીમ આપવાના બદલે ઈસ્લામના વૈશ્વિક પયગામને આમ કરે, તાલીમી તથા રાજનૈતિક વિસાતને મજબૂત કરે અને વર્તમાન સંજોગોને અનુલક્ષીને કૌમનું માર્ગદર્શન કરે.

**૧૦.** કમસે કમ હવે મુસલમાનોની શાન ઠેકાણે આવી જવી જોઈએ, હોશમાં આવવું જોઈએ. રાજનૈતિક, શૈક્ષણિક તથા આર્થિક મેદાનમાં પોતાનો પગ જમાવવો પડશે. ઘણી જ હિકમત તથા શાણપણની સાથે ભવિષ્ય માટે કાર્યવાહીનું માળખુ પણ તૈયાર કરવું પડશે.

**૧૧.** જે મુસ્લિમો કેવળ પોતાના અંગત લાભ ખાતર નફરત ફેલાવનારી પાર્ટીઓના હાથા બનીને મુસ્લિમ વોટોના વિભાજનનો સબબ બની રહ્યા છે, તેમણે પોતાના આ ધૃણાસ્પદ અમલથી તૌબા કરવી પડશે. સામૂહિક રીતે કૌમની હેસિયતથી એકમતી તથા એકતાનું પ્રદર્શન કરવું પડશે.

*(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી, ફેબ્રુઆરી–૨૦૨૦)*

Web: www.barkatekhwaja.net

શાદી મુબારક

❑ **દયાદરા** : ખાતે જનાબ અબ્દુર્રહમાન વલી લહેરીની નેક દુખ્તર મહેશરના નિકાહ સૂરત નિવાસી હાજી ઐયૂબ વલી પટેલના નેક ફરઝંદ શાકિર સાથે તા. ૪–૧૧–૨૦૧૯ સોમવાર હિ.સ. ૬ રબીઉલ અવ્વલ શરીફ હિ. ૧૪૪૧ના રોજ મુખ્તારુલ મસાજિદ દયાદરામાં રાખવામાં આવ્યા. આ મુબારક પ્રસંગ નિમિત્તે ૧–૧૧–૨૦૧૯ જુમ્આના રોજ ઈશા બાદ મોટા ચકલામાં ''મેહફિલે નઅત''નો પ્રોગ્રામ રાખેલો જેમાં હિંદના મશહૂર નઅતખ્વાં જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્કૃબતના ગુલદસ્તા પેશ કર્યા હતા.

❑ **દયાદરા** : ખાતે જનાબ ફારૂક મુહમ્મદ ભાની નેક દુખ્તર ફાતિમાના નિકાહ ટંકારીઆ નિવાસી ડેલાવાલા મુશ્તાક ઈસા ડેલાવાળાના નેક ફરઝંદ મુહમ્મદઝફર સાથે ૧૨–૧–૨૦૨૦ રવિવાર મુ. તા. ૧૬ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૧ના રોજ થયા. સલાતો સલામ સાથે હોલથી દયાદરા મુખ્તારુલ મસાજિદ–નૂરાની મસ્જિદ પહોંચીને કારી મકસૂદ સાહબ થકી કિરાઅત, નઅતની મેહફિલ થઈ પછી નિકાહ વિધિ થઈ. સલાતો સલાબ બાદ દુઆ થઈ હતી. આ શાદી નિમિત્તે તા. ૯–૧–૨૦૨૦ જુમેરાતે ઈશા બાદ પટેલ સ્ટ્રીટમાં મેહફિલે નઅત તથા બયાનનો પ્રોગ્રામ થયો જેમાં જનાબ કારી મકસૂદ કાવીવાળા (પેશઈમામ) તથા હાફેઝ ઝયનુલ આબિદીન વો. સમનીવાળાએ નઅતો, મન્કૃબત, સેહરો પઢી મેહફિલમાં રોનક લાવી દીધી હતી. તથા હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ તર્બિયતે ઔલાદ તથા પતિ પત્નીના હક્કો સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. છેવટમાં સલાતો સલામ બાદ દુઆ ગુજારવામાં આવી.

❑ **નબીપુર** : ખાતે જનાબ મુશ્તાક આદમ મૂસા કડુજી (તંત્રી : બરકાતે ખ્વાજાના મામા)ની નેક દુખ્તર મેહઝબીનના નિકાહ કોઠી (વાંતરસા) નિવાસી ઉસ્માન દાઊદ પારખેતીયાના નેક ફરઝંદ રિઝવાન સાથે તા. ૨૮–૧૨–૨૦૧૯ શનિવાર મુ. ચાંદ ૧–જમા. અવ્વલ હિ. ૧૪૪૧ના રોજ જામા મસ્જિદ નબીપુર ખાતે ઝહોર બાદ રાખવામાં આવ્યા.

❑ **નબીપુર** : ખાતે ઈસ્માઈલ ઈબ્રાહીમ બરેની દુખ્તરે નેક અખ્તર ''હબીબા''ના નિકાહ મદ્રસા હોલ ખાતે તા. ૧૯–૧–૨૦૨૦ રવિવાર મુ. ચાંદ ૨૩ જમા. અવ્વલ હિ. ૧૪૪૧ના રોજ ૧૦ વાગ્યે સવારે વોરાસમની નિવાસી યુનુસ અહમદ મોદનના નેક ફરઝંદ સાહિલ સાથે રાખવામાં આવ્યા.

*દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❑ **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે *આદમભાઈ અહમદ કાપડીયા*નો તા. ૧૯–૧૨–૨૦૧૯, મુ ચાંદ ૨૧ રબિઉલ આખર, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે. તથા *અહમદ ઈસ્માઈલ કીડીવાલા*નો તા. ૨૪–૧૨–૨૦૧૯, મુ ચાંદ ૨૬ રબિઉલ આખર, હિ.સ. ૧૪૪૧ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે. તથા *ઝુલેખાં અહમદ કીડીવાલા*નો તા. ૧૪–૧–૨૦૨૦, મુ ચાંદ ૧૮ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૧ મંગળ વારના રોજ ઈન્તેકાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

www.barkatekhwaja.net

## જશ્ને ઈદે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم

**નરસંડા (નડિયાદ)** : ખાતે તા. ૨૫–૧૨–૨૦૧૯ના રોજ દર સાલની જેમ આ સાલે જશ્ને ઈદે મીલાદુન્નબી આમદે રસૂલ صلی اللہ علیہ وسلم મનાવવામાં આવ્યું હતું. આ મોક઼ા પર ઈસાલે સવાબમાં કુર્આને પાક ૧,૩૫,૦૦૦ (એક લાખ પાંત્રીસ હજાર), દુરૂદ શરીફ ૧૨,૦૦,૦૦,૦૦૦ (બાર કરોડ), કલમા શરીફ ૭,૦૦,૦૦,૦૦૦ તથા અન્ય વિર્દ વઝાઈફ લાખોની સંખ્યામાં એકત્રિત કરી ઉમ્મતે મુસ્લેમાને બક્ષવામાં આવ્યા હતા. પ્રોગ્રામની સરપરસ્તી મુફતીએ ગુજરાત પીરે તરીક઼ત હઝરત અલ્લામા અલ્હાજ પીર સૈયદ ક઼મરૂદ્દીન બાવા દરિયાઈ અશરફી ક઼ાદરી બાવા કારંટવી હતા. ઝેરે સદારત પીર સૈયદ અલ્હાજ મોહમ્મદ મદનીબાવા દરિયાઈ ક઼ાદરી રિફાઈ સાહબ હતા. મુખ્ય વાયેઝીનમાં જનાબ અલ્હાજ મુફતી અશરફ રઝા ક઼ાદરી રફાઈ તથા પીર સૈયદ અમીનુલ ક઼ાદરી બાવા ( ઉમરેઠ)એ બયાન કયાં હતાં. નિઝામત જનાબ મહેમૂદખાન (વસો) અને જનાબ હબીબુલ્લાહ હાફિઝ સાહબે અદા નિભાવેલ. ઉપરાંત સૈયદ સમદાનીમિયાં–કિછૌછાશરીફ, મુફતી અસ્ગરઅલી, સૈયદ અબ્દુલક઼ાદિર બાવા–નાપા, સૈયદ નાગાણી બાવા, ઈસાણી સાહબ (સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ), હબીબ તરકવાડિયા–જસદણ વગેરે હાજર રહ્યા.

રાત્રે જનાબ હઝરત શહેઝાદાએ ગાઝીએ મિલ્લત તાજુલ ઉલમા સૈયદ નૂરાનીમિયાં અશરફી કિછોછવી સાહબે શાનદાર ખિતાબ કર્યો હતો. કુર્આને પાક અન્ય વિર્દ વઝાઈફ પઢનારાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સલામ દુઆ બાદ નરસંડાની તમામ કમિટીઓ અને જનાબ અબ્દુલ ક઼ૈયૂમ દરિયાઈ અશરફી માટે ખાસ દુઆ સર્વ તરફથી કરવામાં આવી હતી. જલ્સો ઘણો જ કામિયાબ રહ્યો હતો. *–મેહબૂબ એસ. ખાન, નરસંડા*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ–૨૦૨૦



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૨૦નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુા. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.